અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ જુલાઈ ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ વદ ૭ | અંક : ૩૫૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વડાપ્રધાન મોદીએ કારગીલ વિજય દિવસના પ્રસંગે વોર મેમોરિયલ પહોંચીને પાકિસ્તાનની વિરુદ્ધના જંગમાં શહીદ થનાર જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી

## આતંકવાદને સંપૂર્ણ તાકાતથી કચડી નાખીશું : વડાપ્રધાન મોદી



। (એજન્સી) લદ્દાખ, તા.૨૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના દ્રાસમાં પહોંચી ગયા છે. અહીં તેમણે કારગીલ વિજય દિવસના પ્રસંગે વોર મેમોરિયલ પહોંચીને પાકિસ્તાનની વિરુદ્ધના જંગમાં શહીદ થનાર જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. પીએમ મોદીએ કારગીલથી પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું કે તેના નાપાક ઈરાદા ક્યારેય સફળ થશે નહીં. ૧૯૯૯ના યુદ્ધમાં પાકિસ્તાન પર ભારતની જીતની યાદમાં આજે સમગ્ર દેશમાં કારગિલ વિજય દિવસ મનાવવામાં આવી રહ્યો છે.

પીએમ મોદીએ લદ્દાખમાં શિંકુન લા સુરંગ પરિયોજનાની પણ પ્રથમ બ્લાસ્ટની સાથે શરૂઆત કરી હતી. વડાપ્રધાન કાર્યાલયના જણાવ્યા અનુસાર આ પરિયોજના લેહને તમામ મોસમમાં સપર્ક પ્રદાન કરશે અને આ યોજના પૂર્ણ થવા પર વિશ્વની સૌથી ઉંચી સુરંગ હશે. છેલ્લા થોડા વર્ષમાં સરકાર લદ્દાખમાં ખૂબ જ વધુ ફોકસ કરી રહી છે. અહીં ઘણા મુખ્ય રસ્તાઓનું રિપેરિંગ કરાવવામાં આવ્યું છે અને નવા રસ્તાઓ અને પુલો બનાવવામાં આવ્યા છે.

કારગિલમાં શહીદોને શ્રદ્ધાંજલિ આપ્યા પછી લોકોને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે કારગિલ વિજય દિવસ આપણને જણાવે છે કે રાષ્ટ્ર માટે આપવામાં આવેલા બલિદાન અમર થઈ જાય છે. દિવસો, મહીનાઓ, દશકાઓ અને સદીઓ પસાર થઈ જાય છે પરંતુ રાષ્ટ્રની રક્ષા માટે પોતાના જીવની બાજી લગાવનારાઓનું નામ અમર થઈ જાય છે. કારગિલમાં આપણે માત્ર યુદ્ધ જ જીત્યું નહોતું આપણે સત્ય, સંયમ અને સામર્થ્યનો અદભૂત પરિચય આપ્યો હતો.

પીએમ મોદીએ કહ્યું કે હું નસીબદાર છું કે કારગિલ યુદ્ધના સમયે એક સામાન્ય નાગરિકની જેમ હું આપણા સૈનિકોની વચ્ચે હતો. આજે જ્યારે હું ફરી કારગિલની ધરતી પર છું તો સ્વાભાવિક છે કે તે સ્મૃતિઓ મારા મનમાં તાજી થઈ જાય છે. મને યાદ છે કે કઈ રીતે આપણી સેનાઓએ આટલી ઉંચાઈ પર આટલા કઠિન યુદ્ધ ઓપરેશનને પાર પાડ્યું હતું. હું તે શહીદોને નમન કરું છું, જેમણે કારગિલમાં માતૃભૂમિની રક્ષા માટે પોતાનું સર્વોચ્ચ બલિદાન આપ્યું છે.

પાકિસ્તાન પર શાબ્દિક હુમલો કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે કારગિલમાં અમે માત્ર યુદ્ધ જ જીત્યું નહોતું. અમે સત્ય, સંયમ અને સામર્થ્યનો અદભુત પરિચય આપ્યો હતો. તમે જાણો છો કે ભારત તે સમયે શાંતિ માટે પ્રયત્ન કરી રહ્યું હતું. જોકે પાકિસ્તાને ફરી એક વખત પોતાનો અવિશ્વાસી ચેહેરો બતાવ્યો પરંતુ સત્યની સામે અસત્ય અને આતંકની હાર થઈ હતી.

### કારગીલ વિજય દિવસની ઉજવણી

## વડાપ્રધાન મોદીએ કારગિલ યુદ્ધના વીરોને આપી શ્રદ્ધાંજલિ

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શિંકુન લા ટનલ પ્રોજેક્ટનું પ્રથમ વિસ્ફોટ કરીને વર્ચ્યુઅલ રીતે કામ શરૂ કર્યું હતું

કારગિલ વિજય દિવસ દર વર્ષે ૨૬ જુલાઈએ દેશમાં ઉજવવામાં આવે છે. આ દિવસ તે શહીદોને યાદ કરવા માટે ઉજવવામાં આવે છે, જેમણે ૧૯૯૯ ના કારગિલ યુદ્ધમાં પાકિસ્તાનને હરાવીને શહીદી પ્રાપ્ત કરી હતી. દેશ આ દિવસે તેમની શહાદતને સલામ કરે છે. આ ઉપરાંત આ દિવસ ૧૯૯૯ના કારગિલ યુદ્ધમાં પાકિસ્તાન પર દેશની જીતની ઉજવણી પણ કરે છે અને ઓપરેશન વિજયની સફળતાનું પ્રતીક છે. ઓપરેશન વિજયમાં, ભારતીય સશસ્ત્ર દળોએ જમ્મુ અને કાશ્મીરના કારગિલ જિલ્લાના તે વિસ્તારોને ફરીથી કબજે કર્યા જ્યાં પાકિસ્તાની સૈનિકો અને આતંકવાદીઓ ઘૂસણખોરી કરી ચૂક્યા હતા. આ વર્ષે કારગિલ વિજય દિવસ શુક્રવારે (૨૬ જુલાઈ) ઉજવવામાં આવી રહ્યો છે. કારગિલ યુદ્ધમાં ભારતની જીતની આ ૨૫મી વર્ષગાંઠ છે. કારગિલ વિજય દિવસના અવસર પર દેશમાં ઘણી જગ્યાએ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, જ્યાં લોકો વીરોને યાદ કરે છે. ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ અનિલ ચૌહાણે ગુરુવારે (૨૫ જુલાઈ)



કારગિલ વિજય દિવસની ૨૫મી વર્ષગાંઠની પૂર્વસંધ્યાએ કહ્યું કે ૧૯૯૯ના યુદ્ધમાં સૈનિકોએ આપેલું બલિદાન વ્યર્થ નહીં જાય. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સેનાની ત્રણેય પાંખો મોટા સુધારાની આરે છે. સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફે કારગિલ યુદ્ધના ૨૫ વર્ષ પૂરા થવા પર સશસ્ત્ર દળોના તમામ જવાનોને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૬ જુલાઈએ લદ્દાખમાં ૧૯૯૯ના કારગિલ યુદ્ધમાં પાકિસ્તાન પર ભારતની જીતની ૨૫મી વર્ષગાંઠ પર આયોજિત સમારંભમાં ભાગ લીધો હતો. તેઓ દ્રાસમાં કારગિલ યુદ્ધ સ્મારક પહોંચ્યા અને બહાદુર શહીદોને શ્રદ્ધાંજલિ આપી.

## પ્રિયંકા ગાંધીએ રાહુલના નવા નિવાસસ્થાનની મુલાકાત લીધી

। નવી દિલ્હી, તા.૨૬ ।

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીનું સત્તાવાર નિવાસસ્થાન બદલવા જઈ રહ્યું છે. એવું કહેવામાં આવ્યું છે કે નવી દિલ્હીના સુનહરી બાગ રોડ પર સ્થિત બાંગલા નંબર ૫ કોંગ્રેસ સાંસદનું નવું સત્તાવાર નિવાસસ્થાન હશે. અત્યાર સુધી વિપક્ષના નેતા તેમની માતા સોનિયા ગાંધીના નિવાસ સ્થાન ૧૦ જનપથ લેનમાં રહેતા હતા. એવી ચર્ચા પહેલાથી જ થઈ રહી હતી કે રાહુલ ગાંધી નવા નિવાસ સ્થાને જવાના છે. જ્યારે રાહુલ ગાંધીની બહેન પ્રિયંકા ગાંધી વાડ્રાએ સુનેહરી બાગમાં બંગલા નંબર ૫ ઇંચની મુલાકાત લીધી ત્યારે આ ચર્ચાઓએ જોર પકડ્યું. સંસદ સાથે જોડાયેલા સૂત્રોનું કહેવું છે કે સંસદની હાઉસિંગ કમિટીએ રાહુલ ગાંધીને નવા બંગલાની ઓફર કરી છે અને હવે તેમના જવાબની રાહ જોવાઈ રહી છે. જ્યારથી રાહુલ ગાંધી સાંસદ બન્યા છે ત્યારથી તેમનું નિવાસસ્થાન ૧૨, તુગલક લેન હતું. જોકે, ગયા વર્ષે માનહાનિના કેસમાં તેમનું નામ સામે આવતાં તેમણે પોતાનું નિવાસસ્થાન ખાલી કરી દીધું હતું. ત્યારથી રાહુલ ગાંધી તેમની માતા સોનિયા ગાંધી સાથે ૧૦ જનપથ લેનમાં રહે છે. લોકસભામાંથી તેમની ગેરલાયકાત રદ થયા પછી પણ કોંગ્રેસના નેતા હજુ પણ ૧૦ જનપથ પર રહે છે. હવે લોકસભાની હાઉસિંગ કમિટીએ રાહુલ ગાંધીને સુનેહરી રોડ પર સ્થિત

### ‘લોકશાહીના રક્ષણ માટે મેં મહત્વનો નિર્ણય લીધો’: યુએસ પ્રમુખ

## દેશને એક રાખવાની જવાબદારી નવી પેઢીને સોંપું છું : બાઇડેન

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬ ।

દેશની એકતા માટેની જવાબદારી નવી પેઢીને સોંપી રહ્યો છું તેમ કહીને અમેરિકન પ્રેસિડેન્ટ જો બાઈડેને ઉમેર્યું છે કે, ૨૦૨૪માં પ્રેસિડેન્ટ પદની ચૂંટણીમાંથી ખસી જવાના અને કમલા હેરિસને ડેમોક્રેટિક પાર્ટીના પ્રેસિડેન્ટપદના ઉમેદવાર બનાવવાના નિર્ણયને ટાંકીને આવી ટિપ્પણી કરી હતી. બાઈડેને ત્રણ દિવસ પહેલાં પ્રેસિડેન્ટપદની દોડમાં ખસી જવાની જાહેરાત કર્યા પછી પહેલી વખત અમેરિકાના લોકો સાથે સીધો સંવાદ કર્યો હતો.

ભાવુક બાઈડેને બુધવારે સંબોધનમાં જણાવ્યું હતું કે, ‘‘મેં નવી પેઢીને જવાબદારી સોંપવાનો ઉત્તમ વિકલ્પ પસંદ કર્યો છે. આપણા દેશને એક રાખવા માટેનો આ સૌથી



સારો માર્ગ છે. જાહેર જીવનમાં લાંબો સમય પસાર કર્યા પછી નવા અને યુવા અવાજને તક આપવાનો સમય હોય અને સ્થળ હોય છે. અત્યારે એ સમય આવી ગયો છે.’’ ૮૧ વર્ષના બાઈડેને કહ્યું હતું કે, ‘‘હું પ્રેસિડેન્ટ ઓફિસનું ખૂબ સન્માન કરું છું, પણ તેનાથી વધુ મને દેશ પ્રિય છે. પ્રેસિડેન્ટ તરીકે દેશની સેવા કરવું મારા માટે સન્માનની વાત છે, પણ લોકશાહીના રક્ષણ માટે મારો નિર્ણય વધુ મહત્વનો છે. હું માનું છું કે, પ્રેસિડેન્ટ તરીકે મારો રેકોર્ડ, વિશ્વમાં મારું નેતૃત્વ, અમેરિકાના ભવિષ્ય માટે મારું વિઝન સહિતની તમામ બાબતોને જોતાં હું બીજા કાર્યકાળને પાત્ર છું.

જોકે, આપણી લોકશાહીને બચાવવાના રસ્તામાં કશું પણ આવી શકે નહીં, વ્યક્તિગત મહત્વાકાંક્ષા પણ નહીં. એટલે મેં નવી પેઢીને જવાબદારી સોંપવાનો ઉત્તમ વિકલ્પ પસંદ કર્યો છે.’’ બાઈડેને કમલા હેરિસ અંગે જણાવ્યું હતું કે, ‘‘તે અનુભવી, દ્રઢનિશ્ચયી અને ક્ષમતાવાન છે. મારા તેમની સાથેના સાડા ત્રણ વર્ષના કાર્યકાળ (વાઈસ પ્રેસિડેન્ટ તરીકે)માં તે ‘ઉત્કૃષ્ટ સાથી’ રહ્યા છે. મેં મારી પસંદગી તમને જણાવી છે.

### અગ્નિવીરો માટે કેન્દ્ર સરકારની વધુ એક જાહેરાત

## અગ્નિવીરોને ITBPમાં પણ મળશે અનામતનો લાભ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

નિવૃત્ત અગ્નિવીરોના ભવિષ્ય માટે કેન્દ્ર સરકારે એક પછી એક જાહેરાતો કરવાની શરૂઆત કરી દીધી છે. હવે આઈટીબીપીમાં ભરતી દરમિયાન નિવૃત્ત અગ્નિવીરોને છૂટ અપાશે. આ એલાન આજે ગૃહ મંત્રાલય તરફથી કરવામાં આવ્યું હતું. અગાઉ ગૃહ મંત્રાલયે જાણકારી આપી હતી કે પૂર્વ અગ્નિવીરોને BSF, CISF, CRPF, SSB અનu RPF ની નોકરીમાં ૧૦ ટકા અનામત આપવામાં આવશે. સાથે જ તેમની વયજૂથમાં પણ છૂટ અપાશે. ગૃહ મંત્રાલયના એક ટ્વિટમાં ITBP ના ડીજી રાહુલ રસગોત્રાએ કહ્યું કે ભૂતપૂર્વ અગ્નિવીરોને ITBP માં ભરતી કરવાની સંપૂર્ણ તૈયારી કરી લેવામાં આવી છે. અગ્નિવીરો તરીકે દળને વેલ ટ્રેઈન્ડ જવાનો મળશે. જે સૈન્ય માટે ઉપયોગી સાબિત થશે. આ જ કારણે આઈટીબીપીમાં ભરતી



દરમિયાન અગ્નિવીરોને વય અને શારીરિક કસોટીની પરીક્ષામાં છૂટ અપાશે. ગૃહ મંત્રાલયે તેના ટ્વિટમાં લખ્યું છે કે પીએમ મોદી તથા ગૃહ મંત્રીના માર્ગદર્શન માટે લેવાયેલા ઐતિહાસિક નિર્ણય હેઠળ આઈટીબીપીના પૂર્વ અગ્નિવીરોને દળમાં સામેલ કરવા માટે તૈયાર છે. ડીજીએ કહ્યું કે પૂર્વ અગ્નિવીરોને વયજૂથમાં રાહત આપીશું.

### વડાપ્રધાને ૬૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો : કંગના

## કંગના રનૌતનું સંસદમાં પ્રથમ ભાષણ, વડાપ્રધાનના કર્યા વખાણ

### અર્થવ્યવસ્થા પાંચમા ક્રમાંકે આવી ગઈ અને ખૂબ ઝડપથી ત્રીજા ક્રમાંક તરફ જઈ રહી છે : કંગના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

હિમાચલ પ્રદેશની મંડી બેઠક પરના સાંસદ કંગના રનૌતે આજે (૨૬ જુલાઈ) સંસદમાં પ્રથમવાર ભાષણ આપ્યું છે. તેમણે સંસદમાં બજેટ-૨૦૨૪ પર ચર્ચા દરમિયાન પોતાની વાત રજુ કરી છે. આ પહેલા કંગનાએ ગુરુવારે સંસદમાં પ્રશ્નકાળ દરમિયાન પ્રશ્નો પૂછ્યા હતા. કંગના રનૌતે કહ્યું કે, ‘આ જગ્યા માટે માટે તદન નવી છે. હું એક નવી સાંસદ છું. મને આભાસ છે કે, ૧૮મી લોકસભા સામાન્ય લોકસભા નથી. આ લોકસભાની ચૂંટણીમાં આપણા ટોચના નેતા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી છે, જેમણે સતત ત્રીજી વખત વડાપ્રધાન બનીને છેલ્લા ૬૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે.’ તેમણે કહ્યું કે, ‘અમે બધા વડાપ્રધાન મોદીને અભિનંદન આપીએ છીએ. સાથે જ ભારતીય જનતા પાર્ટીના તમામ લોકો પણ અભિનંદનને પાત્ર છે, જેમને આ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. આપણી ભારતની જનતા પણ અભિનંદનને



પાત્ર છે, જેમણે સરળ, સહજ અને સફળ સરકારને પસંદગી કરી છે.’ આ દરમિયાન તેમણે અર્થવ્યવસ્થા મુદ્દે કોંગ્રેસ સરકાર પર પણ નિશાન સાધ્યું હતું. કંગનાએ કહ્યું કે, ‘આપણે બધા જાણીએ છીએ કે, આજથી ૧૦ વર્ષ પહેલા આપણી અર્થવ્યવસ્થાની સ્થિતિ કેવી હતી. આજથી ૧૦ વર્ષ પહેલા આપણી ખાડે ગયેલી અર્થવ્યવસ્થા ૧૧ અથવા ૧૨માં ક્રમાંકે હતી, જેના કારણે આખો દેશ ચિંતિત હતો.

## ઉત્તર પ્રદેશમાં મુખ્યમંત્રી બદલવાની ચર્ચા ખોટી છે

। (એજન્સી) લખનૌ, તા.૨૬ ।

છેલ્લા ઘણા દિવસોથી ભાજપનું યુપી યુનિટ દેશભરમાં ચર્ચામાં છે. આવી સ્થિતિમાં પાર્ટીની આંતરિક રાજનીતિમાં ખળભળાટ વચ્ચે યુપી ભાજપના ચીફ ભૂપેન્દ્ર ચૌધરીનું નિવેદન આવ્યું છે. તેમણે કહ્યું કે ભારતીય જનતા પાર્ટી એક લોકતાંત્રિક પાર્ટી છે, દરેકને લોકતાંત્રિક રીતે પોતાના વિચારો વ્યક્ત કરવાનો અધિકાર છે. અમે શિસ્ત સાથે આગળ વધી રહ્યા છીએ. પરિણામો અમારી અપેક્ષા મુજબ આવ્યા નથી. અમે ખામીઓ પર કામ કરી રહ્યા છીએ. આ સાથે ભૂપેન્દ્ર ચૌધરીએ મુખ્યમંત્રી પદ અંગે વાત કરતા કહ્યું કે, મુખ્યમંત્રી બદલવાની ચર્ચા ખોટી છે. ઉત્તર પ્રદેશના રાજકારણમાં શું ચાલી રહ્યું છે? છેલ્લા કેટલાક દિવસોથી રાજકીય વર્તુળોમાં એક જ સવાલ ઉઠી રહ્યો છે. નિવેદનો, બેઠકો અને આંતરિક બેઠકોના સમાચારોએ યુપીમાં વાતાવરણ ગરમ કરી દીધું છે. લોકસભા ચૂંટણીના પરિણામો બાદ મુખ્યમંત્રી સતત સમીક્ષા બેઠકો કરી રહ્યા છે. વિભાગના તમામ ધારાસભ્યો, સાંસદો અને મંત્રીઓને બોલાવવામાં આવી રહ્યા છે.

### યોગી સરકારને સુપ્રીમ કોર્ટનો ફરી ઝટકો

## કોર્ટે નેમ પ્લેટ લગાવાાના આદેશ પરનો અગાઉનો સ્ટે યથાવત રાખ્યો

### કોર્ટે ઉત્તરાખંડ અને મધ્યપ્રદેશની સરકારોને જવાબ આપવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ઉત્તર પ્રદેશમાં કાવડ યાત્રાના રૂટ પર આવતી ખાણી-પીણીની દુકાનો પર નેમ પ્લેટ લગાવવાના યોગી સરકારના નિર્ણય સામે કરેલી અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં કોર્ટે નેમ પ્લેટ લગાવાાના આદેશ પરનો અગાઉનો સ્ટે યથાવત રાખ્યો હતો. આ ઉપરાંત કોર્ટે ઉત્તરાખંડ અને મધ્યપ્રદેશની સરકારોને આ મામલે જવાબ આપવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો છે. હવે આ કેસની આગામી સુનાવણી ત્રણ અઠવાડિયા બાદ સોમવારે થશે ત્યાં સુધી સુપ્રીમ કોર્ટનો સ્ટે યથાવત રહેશે. ઉત્તર પ્રદેશ સરકારે કાવડ યાત્રાના રૂટ પર નેમ પ્લેટના આદેશ સામે દાખલ કરવામાં આવેલી અરજીનો વિરોધ કરીને અરજીઓને ફગાવી દેવા માટે કોર્ટને અપીલ કરી હતી. કાવડ યાત્રાના રૂટ પર નેમ પ્લેટ લગાવવાનો આદેશ સૌથી પહેલા મુઝફ્ફરનગરથી શરૂ કરવામાં આવ્યો હતો, બાદમાં યોગી સરકારે



આ નિયમને સમગ્ર રાજ્યમાં લાગુ કરી દીધો હતો, ત્યારબાદ વિપક્ષે આ નિર્ણયનો જોરદાર વિરોધ કર્યો હતો. અને નિર્ણય પાછો લેવા પણ માગ કરી હતી. આ પછી સરકારના આ નિર્ણયની સામે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે ૨૨ જુલાઈએ વચગાળાનો સ્ટે લગાવતા આદેશમાં કહ્યું હતું કે દુકાનદારોએ તેમની ઓળખ જાહેર કરવાની જરૂર રહેશે નહીં.

### સુરતને જોડતો સ્ટેટ હાઈવે બંધ । ૨૨૦૦ લોકોને સ્થળાંતરિત કરી શેલ્ટર હોમમાં મોકલાયા

# પૂર્ણા નદી ગાંડીતૂર થતાં નવસારી શહેર પાણીમાં ગરકાવ થયું

। (એજન્સી) નવસારી, તા.૨૬ ।

ઉપરવાસમાં વરસી રહેલા ધોધમાર વરસાદના કારણે પૂર્ણા નદી ગાંડીતૂર બની છે. પૂર્ણા નદીની ભયજનક સપાટી ૨૩ ફૂટ છે જે હાલ ૨૮ ફૂટ આસપાસ વહી રહી છે. જેના કારણે નવસારી શહેરના ૧૦ વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળતા લોકો પોતાના ઘર છોડવા મજબૂર બન્યા છે. શહેરના ૧૦ વિસ્તારોમાં ઘર હોય કે દુકાન હોય તમામ જગ્યાએ ૫ થી ૭ ફૂટ પાણી જોવા મળી રહ્યા છે. પૂર્ણા નદીના આવેલા ઘોડાપૂરના કારણે નવસારી-સુરત હાઈવે સહિત અન્ય કેટલાક રસ્તાઓ બંધ કરવાની નોબત આવી છે. સુરત, વડોદરા બાદ હવે નવસારીમાં જળબંબાકાર થયો છે.

નવસારી જિલ્લામાં હાલ ધોધમાર વરસાદ તો નથી, પરંતુ ડાંગ સહિતના ઉપરવાસમાં ભારે વરસાદના પગલે નવસારી જિલ્લામાં આફત આવી પહોંચી છે. શહેરમાં આવેલા ભેંસદ ખાડા વિસ્તારમાં પૂણા નદીના પાણી ફળી વળ્યા છે.શહેરના ગધેવાન, મોરલો, જૂની મચ્છી માર્કેટ, કમેલા દરવાજા, રંગુન નગર, મિથિલા નગરી, શાંતાદેવી રોડ સહિતના



વિસ્તારોમાં કેડથી લઈને ગળાસમા પાણી ભરાયા છે. જેથી હજારો લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. નવસારીની અનેક સોસાયટીઓમાં પાણી ભરાયા છે. શહેરના કાલિયાવાડી વિસ્તારમાં આવેલી શાંતિવન એક સોસાયટીમાં કેડ સમાં પાણી ભરાતા અનેક લોકો ઘરના પહેલા માળે રહેવા મજબૂર બન્યા છે.

પૂર્ણા નદીની જળ સપાટી વધવાની શક્યતાને જોતા તંત્ર દ્વારા લોકોને સહયોગ કરવા માટે અપીલ કરવામાં આવી છે.નવસારી-સુરતને જોડતા સ્ટેટ હાઈવે પર પણ પૂર્ણા નદીના પાણી ફરી વળ્યાં છે. જેથી આ સ્ટેટ હાઈવેને બંધ કરીને પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. હાલ નવસારી શહેરની સુરત સાથેની કનેક્ટિવિટી બંધ થઈ છે. નવસારીમાં પૂરની સ્થિતિને લઈને જિલ્લા કલેક્ટરે ક્ષિપ્રા આગ્રેએ જણાવ્યું કે, પૂર્ણા નદીની ભયજનક સપાટી વટાવી ચુકી છે. નવસારી શહેરમાં ૨૨૦૦ લોકોને સ્થળાંતરિત કરી શેલ્ટર હોમમાં શિફ્ટ કરવામાં આવ્યાં છે. આ શેલ્ટર હોમમા લોકોની સુરક્ષા માટે ૧૫ મેડિકલ ટીમ તહેનાત છે. ૧૦ જેટલી ગર્ભવતી મહિલાઓને સુરક્ષિત રીતે હોસ્પિટલ પહોંચાડવામાં આવી છે. શહેરમાં પૂર પ્રભાવિત ૧૭ જેટલા રોડ રસ્તાઓને બંધ કરવામાં આવ્યાં છે.

### આજવાનું પાણી છોડવાનું શરૂ

## વિશ્વામિત્રીની સપાટી ૨૮ ફૂટ વટાવી જતા કાળા-ઘોડા બ્રિજ બંધ કરાયો

### કોર્પોરેશન દ્વારા નિચાણવાળા વિસ્તારોના રહેવાસીઓને સ્થળાંતર કરવા લાઉડ સ્પીકરથી અપીલ કરવામાં આવી હતી



। (એજન્સી) વડોદરા, તા.૨૬ ।

વડોદરામાં વિશ્વામિત્રી નદીની સપાટી ૨૮ ફૂટ ને વટાવી જતા કાલાઘોડા બ્રિજ બંધ કરવામાં આવ્યો છે. આજવા નું પાણી છોડવામાં આવી રહ્યું હોવાથી રાત સુધીમાં વિશ્વામિત્રીની સપાટી હજી પણ વધે તેવી શક્યતા છે.

વડોદરાના મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં આજવા સરોવરના પાણીને કારણે સપાટી વધતી હોય છે અને શહેરમાં તેના પાણી પ્રવેશતા હોય છે. જેને કારણે ગઈકાલે રાતથી કોર્પોરેશન દ્વારા નિચાણવાળા વિસ્તારોના રહેવાસીઓને સ્થળાંતર કરવા લાઉડ સ્પીકરથી અપીલ કરવામાં આવી હતી.

વડોદરામાં આજે આખો દિવસ વરસાદ વિરામ લીધો હોવા છતાં ઉપરવાસમાં વરસાદને કારણે આજવા સરોવરમાં સપાટી વધીને ૨૧૨.૧૫ થતા તેમાંથી પાણી છોડવાનું ચાલુ રાખવામાં આવ્યું છે. ૨૧૧ ફૂટ સુધી સપાટી જાળવી રાખવાની હોવાથી ૧.૧૫ ફૂટ પાણી છોડવામાં આવશે. જેને કારણે વિશ્વામિત્રી નદીમાં નમતી બપોરે સપાટી ૨૯ ફૂટ સુધી પહોંચતા તંત્રએ સલામતીના કારણોસર વિશ્વામિત્રી કાલાઘોડાનો બ્રિજ બંધ કરવાનો નિર્ણય લીધો છે. વડોદરા શહેર પોલીસ દ્વારા બ્રિજના બંને બાજુએ બેરીગેટ મૂકીને અવરજવર બંધ કરી દેવામાં આવી હતી.

હજી એકાદ બે ફૂટ સપાટી વધતા બાકીના વિસ્તારોના વિશ્વામિત્ર બ્રિજ પણ બંધ કરવામાં આવશે. જેથી વડોદરામાં વિશ્વામિત્રી નો પૂર્વે અને પશ્ચિમ ભાગ અલગ પડી જશે.

વડોદરા શહેરમાં વરસેલા ભારે વરસાદના કારણે સમગ્ર શહેર પાણીથી જળબંબાકાર થઈ ગયું હતું. શહેરના વિવિધ વિસ્તારોના તમામ રસ્તાઓ પાણીથી તરબોળ બની ગયા વરસાદી પાણીમાં વાહનો ફસાઈ જવાના કારણે લોકો વાહનો ત્યાં છોડીને પોતાના ઘરે ચાલતા રવાના થયા હતા. તારે હજુ પણ કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઓસર્યા નથી. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા ૨૪ જુલાઈએ પણ નીચાણવાળા વિસ્તારોમાં ફસાઈ ગયેલા ૫૦૦ ઉપરાંતના લોકોનું રેસ્ક્યુ કરીને તેમને સહી સલામત સ્થળ પર મોકલી આપવામાં આવ્યા હતા.

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૩-ડી લેપ્રોસ્કોપી સિસ્ટમની સુવિધા કાર્યરત કરાઈ

### જે પ્રોસ્ટેટ, મૂત્રાશયના કેન્સર, કિડની કેન્સર, વગેરે નાં ઓપેરેશન દરમિયાન જટિલ શરીર રચનાને નેવિગેટ કરવા માટે નિર્ણાયક હોય છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૩-ડી લેપ્રોસ્કોપી સિસ્ટમની સુવિધા કાર્યરત કરાઈ છે આ સુવિધા ઉપલબ્ધ કરાવનાર રાજ્યની પ્રથમ સરકારી હોસ્પિટલ બની છે. યુરોલોજી વિભાગને લેપ્રોસ્કોપિક સર્જરી માટે ૩-ડી લેપ્રોસ્કોપી સિસ્ટમ પ્રાપ્ત થઈ છે, સિવિલ હોસ્પિટલના યુરોલોજી વિભાગ હેઠળ વર્ષ ૨૦૦૨થી અત્યાર સુધીમાં ૨૧૩૦ કરતા વધું ૨-ડી લેપ્રોસ્કોપિક સર્જરીઓ કરવામાં આવી છે.આધુનિક તબીબી વિજ્ઞાનના સમયમાં સર્જરી કરવામાં ૩- ડી લેપ્રોસ્કોપીની મોટી ભૂમિકા છે. જટિલ શસ્ત્રક્રિયાના કેસોમાં, 3D લેપ્રોસ્કોપી શરીર ના અંદર નાં અવયવો અને ભાગોનું સચોટ અનુમાન અને ત્રીપારીમાણીક વિઝન આપે છે. જે પ્રોસ્ટેટ, મૂત્રાશયના કેન્સર, કિડની કેન્સર, વગેરે નાં ઓપેરેશન દરમિયાન જટિલ શરીર રચનાને નેવિગેટ કરવા માટે નિર્ણાયક હોય છે.

આ ઉત્તમ ત્રીપારીમાનિક વિઝન નાજુક પ્રોસિઝરો માટે જરૂરી સચોટ ચીરફાડ અને ટાંકા લેવાં માં મદદ



કરે છે. વિવિધ ગાંઠની સર્જરી માં ચોકસાઈ સુધારે છે અને સર્જરી દરમ્યાન લોહી ઓછું વહે છે. ૩ડી લેપ્રોસ્કોપી નાં કારણે ઓપન સર્જરી નો દર ઘટાડી શકાય છે અને ઓછા માં ઓછી કાપકૂપથી જટિલ સર્જરી કરી સર્જિકલ પરિણામોમાં સુધારો કરી શકાય છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે અમદાવાદ સિવિલ હોસ્પિટલના યુરોલોજી વિભાગમાં ૩-ડી લેપ્રોસ્કોપી સિસ્ટમ ની સુવિધા કાર્યરત કરાવી છે. એડિશનલ ડાયરેક્ટર ડૉ. રાઘવેન્દ્ર દિક્ષીત, સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશી સહિતના તબીબોના હસ્તે આ સેવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સિવિલ હોસ્પિટલ ના યૂરોલોજી વિભાગ દ્વારા રેડિકલ પ્રોસ્ટેટેક્ટોમી (પ્રોસ્ટેટ કેન્સર), રેડિકલ સિસ્ટેક્ટોમી (મૂત્રાશયનું કેન્સર), કોમ્પ્લેક્સ આંશિક નેફ્રેક્ટોમી, આંશિક સિસ્ટેક્ટોમી, રેડિકલ નેફ્રેક્ટોમી (કિડની કેન્સર), પાયલોપ્લાસ્ટી, વેસીકોવેજીનલ ફિસ્ટ્યુલા, વગેરે જેવી ૨૧૦૦ થી વધુ લેપ્રોસ્કોપી સર્જરીઓ કરવામાં આવી છે. ડો. રાકેશ જોષી એ જણાવ્યુ હતું કે, ૩ઙ લેપ્રોસ્કોપી સિસ્ટમ સિવિલ હોસ્પિટલના તમામ સર્જિકલ વિભાગો જેવા કે પીડિયાટ્રિક સર્જરી, ગાયનેકોલોજી, જનરલ સર્જરી વગેરે દ્વારા ઉપયોગમાં લેવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે. ૩ઙ લેપ્રોસ્કોપી સિસ્ટમ્ ડોકટરોને સર્જીકલ તાલીમમાં પણ ખૂબ જ મૂલ્યવાન સાબિત થશે. જે તાલીમાર્થીઓને વધુ સચોટ અને ઊંડાણપૂર્વક શીખવાનો અનુભવ પ્રદાન કરશે જે દર્દીઓ અને સર્જીકલ ડોકટરો ની ટીમ બંને માટે ખુબ જ ઉપયોગી સાબિત થશે.

## ઓનલાઈન ટ્રેડ કરવાના બહાને મહિલા પાસેથી એક લાખ રૂપિયા પડાવી છેતરપિંડી કરી

। વડોદરા, તા.૨૬ ।

વડોદરા શહેરમાં રહેતા સ્મિતાબેન સુર્વે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ૧૨ જૂનના રોજ ફરિયાદ નોંધાવી હતી કે ગૂગલમાં શેર માર્કેટ અંગેની એડ પર ક્લિક કરતા એક ફોર્મ ખૂલ્યું હતું. જેમાં મોબાઈલ નંબર તેમજ નામની માહિતી હોય મે ભરેલી હતી. ત્યાર બાદ તેમના મોબાઈલ નંબર પર અજાણ્યા મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે તે tradon કંપનીમાથી બોલે છે અને ટ્રેડિંગની માહીતી માટે બીજો ફોન આવશે. જેઓ આગળ કઈ રીતે ટ્રેડિંગ કરવાનુ તે માટે સલાહ આપશે ત્યાર બાદ ઉપર થી વોટસઅપ ફોન આવ્યો અને તેઓએ પોતાની ઓળખ સમીર તરીકે આપી હતી અને પોતે tradon કંપનીમાં ફાયનાન્સ એડવાઈઝર છે. ત્યારબાદ તેઓએ ફરિયાદીને ટ્રેડિંગ કઈ રીતે કરવાનુ તથા ઈનવેસ્ટ કરી રીતે કરવાનુ તે વિશે માર્ગદર્શન આપી tradon નામની સાઈટની લિંક મોકલી હતી.તેમા તેઓએ રજીસ્ટ્રેશન માટે tradon સાઈટ પર આપેલ ફોન પેઓપશન પસંદ કરી ફરિયાદીએ તેમના બેક્ર ખાતામાંથી અલગ - અલગ બહાના હેઠળ રૂપિયા રૂ.૧.૨૦ લાખ ટ્રાન્સફર કર્યા હતા. જેમાં તેમના બેક્ર એકાઉન્ટમાં રૂ.૨૦ હજાર પરત આપ્યા હતા. જેથી મહિલા પાસે એક લાખ પરત નહિ આપી ઓનલાઈન છેતરપિંડી કરી હતી.

# રાજ્યમાં વરસાદની પરિસ્થિતિમાં ઝીરો કેઝ્યુલીટી ના અભિગમ સાથે રાજય-જિલ્લા વહીવટી તંત્ર ખડેપગે તૈનાત

### એનડીઆરએફ અને એસડીઆર એફ સહિતની ટીમો દ્વારા રાહત બચાવની કામગીરી યુધ્ધના ધોરણે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

રાજ્યમાં પ્રવર્તમાન ભારે વરસાદની સ્થિતિને પહોંચી વળવા માટે રાજ્ય તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઝીરો કેઝ્યુલીટીના અભિગમ સાથે યુધ્ધના ધોરણે રાહત બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા સતત મોનીટરીંગ કરીને રાહત બચાવ કામગીરી NDRF અને SDRFની ટીમો દ્વારા કરવામાં આવી રહી છે. આજે પોરબંદર જિલ્લાના ચિંગરીયા અને માંડેર ગામના નીચાણવાળા વિસ્તારામાં ફસાયેલા ૬ લોકોનું રેસક્યુ NDRF ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. નાના બાળકને મેડિકલ ઈમરજન્સી ઉભી થતા NDRFની ટીમે ૨ બાળક, એક પુરુષ અને એ મહિલા સહિત કુલ ૬ લોકોનું રેસ્ક્યુ કરીને સુરક્ષિત રીતે હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. એ જ રીતે વડોદરા શહેરના વડસર વિસ્તારમાં પાણી ભરાવાના કારણે ફસાયેલા ૪૯ લોકોને એનડીઆ રએફની ટીમ દ્વારા સલામત રીતે બહાર કાઢી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. જેમાં ૧૯ પુરુષ, ૧૫ મહિલા, ૧૪ બાળકો અને એક નાના બાળક સહિત કુલ ૪૯ લોકોનો સમાવેશ થાય છે. આજવા સરોવરમાંથી પાણી છોડાતાં વિશ્વામિત્રી નદી કિનારાના સુખલી પુરા, કોટાલી, દેણા અને આસોજ ગામની નદીમાં જળસ્તર વધતા નદી કિનારાના સુખલીપૂરામાંથી ૭૧ અને કોટાલીમાંથી ૭૦ સહિત કુલ ૧૪૧ લોકોને આશ્રય સ્થાનોમાં ખસેડવામાં આવ્યા છે. આશ્રયસ્થાનોમાં આશરો લેતા લોકોને જિલ્લા પ્રશાસન દ્વારા ભોજન અને પીવાના પાણીની પણ સુચારુ વ્યવસ્થા કરવામાં આવી છે.

ભરૂચ જિલ્લામાં ઈન્દીરા નગર, બંબુસર, કરગાટ, પરિએજ,જંગાર અને જંબુસરના સામોદ વગેરે સ્થળોના સ્થળાંતરિત આશ્રિતો માટે ભોજન અને નિવાસની ઉત્તમ સુવિધા ઉભી કરાઈ હતી. ભરૂચ જિલ્લામાં ધોધમાર વરસાદ અને વરસાદી પાણી ભરાવાના કારણે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સ્થળાંતરિત આશ્રિતોના વ્યક્તિઓને સુરક્ષિત રીતે ખસેડીને સ્થળાંતર કરવામાં આવ્યા હતા, જ્યાં અસરગ્રસ્ત આશ્રિતો ભોજન, પીવાના પાણી, જરૂરી દવા, સુવા માટે ગાદલા, ચાદરો સહિતની આવશ્યક સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.દક્ષિણ ગુજરાતમાં પડેલા ભારે વરસાદથી નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાતા લોકો અસરગ્રસ્ત થયા છે. સુરતના ઓલપાડ તાલુકાના વાડોલી ગામ ભારે વરસાદથી નીચાણ વાળા વિસ્તારમાં પાણી ભરાતા ૪ લોકો ફસાયેલા હતા. સ્થાનિક પ્રશાસન અને NDRF ની ટીમ દ્વારા ફસાયેલા ૪ લોકો અને પશુઓનું રેસ્ક્યુ કરી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

## પુરવઠા વિભાગે દરોડા પાડતા રૂ. ૪ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૨૬ ।

ગીર સોમનાથ જિલ્લા પુરવઠા વિભાગે બાતમીના આધારે ગેરકાયદેસર અનાજના ગોડાઉનમાં રેડ કરતા અનાજની સાથે મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો મળી આવ્યો. જેના આધારે કલેકટર દ્વારા પુરવઠા અધિકારી, જીલ્લ્ડ ઉના, મામલતદાર સહિતના કાફલાને ઉના અંજાર રોડ પર આવેલા એક ગોડાઉન પર રેડ કરવા આદેશ આપ્યો. તમામ અધિકારઓ ચાલુ વરસાદમાં પહોંચી તાળા તોડી ગોડાઉનમાં પ્રવેશ કર્યો હતો. જેમાંથી પહેલા ગેરકાયદેસર અનાજનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં ચોખાના ૧૯૪ કટ્ટા, બાલશક્તિના ૧૭ પેકેટ સહિતનો શંકાસ્પદ અનાજનો જથ્થો પોલીસને હાથે લાગ્યો. જો કે, હદ તો ત્યારે થઈ જ્યારે કલેકટરે બનાવેલી સંયુક્ત ટીમ અનાજના ગોડાઉનની બાજુમાં અન્ય ઓરડાના તાળા તોડી અંદર પ્રવેશી. જ્યાં ચોંકાવનારા દ્રશ્યો સામે આવ્યા અને અધિકારીઓ પણ ચોંકી ગયા. કારણ કે પહેલી કહેવત છે ને કે બગાસું ખાતા પતાસું મળ્યાં. બસ આવું જ બન્યું ઉનાના નગર પાલિકા હદ વિસ્તારના એક ગોડાઉનમાં. હાજર અધિકારીઓએ જ્યારે ઓરડામાં રહેલા ભરેલા કોથળા ચેક કરતા તેમાંથી મોટા પ્રમાણ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો. જેમાં વિદેશી ઈંગ્લિશ દારૂની ૧૩૦૦થી વધુ બોટલો મળી આવી. ત્યારે પુરવઠા વિભાગની રેડ દરમિયાન વિદેશી દારૂ મળી આવતા ઉના પોલીસ પર અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. પોલીસ પર સવાલો ઊભા થઇ રહ્યા છે કે, દીવથી કોની રહેમ નજર હેઠળ આટલા મોટા પ્રમાણ વિદેશી દારૂનો જથ્થો ઉના સુધી પહોંચ્યો. આ ઉપરાંત આ જથ્થો પહોંચ્યો તો ઉના પોલીસને ગંધ કેમ ન આવી?

## અડાજણમાં ૧૪ દિવસની બાળકીનું ઝાડા ઉલ્ટી બાદ મોતની નિપજ્યુ

। (એજન્સી) સુરત, તા.૨૬ ।

સુરતમાં રોગચાળાએ વધુ એકનો જીવ લીધો છે. અડાજણમાં ૧૪ દિવસની બાળકીનું ઝાડા ઉલ્ટી બાદ મોતની નિપજ્યું છે. અડાજણ પાલનપુર ખાતે આવેલ સંત તુકારામ સોસાયટીમાં રહેતી સારિકા રાજુ ચોરસીયાની ૧૪ દિવસની દીકરીને બે દિવસ પહેલા ઝાડા ઉલટી થતા પરિવારજનો તેને સારવાર અર્થ નજીકની હોસ્પિટલમાં લઈ ગઈ હતી. જ્યાં બાળકીની વધુ તબિયત લથડતા તેને તાત્કાલિક સારવાર અર્થ નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી હતી પરંતુ બાળકીને સારવાર મળે તે પહેલા જ તબીબે મૃતક જાહેર કર્યો હતો. સુરત સિવિલ હોસ્પિટલના બાળ વિભાગના તબીબ જીગીશા પાટડિયાએ જણાવ્યું હતું કે પાલનપુર વિસ્તારમાં રહેતી ૧૪ દિવસની બાળકીને નવી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થ લાવવામાં આવી હતી. બાળકીને બે દિવસથી ઝાડા, ઉલટી થતા પરિવારજનો બાળકીને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થ લઈ ગયા હતા. સારવાર દરમિયાન બાળકીને કમળાની અસર જોવા મળતા તેને વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી. પરંતુ સિવિલ હોસ્પિટલમાં બાળકીને સારવાર મળે તે પહેલા જ તબીબે મૃતક જાહેર કર્યો હતો. સુરતમાં ધીમી ગતિએ રોગચાળાના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા ૧૫ દિવસની જો વાત કરવામાં આવે સચિન વિસ્તારમાં ૪ વર્ષની બાળકીનું ઝાડા ઉલટી બાદ મોત નિપજયું હતું. અલથાણમાં પણ ૨૨ વર્ષીય મહિલાને તાવ, ઉલટી આવ્યા બાદ ડેન્ગ્યુમાં મોત નિપજ્યું હતું. બધું એક કિસ્સો અડાજણ વિસ્તારમાં બનતા બન્યો છે.

**વિશેષ** | સપ્તધાન્યાંકુર અર્કથી ચમકાવો ફળ-ફળીઓ અને શાકભાજીને સપ્તધાન્યાંકુર અર્ક પાક માટે શક્તિવર્ધક દવા કે ટોનિકનું કામ કરે છે

# સાત ધાનમાંથી તૈયાર થતો આ અર્ક શાકભાજી, ફળો, ફૂલો, દાણાવાળા પાકમાં ઉત્તમ ભૂમિકા ભજવે છે

। (માહિતી) અમદાવાદ ।

ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ સતત વધી રહ્યો છે. રસાયણો થકી કરાતી ઝેરી ખેતી પ્રત્યે લોકોમાં સભાનતા વધી રહી છે. ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીના આયામો ઉપરાંત બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, નીમાસ્ત્ર, અગ્નિ અસ્ત્ર, બ્રહ્માસ્ત્ર વગેરેથી ખેડૂતો વાકેફ થઈ રહ્યા છે ત્યારે આજે વાત કરવી છે, સપ્તધાન્યાંકુર અર્કની.

ભારતીય સંસ્કૃતિમાં સાતના આંકડાનું મહત્ત્વ છે, સપ્તર્ષિથી લઈને સાત આકાશ અને સાત પાતાળ વગેરેની વાતો આપણે સાંભળી છે. એ રીતે સાત ધાન્યનો પણ મહિમા છે અને આ મહિમા પ્રાકૃતિક ખેતીમાં વિશેષ છે. સાત ધાન, અંકુરિત ધાનના ઉપયોગથી તૈયાર કરાતું અર્ક પાક-શાકભાજી, ફળઝાડ માટે એક શક્તિવર્ધક દવા – ટોનિકના સ્વરૂપે ખૂબ જ ઉપયોગી બની રહે છે. સાત ધાન્યોમાંથી તૈયાર થતો સપ્તધાન્યાંકુર અર્ક શાકભાજી, ફૂલો, દાણાવાળા પાક વગેરેમાં ખૂબ જ સારી ગુણવત્તાયુક્ત પાક મેળવવામાં ઉત્તમ ભૂમિકા ભજવે છે.

**સપ્તધાન્યાંકુર અર્કનો ઉપયોગ ક્યારે કરવો**

- ફૂલની કળી બની રહી હોય ત્યારે.
- પાકને દૂધિયા દાણા આવી રહ્યા હોય ત્યારે
- શાકભાજી કે ફળઝાડમાં ફળ-ફળીઓ બાલ્યાવસ્થામાં હોય ત્યારે.
- શાકભાજી કાપવાની હોય તેના પાંચેક દિવસ પહેલાં છંટકાવ કરવાથી ખૂબ સારી ચમક આવે છે.
- ફળ, શાકભાજી અને દાણામાં ચમક લાવવા, દાણા કદમાં મોટા અને સ્વાદમાં મીઠાશ લાવવા માટે પણ આ અર્ક ઉપયોગી બને છે.

**સપ્તધાન્યાંકુર અર્ક બનાવવાની રીત**

**સૌથી પહેલાં જરૂરી વસ્તુઓ વિશે જાણીએ**

૧. તલના દાણા (૧૦૦ ગ્રામ), ૨. મગના દાણા (૧૦૦ ગ્રામ), ૩. અડદના દાણા (૧૦૦ ગ્રામ), ૪. વટાણાના દાણા (૧૦૦ ગ્રામ), ૫. કોફીના દાણા (૧૦૦ ગ્રામ), ૬. મઠના દાણા (૧૦૦ ગ્રામ), ૭. ચણાના દાણા (૧૦૦ ગ્રામ) અને ૮. ઘઉંના દાણા (૧૦૦ ગ્રામ).

**રીતઃ**

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પોતના પુસ્તક 'પ્રાકૃતિક કૃષિ'માં સપ્તધાન્યાંકુર અર્ક બનાવવાની એકદમ સરળ રીત આપી છે, જે સંક્ષિપ્તમાં જોઈએઃ

એક નાની વાટકીમાં તલના ૧૦૦ ગ્રામ દાણા લઈ તેમાં એટલા જ પ્રમાણમાં પાણી નાખો. તેને ઘરમાં રાખી મૂકો.

બે દિવસ પછી એક તપેલી લેવી. તેમાં ૧૦૦ ગ્રામ મગના આખા દાણા નાખો, પછી તેમાં ૧૦૦ ગ્રામ અડદના આખા દાણા, ૧૦૦ ગ્રામ વટાણા, ૧૦૦ ગ્રામ કૉફી, ૧૦૦ ગ્રામ મઠ, ૧૦૦ ગ્રામ ચણા અને ૧૦૦ ગ્રામ ઘઉંના દાણા ઉમેરો. આ બધા દાણાને સારી રીતે ભેળવી દો અને તપેલીમાં તે પલળી જાય, એટલું પાણી નાખો. તપેલી ઘરમાં રાખી મૂકો.

આ દાણાને ત્રણ દિવસ પલાળી રાખો. ત્રણ દિવસ બાદ આ દાણાને તપેલીમાંથી કાઢીને પલાળેલા તલની સાથે કપડાની પોટલીમાં બાંધવા, જેથી તે અંકુરિત થાય. જે પાણીમાં દાણા પલાળી રાખ્યા હતા, તેને પણ સાચવી રાખવું. પોટલીમાં બાંધેલા દાણામાં જ્યારે એક સેમી લંબાઈના અંકુર બહાર નીકળે ત્યારે પોટલી ખોલવી અને તેની ચટણી બનાવી લેવી.

અંકુરિત ધાન્યોની ચટણી બનાવી લીધા પછી તેને ૨૦૦ લીટર પાણીમાં હાથ વડે સારી રીતે ભેળવી દેવી. દાણા પલાળ્યા હતા, એ પાણીને પણ આમાં ભેળવી દેવું. આ મિશ્રણને બે કલાક સુધી રાખી મૂકો. બે કલાક બાદ આ મિશ્રણને હલાવીને કપડાથી ગાળી લેવું.

આ રીતે તૈયાર થઈ ગયું સપ્તધાન્યાંકુર અર્ક. આ અર્કને તૈયાર કર્યાના ૪૮ કલાકની અંદર તેનો છંટકાવ કરી દેવો. જ્યાં આ અર્કનો છંટકાવ કર્યો હશે ત્યાં પાક અને ફળમાં ચમક આવી જશે.

પ્રાકૃતિક ખેતીના પાકનો જથ્થો અને ગુણવત્તા વધારવામાં તથા ખેતીને વધારે નફાકારક બનાવવામાં સપ્તધાન્યાંકુર અર્ક જેવી બાબતો ખૂબ ઉપયોગી બનતી હોય છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લદ્દાખમાં કારગિલ યુદ્ધ સ્મારક (દ્રાસ) ખાતે ૨૫મા કારગિલ વિજય દિવસના અવસરે આયોજિત શ્રદ્ધાંજલિ સમારોહ દરમિયાન કારગિલ યુદ્ધમાં ફરજ બજાવતા સર્વોચ્ચ બલિદાન આપનાર બહાદુર નાયકોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

### ડોનાલ્ડ ટ્રમ્પ માટે ટેન્શનમાં વધારો

# અમેરિકામાં કમલા હેરિસનો જોરદાર ચૂંટણી પ્રચાર શરૂ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬ ।

અમેરિકાની પ્રેસિડન્ટની ચૂંટણી હવે એક રસપ્રદ તબક્કામાં પહોંચી ગઈ છે. ડેમોક્રેટિક પાર્ટીએ જો બાઈડનને હટાવીને ભારતીય મૂળના કમલા હેરિસને પ્રેસિડન્ટ પદના ઉમેદવાર બનાવ્યા છે અને ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની આદત મુજબ હેરિસ પર જોરદાર આક્રમણ શરુ કરી દીધું છે. ટ્રમ્પે કમલા હેરિસને ડાબેરી કટ્ટરવાદી લ્યુનેટિક એટલે કે પાગલ પણ ગણાવ્યા છે. આ દરમિયાન હવે એવો સવાલ થાય છે કે ઈન્ડિયન અમેરિકનો કમલા હેરિસને ટેકો આપશે કે નહીં અને તેમનો સપોર્ટ કેટલી મદદ કરી શકશે. અમેરિકાના કોઈ પણ પ્રેસિડન્ટ પદના ઉમેદવાર ઈન્ડિયન અમેરિકનોની ઉપેક્ષા કરી શકે તેમ નથી કારણ કે તેઓ અમેરિકામાં બીજા નંબરનું સૌથી મોટું ઈમિગ્રન્ટ ગ્રૂપ છે. તેમણે અમેરિકન ઈકોનોમી, સાયન્સ, ટેક્નોલોજી, કલ્ચર સહિત દરેક ફિલ્ડમાં જોરદાર યોગદાન આપ્યું છે. વસતીમાં જે ટકાવારી છે તેના કરતા પોલિટિક્સમાં તેઓ વધુ સારું પ્રતિનિધિત્વ ધરાવે છે. યુએસ કોંગ્રેસમાં ૧૫૦થી વધારે ઈન્ડિયન અમેરિકનો



સિનિયર પબ્લિક સર્વિસ પોઝિશન ધરાવે છે. કમલાને ઈન્ડિયન અમેરિકનોનો ટેકો મળવાનું શરૂ થઈ ગયું છે. યુએસમાં ઈન્ડિયન અમેરિકન ઈમ્પેક્ટ ફંડ નામે એક નેશનલ રાજકીય સંગઠન છે જે ભારતીય અને સાઉથ એશિયન અમેરિકનોનો અવાજ ગણવામાં આવે છે. આ ફંડે હેરિસને પોતાનો ટેકો જાહેર કર્યો છે અને કમલા કા સાથ, ઈલેક્ટિંગ ધ દેશી પ્રેસિડન્ટ નામે એક કેમ્પેઈન પણ શરૂ કરી દીધું છે. જો બાઈડને અમેરિકાના પ્રેસિડન્ટની ચૂંટણીમાંથી બહુ ઈમોશનલ રીતે એક્ઝિટ લેવી પડી છે અને હવે આખી જવાબદારી કમલા હેરિસ પર છે જેને હજુ સુધી બરાક ઓબામા જેવા સિનિયર લીડરનો સપોર્ટ નથી મળ્યો.

## ન્યૂઝ બ્રિફ

### ટીમ ઈંડિયાએ બાંગ્લાદેશને હરાવીને ફાઈનલમાં કરી ધમાકેદાર એન્ટ્રી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ભારતે બાંગ્લાદેશના ૧૦ વિકેટ હરાવીને મહિલા એશિયા કપની ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. ટીમ ઈંડિયાની ફાઈનલમાં પાકિસ્તાન સામે ટક્કર થઈ શકે છે. પાકિસ્તાની ટીમ સેમીફાઈનલમાં મેજબાન શ્રીલંકા સાથે ટક્કર થશે. બાંગ્લાદેશ તરફથી આપવામાં આવેલા ૮૧ રનના ટાર્ગેટનો પીછો કરતા ભારતે એક પણ વિકેટના નુકસાન વિના ૧૧મી ઓવરમાં ૮૩ રન બનાવીને આ મેચ જીતી લીધી હતી. ઓપનર સ્મૃતિ મંધાનાએ નોટઆઉટ ૫૫ રનની ઈનિંગ્સ રમી હતી, જ્યારે શેફાલી વર્માએ ૨૬ રન બનાવીને નોટઆઉટ રહી હતી. દાંબુલા ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં બાંગ્લાદેશે પહેલા બેટીંગ કરતા ૮ વિકેટ પર ૮૦ રન બનાવ્યા. ભારત તરફથી રેણુકા સિંહ અને રાધા યાદવે ૩-૩ વિકેટ લીધી હતી. જવાબમાં ભારતે ૬૬ બોલ પર ૮૩ રન બનાવીને મેચને પોતાના નામે કરી હતી. ટીમ ઈંડિયાએ અજેય રહેતા ફાઈનલમાં એન્ટ્રી કરી હતી. મંધાના અને શેફાલીએ ભારતને શાનદાર શરુઆત અપાવી હતી. મંધાનાએ અડધી સદીની ઈનિંગ્સમાં ૩૯ બોલ પર ૯ ચોગ્ગા અને એક છગ્ગો લગાવ્યો હતો. શેફાલીએ ૨૮ બોલ પર ૨ ચોગ્ગા લગાવ્યા હતા. ભારતીય ટીમ ૯મી વાર મહિલા એશિયા કપની ફાઈનલમાં પહોંચી છે.

### રાહુલ દ્રવિડના દીકરા સમિતને કારકિર્દીનો પહેલો કોન્ટ્રાક્ટ મળ્યો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કોચ રાહુલ દ્રવિડનો દીકરો પણ ક્રિકેટ રમે છે. મિડિયમ પેસ બોલિંગની સાથે સાથે સમિત દ્રવિડ મિડલ ઓર્ડરમાં પણ બેટિંગ કરે છે. રાહુલ દ્રવિડના દીકરા સમિત દ્રવિડને તેની કારકિર્દીનો પહેલો કોન્ટ્રાક્ટ મળ્યો છે. તેને મહારાજા ટ્રોફી KSCA T20 લીગમાં આ કોન્ટ્રાક્ટ મળ્યો છે. ગત સિઝનની રનર અપ મૈસુર વોરિયર્સે સમિત દ્રવિડને ૫૦ હજાર રૂપિયામાં ખરીદ્યો છે. દ્રવિડ બેંગલુરુનો રહેવાસી છે અને સ્થાનિક લેવલે ક્રિકેટ રમે છે. બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં મહારાજા ટ્રોફી KSCA T20 લીગ માટે ખેલાડીઓની હરાજી યોજાઈ હતી. જેમાં ૨૪૦ ખેલાડીઓ પર બોલી લગાવવામાં આવી હતી. આ ખેલાડીઓમાં શ્રેયસ ગોપાલ, કૃષ્ણપ્પા ગૌતમ અને જે સુચિથ જેવા ખેલાડીઓનો સમાવેશ થાય છે. ૧૮ વર્ષીય સમિત દ્રવિડ કર્ણાટકની અંડર-૧૯ ટીમનો ભાગ હતો જેણે તાજેતરમાં કૂચ બિહાર ટ્રોફી જીતી હતી. સમિત અલુરમાં લેક્રેશાયર સામેની ત્રણ દિવસીય મેચમાં KSCA XIનો પણ ભાગ હતો.

### યુટ્યુબર એલ્વિશ યાદવના માથે ફરી મુશ્કેલી

# કાશી વિશ્વનાથ મંદિરના પ્રતિબંધ વિસ્તારમાં ફોટો પડાવતા વિવાદ

। (એજન્સી) વારાણસી, તા.૨૬ ।

યુટ્યૂબર અને બિગ બોસ ઓટીટી ૨ ના વિનર એલ્વિશ યાદવની મુશ્કેલી ઓછી થવાનું નામ લઈ રહી નથી. તે પહેલેથી કોબ્રા કાંડમાં ફસાયેલો છે. આ કેસ અંતર્ગત પૂછપરછ પણ ચાલી રહી છે. આ મામલો ખતમ પણ થયો નથી કે એલ્વિશ વધુ એક નવી મુશ્કેલીમાં ફસાઈ ગયો છે. તેના વિરુદ્ધ વારાણસીમાં ફરિયાદ નોંધાઈ છે. ૨૬ જુલાઈના રોજ એલ્વિસ યાદવે વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરના પ્રતિબંધ વિસ્તારમાં ફોટો પડાવ્યો જ્યારે તે સ્થળે ફોટોગ્રાફીની પરવાનગી નથી. જ્યારે સોશિયલ મીડિયા પર એલ્વિશ યાદવની તસવીર સામે આવી તરત જ તેની ફરિયાદ કરવા માટે જિલ્લા મુખ્યાલય પર પોલીસ અધિકારીની ઓફિસમાં ફરિયાદકર્તા પહોંચી ગયા. વકીલ ફરિયાદકર્તાઓએ



આ અંગે પોલીસ અધિકારીને લેખિતમાં ફરિયાદ કરી છે. તે બાદ પોલીસે તપાસનું આશ્વાસન પણ આપ્યુ છે. કેસની તપાસ ડીસીપીને સોંપી દેવાઈ છે. વારાણસી ફરવા નીકળેલા એલ્વિશે બાબા કાશી વિશ્વનાથના દર્શન કર્યા પરંતુ આ દરમિયાન સુવર્ણ શિખરની પાસે તેણે ફોટો પડાવીને એક નવી મુશ્કેલી ઊભી કરી દીધી. જ્યારે તેની તસવીર બાબા કાશી વિશ્વનાથના સુવર્ણ શિખરની સાથે વાયરલ થઈ અને અમુક લોકોએ હોબાળો મચાવી દીધો કેમ કે આ વિસ્તાર પ્રતિબંધિત રેડ ઝોન છે અને ત્યાં ફોટોગ્રાફી પર પ્રતિબંધ છે. એલ્વિશની આ હરકત સામે વારાણસી જિલ્લા મુખ્યાલય પર સ્થિત સંયુક્ત પોલીસ કમિશનર હેડક્વાર્ટર અને ક્રાઈમ ઓફિસ પહોંચીને વકીલોએ આ અંગે ફરિયાદ કરી. ફરિયાદકર્તા વકીલ પ્રતીક સિંહે જણાવ્યું કે એલ્વિશ યાદવ એક ગુનાહિત પ્રવૃત્તિઓની વ્યક્તિ છે. તેણે કેવી રીતે બાબા કાશી વિશ્વનાથના પ્રતિબંધિત વિસ્તારમાં પહોંચીને ફોટો પડાવ્યો. આ મામલાની તપાસ થવી જોઈએ અને જેમણે ફોટો પાડ્યો છે તેમની પર પણ કાર્યવાહી થવી જોઈએ. કેમ કે જે સ્થળ પર ફોટો પાડવામાં આવ્યો છે તે સંપૂર્ણપણે પ્રતિબંધિત છે જ્યાં એક પેન પણ લઈ જઈ શકાતી નથી ત્યાં આખરે ફોટોગ્રાફી કેવી રીતે થઈ શકે છે. આ મામલે વારાણસીના પોલીસ હેડ ક્વાર્ટર અને ક્રાઈમના જોઈન્ટ કમિશનર ડો કે. એજીલર્સને જણાવ્યું કે અમુક લોકોની તરફથી સમગ્ર મામલાની ફરિયાદ મળી છે. જે બાદ જ્ઞાનવાપી સુરક્ષા DCPને આની તપાસ સોંપવામાં આવી છે. યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. કાશી વિશ્વનાથ મંદિરમાં પહોંચનાર વીઆઈપી લોકોની થઈ રહેલી ફોટોગ્રાફી પર સંયુક્ત પોલીસ કમિશનર વારાણસીએ કહ્યું કે એવા આરોપ ના લગાવો ચારે તરફ કડક સુરક્ષાની વ્યવસ્થા છે.

### શ્રી નિરંજનીના મહામંડલેશ્વર સ્વામી પ્રેમાનંદ મહારાજે કહ્યું

# ફિગર જાળવવાને બદલે હિન્દુ મહિલાઓએ ચાર-ચાર બાળકોને જન્મ આપવો જોઈએ

। (એજન્સી) ભોપાલ, તા.૨૬ ।

હું ભાગવત કથામાં એ વાતો કહેવા નથી આવ્યો જે તમારા કાનને પ્રિય છે, પણ હું એ વાતો કહું છું જે સનાતન ધર્મને આગળ લઈ જશે. અત્યારે તો બધા સનાતનનો ધ્વજ લહેરાવીને આ ધર્મને આગળ લઈ જવાની વાત કરે છે, પણ હું બધાને ચેતવણી આપું છું કે અત્યારે પણ સાવધાન રહેવું જોઈએ, ઉત્તર પ્રદેશના ૧૭ જિલ્લા આપણા હાથમાંથી છીનવાઈ ગયા છે. પશ્ચિમ બંગાળમાં પણ આવી જ સ્થિતિ છે, ત્યાંના લોકો પણ આ જ સમસ્યાથી ઝઝૂમી રહ્યા છે. આસામમાં ૫ લાખ લોકો પાસે પાસપોર્ટ અને વિઝા નથી. મારો સીધો મતલબ એ છે કે ૨૫ વર્ષ પહેલા એ લોકો ૨ કરોડ હતા, પછી ૯ કરોડ થયા અને હવે ૩૮ કરોડ થઈ ગયા છે. હજુ પણ સમય છે, સાવચેત રહો નહીંતર ભારત પણ ઈન્ડોનેશિયા



બની જશે અને ટૂંક સમયમાં તમારી ગણતરી પણ લઘુમતીઓમાં થશે. આ વાતો પંચાયતી અખાડા શ્રી નિરંજનીના મહામંડલેશ્વર સ્વામી પ્રેમાનંદ મહારાજે ઉજ્જૈના બદનગર રોડ પર મોહન પુરામાં શ્રી બાબાધામ મંદિરમાં શ્રીમદ ભાગવત કથા દરમિયાન કહી હતી. પ્રેમાનંદ મહારાજે કથા દરમિયાન જણાવ્યું હતું કે આજે સનાતન સંસ્કૃતિના રક્ષણ માટે મહિલાઓએ ચાર-ચાર બાળકોને જન્મ આપવાની જરૂર છે. હિંદુ સમાજની મહિલાઓ ૧ થી ૨ બાળકો પેદા કરવામાં અચકાય છે.

### નીતિન ગડકરીએ ટોલને લઈને લીધો મોટો નિર્ણય

# દેશમાં સેટેલાઇટ ટોલ કલેક્શન સિસ્ટમ શરૂ કરવાની જાહેરાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ એક મોટો નિર્ણય લીધો છે અને હાલની ટોલ સિસ્ટમ નાબૂદ કરી છે. આ સાથે સેટેલાઈટ ટોલ કલેક્શન સિસ્ટમ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. તેમણે આજે શુક્રવારે (૨૬ જુલાઈ) કહ્યું હતું કે સરકાર ટોલ નાબૂદ કરી રહી છે અને ટૂંક સમયમાં સેટેલાઈટ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ શરૂ કરવામાં આવશે. નીતિન ગડકરીએ કહ્યું, "હવે અમે ટોલ નાબૂદ કરી રહ્યા છીએ અને સેટેલાઈટ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમ હશે. તમારા બેંક ખાતામાંથી પૈસા કાપવામાં આવશે અને તમે જેટલા અંતરની મુસાફરી કરો છો તેના આધારે ફી વસૂલવામાં આવશે. સમય બચશે અને પૈસાની પણ બચત થશે, પહેલા મુંબઈથી પૂણે જવા માટે ૯ કલાક



લાગતા હતા, હવે તે ઘટીને ૨ કલાક થઈ ગયા છે. અગાઉ ડિસેમ્બરમાં, નીતિન ગડકરીએ જાહેરાત કરી હતી કે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ માર્ચ ૨૦૨૪ સુધીમાં આ નવી સિસ્ટમ લાગુ કરવાનું લક્ષ્ય રાખ્યું છે. વિશ્વ બેંકને પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા અને ટોલ પ્લાઝા પર રાહ જોવાનો સમય ઘટાડવાના પ્રયાસો વિશે જાણ કરવામાં આવી છે. FASTag ની રજૂઆત સાથે, ટોલ પ્લાઝા પર સરેરાશ રાહ જોવાનો સમય નોંધપાત્ર રીતે ઘટ્યો છે.

### પેરિસમાં ઓલિમ્પિકની શરૂઆત પહેલા જ હાહાકાર

# પેરિસ ઓલિમ્પિક ઓપનિંગ સેરેમની અગાઉ રેલ નેટવર્ક ઠપ

। (એજન્સી) પેરિસ, તા.૨૬ ।

પેરિસમાં રમતોના મહાકુંભ ઓલિમ્પિકનો પ્રારંભ થઈ રહ્યો છે. ફ્રાન્સની રાજધાનીમાં અનેક દેશોના ખેલાડીઓ આ મહાકુંભમાં ભાગ લેવા એકત્ર થયા છે અને સીન નદી પર ઐતિહાસિક ઓલિમ્પિક સમારોહની ઓપનિંગ સેરેમનીની તૈયારીઓ પણ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ દરમિયાન ફ્રાન્સની હાઈસ્પીડ રેલ્વે લાઈનો પર હુમલો કરવામાં આવ્યો છે. આ કારણે ઓલિમ્પિકની શરૂઆત પહેલા જ પેરિસમાં રેલ વ્યવહાર ખોરવાઈ ગયો છે. ફ્રાન્સની નેશનલ રેલ કંપની એસએનસીએફએ શુક્રવારે જણાવ્યું કે, હાઈ-સ્પીડ લાઈનો પર ઘણી શંકાસ્પદ ગતિવિધિઓ થઈ હતી. ક્યાંક આગ લગાડવામાં આવી છે તો ક્યાંક પાટા ઉખડેલા નજરે પડી રહ્યાં છે. આ કારણે ઓલિમ્પિક ગેમ્સના ઉદઘાટન સમારોહના દિવસે રેલવે ટ્રાફિકમાં વિક્ષેપ પડ્યો છે. ફ્રાન્સમાં આ રમત પૂર્વે હુમાલો વધતા ઓલિમ્પિક ૨૦૨૪ની મેજબાની ફ્રાન્સ માટે વધુ જોખમી બની રહી છે. SNCFએ જાહેરાત કરી છે કે ફ્રાન્સના પશ્ચિમ, ઉત્તર અને પૂર્વમાં રેલ લાઈનને ભારે અસર થઈ છે. પેરિસ ઓલિમ્પિકના ઉદઘાટન સમારોહના થોડા કલાકો પહેલા જ બનેલી ઘટનાઓની ફ્રેન્ચ અધિકારીઓએ નિંદા કરી હતી. જોકે આ ઘટનાઓ ઓલિમ્પિક ગેમ્સ સાથે જોડાયેલી હોવાના કોઈ તાત્કાલિક સંકેત મળ્યા નથી. SNCF ગ્રુપના પ્રમુખે કહ્યું કે ૮ લાખ ટ્રેન મુસાફરોને સીધી અસર થઈ છે. ઓલિમ્પિક ગેમ્સ માટે નેટવર્ક તૈયાર હતું પરંતુ હવે તેઓ રેલવે નેટવર્કને શક્ય તેટલી વહેલી તકે રિપેર કરવા માટે હજારો કર્મચારીઓને કામે લગાડી રહ્યાં છીએ. સ્થાનિક મીડિયાના અહેવાલ મુજબ, યુરોસ્ટાર (રેલવે કંપની)એ જણાવ્યું કે ,તોડફોડની ઘટનાઓને કારણે લંડન અને પેરિસ વચ્ચેની સેવાઓ પણ ખોરવાઈ ગઈ છે. પરિણામે ઘણી ટ્રેનો રદ થઈ છે. પેરિસ આવતી અને જતી તમામ હાઈ સ્પીડ ટ્રેનોને જુલાઈ ૨૬ ક્લાસિક લાઈન દ્વારા ડાયવર્ટ કરવામાં આવી રહી છે, જેના કારણે મુસાફરીના સમયમાં લગભગ દોઢ કલાકનો વધારો થયો છે. પેરિસ ઓલિમ્પિક, ૨૦૨૪ના ઉદઘાટન સમારોહને ૭,૫૦૦ એથલીટ અને VIIP સહિત લગભગ ૬ લાખ દર્શકો નિહાળશે તેવી અપેક્ષા છે. ઓપનિંગ સેરેમની માટે ૨,૨૨,૦૦૦ ફ્રી ટિકિટ રાખવામાં આવી છે, જ્યારે ૧,૦૪,૦૦૦ પેઈડ ટિકિટ ઈશ્યુ કરવામાં આવી છે.




કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક ખાતે કારગિલ યુદ્ધમાં ભારતની જીતની ૨૫મી વર્ષગાંઠના અવસરે પુષ્પાંજલિ અર્પણ કરી .

### ગેંગની મોડસ ઓપરેન્ડી શું છે

# લગ્નની જાળમાં ફસાવનાર લૂટેલી દુલ્હન ગેંગ ઝડપાઈ

। (એજન્સી) રાજગઢ, તા.૨૬ ।

મધ્યપ્રદેશમાં લૂંટેરી દુલ્હનની વાતો સામાન્ય બની ગઈ છે અને એક પછી એક ઘણા ચોંકાવનારા કિસ્સાઓ સામે આવ્યા છે. જેમાં પહેલા પૈસા લઈને દુલ્હનની ખરીદી કરવામાં આવે છે. લગ્ન વિધિ પ્રમાણે ખુશીથી થાય છે અને પછી ભાગી જવાનો ખરો ખેલ શરૂ થાય છે. જેમાં લૂંટેરી દુલ્હન તેના પતિને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને મુશ્કેલીમાં મૂકીને જાય છે. આમાંથી કેટલાક કિસ્સા પ્રકાશમાં આવે છે અને કેટલાક અનાદરના કારણે દબાઈ જાય છે. આવો જ એક કિસ્સો મધ્યપ્રદેશના રાજગઢ જિલ્લામાં સામે આવ્યો છે. જ્યાં લૂંટેરી દુલ્હન પોતે જ બિછાવેલી જાળમાં ફસાઈ ગઈ છે. આરોપી લૂંટેરી દુલ્હન લોકો સાથે લગ્ન કરતી અને પછી સામાન લૂંટીને ભાગી જતી. પોલીસે લૂંટેરી દુલ્હન અને તેના અન્ય સાથીઓની ધરપકડ કરી છે. રાજગઢ જિલ્લામાં ફરી એકવાર લગ્નના નામે લૂંટેરી દુલ્હન દ્વારા લૂંટનો મામલો સામે આવ્યો છે. રાજગઢ જિલ્લામાં એક લૂંટેરી દુલ્હન પોતે જ બિછાવેલી જાળમાં ફસાઈ ગઈ છે. બચવા માટે, તેણે તેના પતિને મિઠાઈમાં ભળેલી એનેસ્થેટિક દવા ખવડાવી. જ્યારે આ યોજના સફળ ન થઈ, ત્યારે એક નવો ચક્રવ્યૂહ સર્જાયો, પરંતુ તે પોતે જ તે ચક્રવ્યૂહમાં ફસાઈ ગઈ.

## તંત્રી લેખ...

# વિપક્ષનો સરકાર પર બિહાર અને આંધ્ર પ્રદેશનો પક્ષ લેવાનો આરોપ

કેન્દ્રીય બજેટ ૨૦૨૪ પર ભેદભાવના આરોપ લાગવા ચિંતાજનક અને વિચાર કરવા જેવી બાબત છે. બજેટ ઘોષણાઓના ગુણદોષ પર ચર્ચા પહેલાં જ તેની ફાળવણીને ભેદભાવપૂર્ણ ઠેરવાઈ રહ્યા છે. વિપક્ષી ગઠબંધનના નેતાઓએ આજે સંસદ ભવન પરિસરની અંદર વિરોધ પ્રદર્શન કર્યું અને તમામ રાજ્યો માટે સમાન વ્યવહારની માંગ કરી. એટલું જ નહીં, વિપક્ષે સરકાર પર બિહાર અને આંધ્ર પ્રદેશનો પક્ષ લેવાનો આરોપ લગાવ્યો અને એમ પણ કહ્યું કે બંને રાજ્યોને એક રીતે ખંડણી આપવામાં આવી. કેન્દ્ર સરકાર બિહારમાં સત્તારૂઢ જેડીયુ અને આંધ્ર પ્રદેશમાં સત્તારૂઢ ટીડીપી પાર્ટીના સમર્થન પર નિર્ભર છે, તેથી આ બંને રાજ્યો પર વધુ કૃપા કરવામાં આવી છે. શું ખરેખર બીજા રાજ્યોની ઉપેક્ષા કરવામાં આવી રહી છે? શું બજેટને એવી રીતે જોવાનો રાજકીય દૃષ્ટિકોણ બિલકુલ સાચો છે? એમાં શંકા નહીં કે પાછલાં બજેટોમાં કેટલાંક રાજ્યોને વર્ષ-દર-વર્ષ તબક્કાવાર વધુ રોકાણ પ્રાપ્ત થયું છે અને એવાં રાજ્યોના નેતા જો હવે પોતાના રાજ્ય સાથે ભેદભાવનો આરોપ લગાવી રહ્યા છે, તેને દુઃખદ જ કહી શકાય. ખાસ કરીને બિહાર પ્રત્યે જે દુર્લભ સદાશયતા દેખાડવામાં આવી છે, તેને નિશાનો બનાવવો દુઃખદ જ નહીં, ચિંતાજનક છે. બિહાર વિકાસના સૌથી નીચલા સ્તર પર રહ્યું છે, ત્યાં વિકાસ યોજનાઓ અને ઉદ્યોગોનો અભાવ છે, તો બિહારથી યુવાઓને રોજી-રોટી માટે દાયકાઓથી પલાયન કરવું પડી રહ્યું છે. જો પહેલાંના બજેટોમાં સમાન વ્યવહાર થયો હોત તો કર્ણાટક રાજ્ય બિહારની તુલનામાં પાંચ ગણું અમીર કેવી રીતે થઈ ગયું? બેશક, પલાયન રોકવાનો એકમાત્ર ઉપાય છે કે પછાત રાજ્યોમાં મોટા પાયે રોકાણ કરવામાં આવે. એવું પણ નથી કે સૌથી પછાત રાજ્યને જ બધું જ આપી દેવાયું હોય. જો આ રાજ્યને તમામ પરિયોજનાઓ માટે ૫૯ કરોડ રૂપિયા મળ્યા છે, તો આ રાજ્યથી લગભગ ચાર ગણું અમીર મહારાષ્ટ્રને એક જ બંદરગાહ પરિયોજના માટે ૭૬ હજાર કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. આંધ્ર પ્રદેશ માટે અલગ રાજધાનીનો વિકાસ જરૂરી છે, એ વાત આખો દેશ જાણે છે, તેથી એ રાજ્યને ૧૫ હજાર રૂપિયા આપીને જરા પણ ભૂલ નથી કરાઈ. વળી, આ કોઈ પહેલી વાર નથી કે બજેટ ફાળવણીમાં રાજકારણ દેખાતું હોય. ઉલ્લેખનીય છે કે અનેક રાજ્યોએ બહુ લડીને કેનદ્ર સરકાર પાસે ઘણું બધું લીધું છે અને જે રાજ્યો લડી નથી શક્યાં, તે પાછળ રહી ગયાં. હા, ભેદભાવનો આરોપ ત્યારે કહી શકાય.

# નિષ્ણાતોના મતે વરસાદની માત્રામાં કોઈ ખાસ ફેરફાર થયો નથી, પરંતુ ચોમાસાની પેટર્ન બદલાઈ ગઈ છે

આ દિવસોમાં ચોમાસાના આગમન સાથે વાદળ ફાટવું સામાન્ય બાબત છે. ટૂંકા ગાળામાં આ ભારે વરસાદ, પૂર, ભૂસ્ખલન અને વીજળીનું કારણ બને છે. વિડંબના એ છે કે અવકાશી જળધારાના આ પરાક્રમ માનવક્રિયાઓનું પરિણામ છે. આવી કુદરતી આફતો શા માટે થાય છે? ચોમાસા દરમિયાન ભારે વરસાદ હવે પૂરમાં રૂપાંતરિત થવા લાગ્યો છે. નિષ્ણાતોના મતે વરસાદની માત્રામાં કોઈ ખાસ ફેરફાર થયો નથી, પરંતુ ચોમાસાની પેટર્ન બદલાઈ ગઈ છે. આ બધાનું મુખ્ય કારણ ક્લાઈમેટ ચેન્જ છે, જેના કારણે હવામાનની પેટર્નમાં પણ ફેરફાર થયો છે અને ગ્લેશિયર્સ પીગળવાથી અને દરિયાની સપાટીમાં વધારો થવાને કારણે ઓછા વરસાદમાં પણ પૂરની સમસ્યા વધી રહી છે. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અનુસાર, ભારતના કુલ ૩૨૯૦ લાખ હેક્ટરના ભૌગોલિક વિસ્તારમાંથી ૪૦૦ લાખ હેક્ટરથી વધુ વિસ્તાર પૂરની સંભાવના ધરાવે છે. તાજેતરમાં દેશના અનેક રાજ્યોમાં વરસાદે તબાહી મચાવી છે જેમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. જોકે દેશના કેટલાક ભાગોમાં વરસાદ સરેરાશ કરતા ઓછો રહ્યો છે. વરસાદી જાનહાનિના આંકડાઓ ઉછાળો મારી રહ્યા છે. વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૫૫૦, વર્ષ ૨૦૧૭-૧૮માં ૨૪૯૪, વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૦૪૫ અને વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૩૩૦ લોકોના ચોમાસામાં વરસાદને કારણે મોત થયાં હતાં. ભારતીય હવામાન વિભાગ અનુસાર, ૨૦૨૦માં દેશના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ અને પૂરને લગતી ઘટનાઓમાં ૬૦૦થી વધુ લોકોના મોત થયા હતાં. કેટલાક અભ્યાસોએ દર્શાવ્યું છે કે આબોહવા પરિવર્તને વિશ્વના ઘણા પ્રદેશોમાં વાદળ ફાટવાની આવર્તન સંખ્યા અને તીવ્રતામાં વધારો કર્યો છે. હિમાલયના પ્રદેશમાં વાદળ ફાટવાની સૌથી વધુ ઘટનાઓ જોવા મળી રહી છે, કારણ કે હિમાલયના પ્રદેશમાં તાપમાનમાં વધારાનો દર વૈશ્વિક તાપમાનમાં થતા વધારાની તુલનામાં વધારે છે. તાજેતરના મોડેલિંગ અભ્યાસમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે હવામાં 'બ્લેક-કાર્બન'ની વધતી જતી માત્રા ભારતના ઉત્તર-પૂર્વમાં વરસાદમાં વધારો કરી રહી છે, જેના કારણે કેટલીક જગ્યાએ ઓછી તીવ્રતાનો વરસાદ ઓછો થયો છે અને મુશળધાર વરસાદ વધ્યો છે. 'બ્લેક-કાર્બન' એ એક પ્રકારનું વાયુ પ્રદૂષક છે જે અશ્મિભૂત ઈંધણ, બાયોમાસ અને અન્ય કુદરતી સ્રોતોમાંથી વાતાવરણમાં આવે છે. કાર્બન ડાયોક્સાઈડ પછી, તે ગ્લોબલ વોર્મિંગની અસરોને વધારવા માટે પણ જવાબદાર છે. નેચર ક્લાઈમેટ ચેન્જના એક રિપોર્ટ અનુસાર, જળવાયુ પરિવર્તનને કારણે સમુદ્રની સપાટીમાં વધારો તેમજ ચંદ્રની ભ્રમણકક્ષાની ધ્રુજારીને કારણે પૃથ્વી પર વિનાશક પૂર આવવાની શક્યતા છે. અભ્યાસમાં આગાહી કરવામાં આવી છે કે ૨૦૩૦ના દાયકામાં અમેરિકાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે ભરતીના કારણે પૂરનું પ્રમાણ વધશે. ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઑફ સાયન્સ, બેંગલુરુ અને ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઑફ ટેક્નૉલૉજી, કાનપુરના સંશોધકોએ તેમના અભ્યાસમાં અહેવાલ આપ્યો છે કે તાજેતરના વર્ષોમાં ગંગા બેસિનમાં વિનાશક ભૂસ્ખલન અને પૂરની આવર્તન સંખ્યા વધી છે. જળવાયુ પરિવર્તન અને બંધ બાંધવા જેવી માનવીય પ્રવૃત્તિઓ ગંગાને અસર કરી રહી છે. ભારત સરકારના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય અનુસાર, ભારતમાં ૧૯૦૧ થી ૨૦૧૮ની વચ્ચે સપાટીની હવાના તાપમાનમાં ૦.૭ ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે, જેના કારણે વાતાવરણમાં ભેજ પણ વધ્યો છે. હિંદ મહાસાગરમાં દરિયાની સપાટીનું તાપમાન પણ ૧૯૫૧ અને ૨૦૧૫ વચ્ચે લગભગ ૧ ડિગ્રી સેલ્સિયસ વધ્યું છે. આ રીતે, વાતાવરણમાં અસામાન્ય વધારો ચોમાસાની પેટર્નને અસર કરી રહ્યો છે જે પૂર અથવા કુદરતી આફતોના સ્વરૂપમાં જોવા મળે છે. પૂરનાં અન્ય કારણો છે - નદીઓના માર્ગમાં ઊભા થતાં નવા નવા અવરોધ, કુદરતી ડ્રેનેજ માર્ગો અવરોધિત કરવા, તળાવોના નિર્માણને બદલે પાકા રસ્તાઓનું નિર્માણ વગેરે.

**ઈશ્વર આપણા પ્રેમાળ પિતા છે ને તેઓ બધી વાતે આપણી સંભાળ લેશે એવો ભરોસો આવી માગણીની પ્રાર્થના માંથી વ્યકત થાય**

# ત્રણ વાનાં મુજને મળ્યાં હૈયું, મસ્તક અને હાથ બહુ દઈ દીધું નાથ! જા ચોથું નથી માગવું, બસ સંતોષથી મોટું કોઇ સુખ નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**આધ્યાત્મિક રીતે નબળા પડશો તો સમસ્યાઓ હંમેશા તમારા પર હાવી રહેશે, સમસ્યા ગમે તેટલી મોટી હોય, તેનો કોઈને કોઈ ઉકેલ ચોક્કસ જ હોય છે, સમસ્યાનો હિંમતપૂર્વક સામનો કેવી રીતે કરવો તે જાણવું જોઈએ કારણ કે સમસ્યાનો સામનો કરવાથી દૂર થાય છે, પીછેહઠ કરવાથી નહીં, ભાગવું એ કોઈ સમસ્યાનો ઉકેલ નથી**



સુખમાં સાંભરે સોનીને દુઃખમાં સાંભરે રામ. આ કહેવત સર્વ મુખેથી નીકળતી એક સાર્થક છે. અત્યારે તો સોનું ચાંદી કયાં પહોંચ્યાં છે આ વર્ષો જૂની કહેવત આજે પણ સમય બદલાયો છતાં એટલી જ તરોતાજા છે મોટે ભાગે તો આપણે આપણી જરૂરિયાતો પૂરી પડે ને આપણાં દુઃખો ટળે એ ઈરાદે જ ભગવાનને પ્રાર્થના કરતાં હોઈએ છીએ.બધી જ બાબતે નચિંત માણસ કેવળ પોતાની જાત નોજ વિચાર કરે એમાં નવાઈ નથી  તેથી જ કદાચ ઈશ્વર આપણા પર કસોટીઓને દુઃખો આવવા દે છે. એમ કહો કે પોતા ભણી આપણને પાછા વાળવાનો ઈશ્વર પાસે આ જ ઈલાજ છે. આખરે તો ઈશ્વર જ મારા જીવનનું એક માત્ર લક્ષ્ય છે એ મારે કદી વીસરવુંના જોઈએ. આપણી રોજિંદી જરૂરિયાતો આપણે ઈશ્વર આગળ રજૂ કરીએ એમાં ખરેખર તો કંઈ જ અજુગતું નથી. જેવી રીતે બાળકો પોતાના પ્રેમાળ પિતા પાસે જાય છે એ જ ભાવના ધારણ કરી આપણે ઈશ્વર પાસે જઈએ એવું ઈશ્વર ઈચ્છે છે. ખુદ પ્રભુએ આપણને આપણી જરૂરિયાત ઈશ્વર પાસે માગવા જણાવ્યું છે. આવી માગણીની પ્રાર્થના આપણી મર્યાદાઓને ઈશ્વર પ્રત્યેનું આપણું આલંબન પૂરેપૂરું છતું કરે છે. સાથોસાથ આવી પ્રાર્થના ઈશ્વર પરનો આપણો અખૂટ વિશ્વાસ પણ પ્રગટ કરે છે. ઈશ્વર આપણા પ્રેમાળ પિતા છે ને તેઓ બધી વાતે આપણી સંભાળ લેશે એવો ભરોસો આવી માગણીની પ્રાર્થના માંથી વ્યકત થાય છે. આવી પ્રાર્થના સામાન્ય રીતે ઈશ્વરના આભાર માનવાની સાથે પૂરી થવી જોઈએ. આપણા રોજિંદા જીવનમાં સામી વ્યકિત આપણા માટે કંઈ કરે તેનો આભાર માનવાનો વિવેકનો એક શિરસ્તો આપણે પાળેલો છે. આભાર એક સુંદર સદગુણ છે, ભલા ઈશ્વરનો વારંવાર આભાર માનવાનો શિર સ્તો આપણે કેમ ન પાળીએ? પણ પ્રાર્થનાનું ખરું સ્વરૂપ તો ઈશ્વરનાં ગુણગાન જ છે. ઈશ્વરની કરુણાનાં નિત્યગાન ગાવાં એમાં જ માનવ અવતારની સાર્થકતા રહેલી છે. ધર્મગ્રંથો ઈશ્વરનાં આવાં ગુણગાન થી છલોછલ ભરેલાં છે. પ્રાર્થના કરતી વેળાએ ઈશ્વરની સન્મુખ આવતાં જ આપણાં હૃદયમાંથી આપોઆપ ઈશ્વરનાં ગુણગાન સરી પડવાં જોઈએ. ઈશ્વરે મારા પ્રત્યે ખાસ પ્રેમ બતાવ્યો છે તેનો પ્રતિભાવ હું મારી પ્રાર્થના વડે પાડું. ઈશ્વરે મને કેટકેટલું આપ્યું છે ! ઈશ્વરે પોતાનો પુત્ર શુદ્ધ મને આપી દીધો છે. આ જોઈને ઈશ્વરને ચરણે પડયા વિના હું કેમ રહી શકું? આપણે શરૂઆતમાં સોનાની વાત કરી સોનું અને સમસ્યા બંને એક રાશિના છે સ્વામી વિવેકાનંદજી કહેતા હતા કે દુઃખએ વાંદરા ઓ જેવા હોય છે જે તમારો પીછો કરે છેઅને જ્યારે તમે તેનો સામનો કરો છો ત્યારે ભાગી જાય છે. જો તમે આધ્યાત્મિક રીતે નબળા પડશો તો સમસ્યાઓ હંમેશા તમારા પર હાવી રહેશે. સમસ્યા ગમે તેટલી મોટી હોય, તેનો કોઈને કોઈ ઉકેલ ચોક્કસ જ હોય છે. સમસ્યાનો હિંમતપૂર્વક સામનો કેવી રીતે કરવો તે જાણવું જોઈએ કારણ કે સમસ્યાનો સામનો કરવાથી દૂર થાય છે, પીછેહઠ કરવાથી નહીં. ભાગવું એ કોઈ સમસ્યાનો ઉકેલ નથી પરંતુ જાગવું એ સમસ્યાનો ઉકેલ છે. જો તમારો આત્મવિશ્વાસ નબળો હશે તો જીવન તમને દરેક રીતે ત્રાસ આપશે, કોઈપણ સમસ્યાનો એકમાત્ર ઉકેલ એછેકે તેનોસામનો કરવો. તેને ઘટાડવાનો શ્રેષ્ઠ માર્ગ છે. સામનો કરતા શીખો,ઉકેલના દરવાજા આપો આપ ખુલી જશે! કોઈ મંદિર જઈને પોતાના ઉપાસ્ય દેવની મૂર્તિના દર્શન કરે છે. એનાથી તેના મનમાં શ્રદ્ધા જાગે છે. શ્રદ્ધાથી મનમાં સૌમનસ્યતા જાગે છે. સૌમન્સ્યતા ચિત્તને એકાગ્ર કરવા માં સહાયક થાય છે. પોતાના ઉપાસ્ય દેવની મૂર્તિ ખુલ્લી આંખે નિહાળે છે અને પછી આંખો મીંચી વારંવાર તેનું ધ્યાન કરે છે. આ અભ્યાસ  દ્વારા તે આકૃતિ બંધ આંખોની સામે પણ આવવા લાગે છે. આ પ્રકારે ચિત્તને એકાગ્ર કરવાનું એક સાધન પ્રાપ્ત થઈ જાય છે. આકૃતિનુંધ્યાન કરતાં કરતાં પોતાના ઉપાસ્ય દેવ નાં ગુણોનું ધ્યાન કરવા લાગે છે અને એ ગુણોને પોતાના જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવા લાગે છે. આ ખરેખર કલ્યાણકારી છે. પરંતુ આ બધું તો કરે નહીં, કેવળ મંદિર જવા અને મૂર્તિની સામે યંત્રવત્ માથું નમાવવાને જ સંપૂર્ણ ધર્મ માની લે તો તે ખોટા મૂલ્યાંકનને કારણે રૂઢિમાં ગુંચવાઈ જવું જ છે. એ જ પ્રકારે ભજન કીર્તન તલ્લીનતા માટે છે. ચિત્તને એકાગ્ર કરવાનું સાધન છે. પરંતુ તેમને કંઈક વધારે, કંઈક બીજું જ માનવા લાગીએ તો પાછા ભટકી જઈએ છીએ. કોઈ ગુરુ કે સંતના દર્શન, તેમને કરેલું નમન, તેમના પ્રત્યે શ્રદ્ધા જગાડવા છે. તેમનાં ગુણોને જોઈ મનમાં પ્રેરણા જગાડીએ અને તે ગુણ સ્વયં ધારણ કરીએ, એ નિમિત્તે છે. પરંતુ એનું તેથી વધારે મૂલ્યાંકન કરવા લાગીએ છીએ તો વિવેક ખોઈ બેસીએ છીએ અને અંધ શ્રદ્ધાને કારણે બુદ્ધિ જડ થવા લાગે છે. કોઈ ધર્મગ્રંથનો પાઠ કરીએ છીએ અથવા શ્રવણ કરીએ છીએ તો એટલા માટે કે તેથી આપણને પ્રેરણા મળે, માર્ગદર્શન મળે,જેથી ધર્મ જીવનમાં ઉતારી શકીએ પરંતુ તેને ભૂલી કેવળ શ્રવણ,પઠન ને જ સર્વસ્વ માની લઈએ છીએ તો ગાડી પાછી મિથ્યાદ્રષ્ટિના કીચડમાં ખૂંપી જાય છે. કોરો વાણીવિલાસ અને બુદ્ધિ વિલાસ ધર્મ નથી. જીવનમાં ઉતરેલ શીલસદાચાર જ ધર્મ છે. શીલસદાચારની પણ અલગ અલગ શ્રેણીઓ છે. અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય, સત્ય અને અપ્રમાદ આ શીલોમાંથી કોઈ એક કોઈ બે,કોઈ ત્રણ,કોઈ ચારઅથવા કોઈ પાંચેયનું પાલન કરે છેતો એક થી બીજો ક્રમશઃ વધારે ધાર્મિક છે. આમાં પણ કોઈ વ્યક્તિ કોઈ વિશિષ્ટ શીલનું પાલન એટલા માટે કરી શકે છે કે જે પરિસ્થિતિ અને પરિવેશમાં તે જન્મ્યો, ઉછર્યો અને રહે છે તે આ શીલ પાલનને અનુકૂળ છે. બીજી વ્યક્તિ નિતાંત પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ તે શીલનું પાલન કરે છે, મનને વશમાં રાખે છે તો આ બીજી વ્યક્તિ, પ્રથમથી અધિક શ્રેષ્ઠ છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે છેલ્લે ઉમાશંકર જોષીના હદયની ભગવાન સમક્ષ કરેલી વિનંતી સાથે અહીં અટકી એ. ત્રણ વાનાં મુજને મળ્યાં હૈયું, મસ્તક, હાથ, બહુ દઈ દીધું નાથ! જા ચોથું નથી માગવું. બસ સંતોષથી મોટું કોઈ સુખ નથી. અસ્તુ.

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'એક પેડ માં કે નામ' સમગ્ર રાજ્યમાં યોજાનાર અર્બન ફોરેસ્ટ અભિયાનનો આરંભ ગાંધીનગર ખાતેથી કરાવ્યો**

# રાજયવ્યાપી અર્બન ફોરેસ્ટ અભિયાનનો મુખ્યમંત્રીના હસ્તે ગાંધીનગરથી પ્રારંભ, કોબા ખાતે ૧૫૦૦ વૃક્ષો વાવી અર્બન ફોરેસ્ટનું નિર્માણ કરાશે










**અર્બન ફોરેસ્ટ અભિયાનના આરંભ પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી અલ્પેશ ઠાકોર, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર નટવરજી ઠાકોર, ગાંધીનગર જિલ્લા કલેક્ટર મેહુલ દવે, ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનર જે.એન. વાઘેલા સહિત મહાનુભાવો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત દેશવ્યાપી મહાઅભિયાન 'એક પેડમાં કે નામ'ને શહેરી વિસ્તારો સુધી પહોંચાડવાના ઉમદા અભિગમ અંતર્ગત તા. ૩૧મી ઓગસ્ટ સુધી સમગ્ર રાજ્યમાં અર્બન ફોરેસ્ટ ઉભા કરવાનું અભિયાન યોજાઈ રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અર્બન ફોરેસ્ટ અભિયાનનો આરંભ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના કોબા ખાતેથી વડના વૃક્ષ વાવીને કરાવ્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા. ૫મી જૂન, ૨૦૨૪ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસે આ 'એક પેડ માં કે નામ' અભિયાનનું આહવાન કર્યું હતું. પર્યાવરણ બચાવવાના વડાપ્રધાનશ્રીના ઉમદા અભિગમને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગ્રામ્યની સાથે સાથે શહેરી વિસ્તાર સુધી લઈ જવા માટે સમગ્ર રાજ્યમાં આગામી તા. ૩૧મી ઓગસ્ટ, ૨૦૨૪ સુધી અર્બન ફોરેસ્ટ મહાઅભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનનો આરંભ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ કોબા ખાતેથી મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યો હતો.

અર્બન ફોરેસ્ટ અભિયાન અન્વયે રાજ્યના શહેરોમાં વન-વૃક્ષનો વિસ્તાર વધારવાના લક્ષ્યાંક સાથે રાજ્યની મહાનગરપાલિકાઓ, ૧૫૭ નગરપાલિકાઓ અને તમામ ૧૬૫ યુએલબીમાં 'એક પેડ માં કે નામ' અંતર્ગત અર્બન ફોરેસ્ટ મહાઅભિયાન યોજવામાં આવ્યું છે. સરકારની સાથે સાથે પર્યાવરણના રક્ષણની વ્યક્તિગત જવાબદારી વિશે લોકોમાં વધુ જાગૃતિ લાવવા તમામ શહેરોમાં શહેરી વનીકરણ, મિયાવાકી વન અને ગ્રીન સ્પેસ સાથે સબંધિત અન્ય કાર્યક્રમો નાગરિકો, મહાનુભાવો તેમજ વિવિધ સંસ્થાઓની સહભાગીતા સાથે યોજાશે. 'એક પેડ માં કે નામ' વિશેષ મહાઅભિયાનમાં મહાનગરપાલિકા-નગરપાલિકા વિસ્તારમાં વોર્ડ દીઠ અથવા ઝોન દીઠ વિશેષ જગ્યા પર વૃક્ષારોપણ કરવામાં આવનાર છે. વૃક્ષારોપણ થયેલ રોપાઓના જતન માટે આ જગ્યાને ફરતે સુરક્ષા માટે ફેન્સીંગ/દીવાલ પણ બનાવવામાં આવશે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કોબાથી અર્બન ફોરેસ્ટ અભિયાનનો આરંભ મુખ્યમંત્રીશ્રીએ કરાવ્યો હતો અને ઉપસ્થિત સર્વે મહાનુભાવોના હસ્તે એક-એક વૃક્ષ રોપવામાં આવ્યું હતું.

કોબા ખાતે ૪૭૦૦થી વધુ ચો.મીટરના પ્લોટમાં અર્બન ફોરેસ્ટનું નિર્માણ થશે. જેમાં લીમડો, આંબો, આંબલી, બોરસલી, આમળા જેવા કુલ મળીને ૧૫૦૦ જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવશે. અર્બન ફોરેસ્ટ અભિયાનના આરંભ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી અલ્પેશ ઠાકોર, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર શ્રી નટવરજી ઠાકોર, ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી મેહુલ દવે, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર શ્રી જે.એન.વાઘેલા સહિત મહાનુભાવો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અભિષેકે દીકરી આરાધ્યા પર લગાવ્યા છે પ્રતિબંધ?

## જ્યારે પણ તેને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવામાં આવે છે ત્યારે તે તેનો જવાબ આપવામાં જરાય શરમાતો નથી





બોલિવૂડ એક્ટર અભિષેક બચ્ચન લાંબા સમયથી અલગ-અલગ પાત્રો ભજવી રહ્યા છે. જો કે, તેની ફ્લોપ ફિલ્મોને કારણે તે ઘણીવાર સોશિયલ મીડિયા પર ટ્રોલ થાય છે. પરંતુ એકવાર અભિનેતાએ સોશિયલ મીડિયા પર પુત્રી આરાધ્યાના સંબંધમાં સીમાઓ વિશે ખુલ્લેઆમ વાત કરી હતી. જ્યારે પણ અભિષેક બચ્ચનને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવામાં આવે છે ત્યારે તે તેનો જવાબ આપવામાં જરાય શરમાતો નથી. તેણે એકવાર ઈ-ટાઈમ્સને આપેલા ઈન્ટરવ્યુમાં આ અંગે ખુલીને વાત કરી હતી. અભિનેતાએ કહ્યું હતું કે તે પુત્રી આરાધ્યાને આ બધાથી દૂર રાખવા માંગે છે. અભિષેક બચ્ચને કહ્યું, હું સોશિયલ મીડિયા વિશે સ્પષ્ટ કહું છું કે એવી કેટલીક વસ્તુઓ છે જે મને આનંદ આપે છે. હું તેમાંથી આવતી રમૂજ અને માહિતીનો આનંદ માણું છું. પરંતુ કેટલીક એવી વસ્તુઓ છે જે મને આરામદાયક નથી લાગતી. આ બધાથી દૂર રહેવું જોઈએ.''અભિષેક બચ્ચને વધુમાં કહ્યું હતું કે, 'હું લોકોને સોશિયલ મીડિયા પર દરેક વાતની આઝાદી ન આપી શકું. જો મને લાગે છે કે સીમા લાદવાની જરૂર છે, તો હું ચોક્કસપણે તેને લાદીશ. સોશિયલ મીડિયા પર મારા વિશે ચર્ચા કરવાનો કોઈને અધિકાર નથી. મારા માતા-પિતા, હું અને મારી પત્ની સાર્વજનિક વ્યક્તિઓ છીએ, તેથી મને લાગે છે કે તમે તેના વિશે વાત કરી શકો છો.

### ધ સનના રિપોર્ટ અનુસાર, મુકેશ અંબાણીએ લંડનમાં ૭ સ્ટાર હોટલ બુક કરાવી છે

# લંડનમાં પણ અનંત રાધિકાના લગ્નની ઉજવણી થશે

## મુકેશ અંબાણી અને નીતા અંબાણીના સૌથી નાના પુત્ર અનંત અંબાણીના લગ્ન આ મહિને ૧૨ જુલાઈએ થયા હતા

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નની ઉજવણી હજી સમાપ્ત થઈ નથી. ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને નીતા અંબાણીના સૌથી નાના પુત્ર અનંત અંબાણીના લગ્ન આ મહિને ૧૨ જુલાઈએ થયા હતા. અનંત રાધિકાના લગ્નની ઉજવણી લાંબા સમય સુધી ચાલી હતી, જેમાં જામનગરમાં પ્રી-વેડિંગ પાટીથી માંડીને ઈટાલીમાં ક્રુઝ પાટી અને ત્યારબાદ હલ્દી, મહેંદી, સંગીત, લગ્નની ઉજવણી કરવામાં આવી છે. આ ગ્રાન્ડ વેડિંગ બાદ પણ રાધિકા અને અનંતે પોતાના સ્ટાફ અને વર્કર્સ માટે રિસેપ્શન પણ રાખ્યું હતું. લોકોના મનમાં એક સવાલ હતો કે અનંત રાધિકા નું વેડિંગ સેલિબ્રેશન ક્યારે સમાપ્ત થશે, પરંતુ લાગે છે કે અંબાણી પરિવાર હજુ પણ આ સેલિબ્રેશન પુરું કરવાના ઈરાદામાં મૂડમાં. ધ સનના રિપોર્ટ અનુસાર, મુકેશ અંબાણીએ લંડનમાં ૭ સ્ટાર હોટલ બુક કરાવી છે. આ હોટલને અંબાણીએ ૨ મહિના માટે એટલે કે સપ્ટેમ્બર સુધી બુક કરાવી છે. જણાવવામાં આવી રહ્યું છે કે અનંત રાધિકાના લગ્ન પછીનું ફંક્શન અહીં હશે અને આ સેલિબ્રેશનમાં ઘણા વિદેશી મહેમાનો જોડાઈ શકે છે. અનંત રાધિકા પોસ્ટ વેડિંગ સેલિબ્રેશનમાં અનેક જાણીતી બ્રિટિશ હસ્તીઓ હાજરી આપશે. મીડિયા રિપોર્ટ અનુસાર અંબાણીએ લંડનની ૭ સ્ટાર હોટલ સ્ટોક પાર્ક બુક કરાવી છે. તેને અંબાણીએ વર્ષ ૨૦૨૧માં પણ લીઝ પર લીધી હતી.





હવે આ હોટલમાં તેમના નાના પુત્ર અનંત અંબાણીના લગ્ન યોજાશે. 'ધ સન'ના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે મુકેશ અંબાણીએ સપ્ટેમ્બર સુધી આ ગ્રાન્ડ ૭ સ્ટાર હોટલ બુક કરાવી છે. અનંત રાધિકાના લગ્નની ચર્ચા પણ દુનિયાભરમાં થઈ હતી. આ લગ્ન અને તેના પ્રી વેડિંગ ફંક્શનમાં ઘણા હોલિવૂડ સ્ટાર્સ, રાજકારણીઓ અને બિઝનેસમેન હાજર રહ્યા હતા. રિહાનાએ પ્રી-વેડિંગ ફંક્શનમાં પરફોર્મ કર્યુ હતું. આ ફંક્શનમાં માર્ક ઝુકરબર્ગે પણ હાજરી આપી હતી. લગ્નના ફંક્શનમાં જસ્ટિન વેબરે પર્ફોમન્સ આપ્યું હતું. આ સાથે જ આ લગ્નમાં ફિફા વર્લ્ડ કપના ચેરમેનથી લઈને યુકેના પૂર્વ વડાપ્રધાન પણ સામેલ થયા હતા. અંબાણી પરિવારના આ સેલિબ્રેશનને ધ્યાનમાં રાખીને સ્ટોક પાર્ક એસ્ટેટ અને તેની આસપાસના વિસ્તારોમાં સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. દેખીતી રીતે હોટેલમાં બે મહિના સુધી ઘણી ઉજવણી થશે, જેમાં બોરીસ જોન્સન, ટોની બ્લેર, ચેરી બ્લેર અને પ્રિન્સ હેરી જેવી હસ્તીઓ હાજરી આપે તેવી અપેક્ષા છે. આવી સ્થિતિમાં સુરક્ષાથી લઈને વ્યવસ્થા સુધીની તૈયારીઓ અત્યારથી જ શરૂ કરી દેવામાં આવી છે. બ્રિટિશ અખબારમાં જણાવવામાં આવ્યું છે કે લંડનમાં સ્થિત આ સ્ટોક પાર્ક હોટલ લાંબા સમયથી સામાન્ય લોકો માટે બંધ છે. પરંતુ અંબાણી પરિવારના સભ્યો માટે ખુલી રહી છે. હવે મુકેશ અંબાણીએ બે મહિના માટે હોટલ બુક કરાવી છે. આવી સ્થિતિમાં, એસ્ટેટની ગોલ્ફ કોર્સ ક્લબના લગભગ ૮૫૦ સભ્યોને સપ્ટેમ્બર સુધી ક્લબથી દૂર રહેવા માટે કહેવામાં આવ્યું છે. અનંત અંબાણીએ ૧૨ જુલાઈના રોજ મુંબઈમાં રાધિકા મર્ચન્ટ સાથે લગ્ન કર્યા હતા. આ પછી ત્રણ દિવસ સુધી રિસેપ્શન પાર્ટી હતી. આ પહેલા જામનગરમાં અને પછી ક્રુઝમાં લગ્ન પહેલાની અનેક ઘટનાઓ બની હતી. એવું માનવામાં આવે છે કે અંબાણી પરિવારે આ ભવ્ય લગ્નમાં ૫૦૦ મિલિયન ડોલર સુધીનો ખર્ચ કર્યો છે. અંબાણી પરિવારે સેલિબ્રેશન માટે સ્ટોક પાર્ક એસ્ટેટ પસંદ કર્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે આ એસ્ટેટ ૨૦૨૧માં ૫૭ મિલિયન પાઉન્ડમાં લીઝ પર લીધો હતો. આ પછી તરત જ ૩૦૦ એકરના આ એસ્ટેટમાં રિનોવેશનનું કામ શરૂ થયું. લંડનની બહાર, બકિંગહામશાયરમાં સ્ટોક પાર્ક એસ્ટેટમાં હવેલી, ગોલ્ફ કોર્સ અને ટેનિસ કોર્ટનો સમાવેશ થાય છે.

### લગ્નનું વિચારતા કપલ સામે પેરેન્ટ્સની લવ લાઈફ આવે તો...

# ઘુડચડી ફિલ્મનું પહેલું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું

## સંજય દત્ત, રવિના ટંડન, પાર્થ સમથાન અને ખુશાલી કુમાર 'ઘુડચડી'માં સાથે કામ કરતાં જોવા મળશે

સંજય દત્ત, રવિના ટંડન, પાર્થ સમથાન અને ખુશાલી કુમાર 'ઘુડચડી'માં સાથે કામ કરતાં જોવા મળશે. તાજેતરમાં આ ફિલ્મનું પહેલું પોસ્ટ રિલીઝ કરવામાં આવ્યું હતું. હવે તેનું ટ્રેલર લોંચ કરવામાં આવ્યું છે. ૨ મિનિટ અને ૫૩ સેકન્ડના આ ટ્રેલરની શરુઆત ચાર્મિંગ યુવાનનું પાત્ર ભજવતા પાર્થ સમથાનની એક બિઝનેસ ડીલ દરમિયાન ખુશાલી કુમાર સાથે મુલાકાત થાય ત્યાંથી થાય છે. તેઓ પ્રેમમાં પડે છે અને લગ્ન કરવાનો નિર્ણય લે છે, જેમાં સંજય દત્ત પાર્થના પિતાનો રોલ કરે છે, જે તેના જૂના પ્રેમ, રવિના સાથે ટંડન સાથે સંપર્કમાં આવે છે અને તેઓ લગ્ન કરવાનો નિર્ણય લે છે. આ બધું જ ચિત્ર બદલાઈ જાય છે, જ્યારે પાર્થ અને ખુશાલીને ખબર પડે છે કે તેમના પૅરેન્ટ્સ ક્યારેક પ્રેમીઓ હતા અને તેઓ ફરી સંપર્કમાં આવ્યાં છે અને પ્રેમમાં પડ્યાં છે. હવે જો તેમના પૅરેન્ટ્સ લગ્ન કરે તો તેમના સંબંધોમાં પણ તેની અસર પડે. જોકે, આ પ્રકારના વિષયો પર તાજેતરમાં જ ઓટીટી પર ફિલ્મ આવી ચૂકી છે. તો હવે એ જોવાનું રહ્યું કે દર્શકોને આ ફિલ્મમાં કેટલો રસ પડશે અને કોણ કોની સાથે જોડી જમાવશે. પાર્થ સમથાને એક ઈન્ટર્વ્યુ કહ્યું હતું કે, ફિલ્મ સતત પાછી ઠેલાવાથી તેની ચિંતા બહુ વધી ગઈ છે. ક્યારેક તો તેને પોતાના કૅરિઅર વિશે પણ ચિંતા થઈ આવતી હતી. તેણે એમ પણ કહ્યું હતું કે આ ઈન્ડસ્ટ્રીમાં સફળતા મળે તો જ આગળ વધારે તકો મળે છે. જો લોકો તમારા કામને જાણે, તો તમને વધારે કામ મળે છે, પણ જો તમે દેખાશો જ નહીં તો તમે જલ્દીથી ભુલાઈ જશો. 'ઘુડચડી' ફિલ્મ બિનોય ગાંધી દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. આ એક મનોરંજન, રોમાન્સ, ડ્રામાનું મિશ્રણ છે, જે દરેક ઉમરના દર્શકને જોવી ગમે. આ ફિલ્મ જિઓ સિનેમા પર ૯ ઓગસ્ટથી સ્ટ્રીમ થશે.







### અનિલ કપૂરનું બિગબોસ સલમાનથી વધુ લોકપ્રિય

# છ મહિનામાં ૧૭ મિલિયન વ્યૂઝ સાથે સૌથી વધુ જોવાયેલા શોની યાદીમાં

અનિલ કપૂરે ડિજીટલ દુનિયામાં એક સંચાલક તરીકે બિગ બોસ ઓટીટી ૩થી ડેબ્યુ કર્યુ છે. આ શોની આગળની બે સીઝનનું સંચાલન સલમાન ખાન દ્વારા કરવામાં આવ્યું હતું. હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે દર્શકોએ અનિલ કપુરને સંચાલક તરીકે સ્વીકારી લીધો છે કારણ કે બિગબોસ ઓટીટીની ત્રીજી સીઝનને સૌથી વધારે વ્યૂ મળ્યા છે. આ શો ૨૧ જૂનથી શરૂ થયો છે અને એક જ મહિનામાં ઓટીટી પર આ વર્ષના છ મહિનામાં ૧૭ મિલિયન વ્યૂઝ સાથે સૌથી વધુ જોવાયેલા શોની યાદીમાં ટોપ પર પહોંચી ગયો છે. સલમાન હાલ તેની મૂર્ગદોસ સાથેની ફિલ્મ 'સિકંદર'ની તૈયારીમાં વ્યસ્ત છે. તેથી તેણે બિગબોસ ૩ સ્વીકાર્યુ નહીં. અનિલ કપુરના આ શોને પહેલાં અઠવાડિયામાં જ ૫.૩ મિલિયન વ્યૂ મળ્યા હતા જ્યારે બિગબોસ ઓટીટી ૨ને ૨.૪ મિલિયન વ્યૂ જ મળ્યા છે, આમ આ શોને પહેલાંની સીઝન કરતાં ૪૨ ટકા વધારે વ્યૂ મળ્યા છે. તેની પહેલાં 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો' અને 'શાર્કટૅન્ક ઈન્ડિયા' સીઝન થ્રી, 'રામ જન્મભૂમિઃ રિટર્ન ઓફ એ સ્પ્લેન્ડિડ સન', 'ધ ઈન્દ્રાણી મુખર્જી સ્ટોરીઃ બરીડ ટ્રુથ' અને 'લવ સ્ટોરિયા' ઓટીટી પર નોન ફિક્શનમાં ટોપના શો રહ્યા હતા. બિગબોસ આ વખતે જિઓ સિનેમા પ સ્ટ્રીમ થાય છે, જેમાં રણવીર શૌરી, લવકેશ કટારિયા, સના સુલતાન, સના મકબુલ, સાઈ કેતન રાવ, શિવાની કુમારી, વિશાલ પાંડે, નૈઝી, અરમાન મલિક અને કૃતિકા મલિક છે. આ ઉપરાંત અનિલ કપુર 'સુબેદાર'ની તૈયારીમાં વ્યસ્ત છે.



# અમિતાભ બચ્ચનની કૌન બનેગા કરોડપતિની નવી સિઝન વધુ થ્રિલિંગ



કૌન બનેગા કરોડપતિની ૧૫મી સિઝનના અંતિમ એપિસોડમાં અમિતાભ બચ્ચને એવી રીતે વિદાય લીધી હતી, જાણે દર્શકોને લાગ્યું હતું કે હવે અમિતાભ બચ્ચન અને કેબીસીને એકસાથે જોઈ શકાશે નહીં. પરંતુ લોકચાહના અને લોકલાગણીને માન આપીને ફરી તેની ૧૬મી સિઝનની જાહેરાત કરવામાં આવી ત્યારે પણ લોકોને લાગેલું કે આટલું ઝડપી નવી સીઝન નહીં આવે. સરપ્રાઈઝની આ પરંપરાને કેબીસીના નવા પ્રોમોએ આગળ વધારી છે. પ્રોમોમાં 'કૌન બનેગા કરોડપતિ'ની ૧૬મી સિઝનની તારીખ જાહેર થઈ છે. ૧૨ ઓગસ્ટથી નવી સિઝનને અમિતાભ બચ્ચન જ હોસ્ટ કરશે. આ વખતની સીઝન વધુ થ્રિલિંગ અને પ્રતિસ્પધીઓ માટે વધુ જીવન બદલવાની વધુ તક આપનારી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. તેની ટૅગ લાઈન આપવામાં આવી છે કે,''ઝિંદગી હે, હર મોડ પર સવાલ પૂછેગી, જવાબ તો દેના હોગા!'' જે સૂચવે છે કે આ વખતે વધારે સંખ્યામાં અને વધારે પ્રકારના પ્રશ્નો હશે, જેના જવાબો આપવામાં મુશ્કેલીનો સામનો કરવો પડશે. કેબીસી રમત અને પૈસા જીતવાની સાથે ડ્રામા અને ઉત્સુકતા તેમજ ભાવનાઓની રોલકોસ્ટર રાઈડ ગણાય છે.



એક વખતે સફળતાના કારણે અક્ષય કુમાર પાસે પણ અનેક ઓફર આવવા લાગી હતી

# પ્રભાસ પણ અક્ષયકુમારના માર્ગે? એક સાથે ત્રણ ફિલ્મોમાં કામ કરશે

પ્રભાસની 'કલ્કિ'ને બોક્સ ઓફિસ પર સફળતા મળી તેથી હાલ તે ખૂબ ઉત્સાહમાં છે. તેણે એ સાબિત કરી દીધું છે કે તે એક માત્ર તેલુગુ સ્ટાર છે જે તેલુગુ ભાષી રાજ્યો સાથે હિન્દી દર્શકો અને વિદેશોમાં પણ ફિલ્મને મોટી સફળતા અપાવી શકે છે. હાલ હવે તે આ વર્ષના અંત ભાગમાં બે નવી ફિલ્મો પર કામ શરૂ કરશે, સાથે જ હાલ તે જે ફિલ્મમાં કામ કરી રહ્યો છે તે પણ ચાલુ રાખશે. ડિરેક્ટર પ્રશાંત નીલ ઓગસ્ટમાં 'સાલાર ૨'નું શૂટ શરૂ કરવા માગે છે, તેમાં પ્રભાસે પણ જોડાવું પડશે. આ 'કલકી' પછી તેની પહેલી ફિલ્મ હશે. આ સિવાય પ્રભાસ ફિલ્મ મેકર હનુ રાઘવપુડીની પિરીયડ ડ્રામા પણ આ વર્ષના અંત સુધીમાં શરૂ કરી દેશે. આમ ટૂંક સમયમાં પ્રભાસ એક સાથે બે ફિલ્મો શરૂ કરશે. આ ઉપરાંત તે મરાઠી ફિલ્મ 'ધ રાજા સાબ' પણ પૂરી કરશે. ઘણા વર્ષોથી આ ફિલ્મનું શૂટિંગ ચાલે છે. તો બીજી તરફ ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ પણ ૨૦૨૫ની શરૂઆતમાં શરૂ થશે. એક વખતે સફળતાના કારણે અક્ષય કુમાર પાસે પણ અનેક ઓફર આવવા લાગી અને તેણે સ્વીકારી પણ લીધી. એક પછી એક અક્ષયની એટલી બધી ફિલ્મો આવવા લાગી કે સ્થિતિ એવી થઈ કે જાણે ઓડિયન્સને તેની ફિલ્મો જોવામાં રસ જ ન રહ્યો અને પછી તેની ફિલ્મો એક પછી એક બોક્સ ઓફિસ પર નિષ્ફળ થવા માંડી. આમ કલ્કિ અને બાહુબલિની કે સાલારની સફળતાને કારણે પ્રભાસ પણ એક પછી એક ફિલ્મો સ્વીકારવા માંડ્યો છે અને આ ફિલ્મો એક પછી એક રિલીઝ થયા કરશે કે એક સાથે ક્લેશ થશે તો તેમની સ્થિતિ પણ અક્ષય કુમારની ફિલ્મો જેવી થવાનો ડર પ્રભાસના ફૅન્સને સતાવવા લાગ્યો છે. હવે આવનારા દિવસોમાં જોવાનું રહ્યું કે, પ્રભાસની કઈ ફિલ્મ ક્યારે આવે છે અને કેટલી ચાલે છે.




### અનિલ શર્મા પણ ટ્રેલર લોન્ચ પર હાજર હતા

# ૯ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ થિયેટરોમાં 'આલિયા બાસુ ગયબ હૈ' રીલીઝ થશે

રિહેબ પિક્ચર્સ 'આલિયા બાસુ ગાયબ હૈ'નું ફર્સ્ટ લૂક પોસ્ટર રિલીઝ થઈ ગયું છે. હવે રિહેબ પિક્ચર્સ વિનય પાઠક, રાયમા સેન અને સલીમ દીવાન જેવા કલાકારો સામેલ છે. ટ્રેલર લોન્ચ સમયે બ્લોકબસ્ટર ફિલ્મ નિર્માતા અનિલ શર્મા પણ ટ્રેલર લોન્ચ પર હાજર હતા, પ્રીતિ સિંઘ દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ ટ્રેલરથી જ એક રોમાંચક રાઈડનું વચન આપે છે , ચાહકોને સસ્પેન્સફુલ ડ્રામા અને ફિલ્મના મુખ્ય પાત્રોનો પરિચય કરાવવા માટે ટ્રેલર ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ થ્રિલર ફિલ્મનું ટ્રેલર પણ રીલિઝ થઈ ચૂક્યું છે નિર્માતા ડૉ. સત્તાર દીવાને પોતાનો ઉત્સાહ શેર કરતા કહ્યું કે, ''ફિલ્મ બનાવવા પાછળનો ઉદ્દેશ્ય ભારતીય સિનેમામાં થ્રિલર સંસ્કૃતિને પાછી લાવવાનો છે.'' મનોરંજનની અપીલ અને યોગ્ય કન્ટેન્ટ ધરાવતી થ્રિલર ફિલ્મો હંમેશા ચાહકો દ્વારા પસંદ કરવામાં આવી છે અને અમે એક એવી ફિલ્મ બનાવી છે જે ચાહકોને ચોંકાવનારા ટ્વિસ્ટ અને ટર્નથી ભરેલી નવી દુનિયામાં લઈ જશે.''દિગ્દર્શક પ્રીતિ સિંહે કહ્યું, ''આલિયા બાસુ ગયબ હૈ મારી પાસે એવા સમયે આવી જ્યારે હું મારા મોટા પડદે દિગ્દર્શક તરીકે પદાર્પણ કરવા માટે યોગ્ય સ્ક્રિપ્ટ શોધી રહી હતી. એક દિગ્દર્શક તરીકે, મેં હંમેશા ચાહકોને પ્રથમ સ્થાન આપ્યું છે, અને આ થ્રિલર સાથે અમે સમગ્ર ટીમ તરીકે અસલી મોટા પડદા પર મનોરંજન લાવ્યા છીએ. ૯ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ થિયેટરોમાં 'આલિયા બાસુ ગયબ હૈ' જોવા માટે તૈયાર થઈ જાવ. રિહેબ પિક્ચર્સે 'આલિયા બાસુ ગયબ હૈ'નું ફર્સ્ટ લૂક પોસ્ટર રિલીઝ કરીને ચાહકોને ખુશ કરી દીધા હતા. હવે ચાહકો ફિલ્મની રાહ જોઈ રહ્યા છે.




### પોતાની સફળ કારકિર્દીને બદલે | હરલીન સેઠીને વિકી કૌશલની એક્સની ઓળખ પર વાંધો

# 'મારી પણ એક ઓળખ છે, હું માત્ર કોઈની એક્સ નથી'

## મોટા ભાગે વિકી કૌશલની એક્સ તરીકે ઓળખવામાં આવે છે

હરલીન સેઠીને તેની પોતાની સફળ કારકિર્દીને બદલે ઓળખવાને બદલે મોટા ભાગે વિકી કૌશલની એક્સ તરીકે ઓળખવામાં આવે છે. ખાસ તો વિકી કૌશલ સાથે બ્રેક અપ બાદ તેના પર આ લેબલ લગાવી દેવામાં આવ્યું છે. વિકી કૌશલ જ્યારે સ્ટાર નહોતો બન્યો અને હરલીન પણ ઈન્ડસ્ટ્રીમાં નવી હતી ત્યારે તેઓ કારકિદીની શરૂઆતના સમયમાં ડેટ કરતાં હતાં. તેમનો રોમાન્સ પણ કોઈથી છૂપો નહોતો. પરંતુ સમયાંતરે બંનેના રસ્તા અલગ થઈ ગયા હતા. જેનાથી તેમના અંગત જીવન પર સવાલો ઉઠતાં થયાં હતાં. ત્યારે હવે અંતે હરલીને પોતાનો ગુસ્સો ઠાલવ્યો છે. તાજેતરનાં એક ઈન્ટરવ્યૂમાં હરલીને કહ્યું કે તેના કામ અને મહેનતને કારણે તેની પોતાની અલગ ઓળખ પણ છે. તેની પોતાની સિદ્ધિઓ અને મહેનતના આધારે તે ઓળખાવી જોઈએ, નહીં કે સતત તેને વિકી કૌશલ સાથે જોડવામાં આવે. તેણે પોતાની બહુમુખી પ્રતિભા પર ધ્યાન આપવા આગ્રહ કર્યો હતો. હરલીને કહ્યું,''મારા ઈન્સ્ટાગ્રામ બાયોમાં પણ મેં લખ્યું છે, ''આઈ એમ'' એ સિવાય કશું જ નથી.'' હરલીને કરેલા વિવિધ રોલ પર ભાર મુકતાં તેણે કહ્યું,''હું મારી જાતને જનરલ કહું છું, હું મારી જાતને માત્ર એક એક્ટર તરીકે પણ બાંધવા માગતી નથી. હું બધું જ છું, હું એક અભિનેત્રી છું, એક બહેન છું, એક મિત્ર છું, એક આત્મવિશ્વાસુ સ્ત્રી છું, હું એક નીડર સ્ત્રી છું કે પછી એક ગભરું સ્ત્રી છું એ ''આઈ એમ'' છે.'' તેણે એક વ્યક્તિને તેના વિવિધ વ્યક્તિત્વોની દૃષ્ટિએ જોવાની વાત કરી હતી. હરલીન અને વિકી બંને પોતાના જીવનમાં આગળ વધી ગયા છે અને તેઓ 'ઉરી-ધ સર્જિકલ સ્ટ્રાઈક' પછી અલગ થઈ ગયા હતા. વિકી કેટરિના સાથે પરણી ગયો છે અને લાગે છે કે હરલીનને પણ એક્ટર વૈભવ રાજ ગુપ્તામાં પોતાનો પ્રેમ મળી ગયો છે. વિકી કૌશલે કરન જોહર તથા નેહા ધૂપિયાના શોમાં હરલીન સેઠી સાથે સંબંધો હોવાનો સ્વીકાર કર્યો હતો. બંને વચ્ચે ૨૦૧૮-૧૯ના દરમિયાન સંબંધો રહ્યા હતા. બંનેએ સો.મીડિયામાં એકબીજાની તસવીર પણ શૅર કરી હતી. તે સમયે બંનેના લગ્નની પણ ચર્ચા થતી હતી. એક ઈન્ટરવ્યૂમાં વિકી કૌશલે કહ્યું હતું કે એક પાર્ટીમાં તેની મુલાકાત હરલીન સેઠી સાથે થઈ હતી. અહીંથી બંનેની લવસ્ટોરી શરૂ થઈ હતી. વિકીએ એમ પણ કહ્યું હતું કે પહેલી જ વાર પાર્ટીમાં હરલીનને જોઈ તો તે જોતો જ રહી ગયો હતો. તે જ્યારે હરલીન સાથે હોય છે.






# અમદાવાદ જિલ્લાના છેવાડાના ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લેતા જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે

### શ્રી વિદેહ ખરેએ તાલુકા વહીવટીતંત્રને સાથે રાખી ગ્રામજનો સાથે સંવાદ કરી તેમની સમસ્યાનું ત્વરિત નિવારણ કર્યું

। (માહિતી) અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરેએ જિલ્લાના છેવાડાના વિસ્તારની મુલાકાત લીધી હતી. શ્રી વિદેહ ખરેએ ધોલેરા તાલુકાના પાંચ જેટલા ગામો કામાતળાવ, રાહતળાવ, હેબતપુર, ગોગલા અને શોઢી ગામની મુલાકાત લઈ સ્થાનિક પ્રશ્નોની માહિતી મેળવી હતી.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરેએ તાલુકા વહીવટીતંત્રને સાથે રાખી પાંચ ગ્રામ્ય પંથકની મુલાકાત લઈ ત્યાંના પ્રશ્નોની વિગતવાર માહિતી મેળવી સબંધિત અધિકારીઓએ સાથે ચર્ચા કરી હતી. આ ઉપરાંત વિકાસના કાર્યોની પણ સમીક્ષા કરી હતી. વધુમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ત્રણેય ગામના ગ્રામજનો સાથે



સંવાદ સાધી તેમની સમસ્યાને ધ્યાનપૂર્વક સાંભળી હતી અને હકારત્મક ઉકેલ લાવવાની ખાતરી પણ આપી હતી અને અમુક પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ કર્યું હતું. આ મુલાકાત પ્રસંગે ધોલેરા તાલુકાના ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી તથા તાલુકાના પદાધિકારીઓ સહિતના સ્થાનિક વહીવટીતંત્રના લોકો હાજર રહ્યા હતા.



આજરોજ અર્બન કો. ઓપરેટીવ બેંક લી. સંતરામપુર ના વાઈસ ચેરમેનની વરણી થતા સંતોષભાઈ ગજેન્દ્રપ્રસાદ જોશીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. તેઓ સહકારભારતી મહીસાગર જિલ્લાના મહામંત્રી તેમજ ચેનલ નાઈન નેટવર્ક ગુજરાતના બ્યુરો ઈન ચીફ મહીસાગર તરીકે હોદ્દા ધરાવે છે. જોશી ભાઈ ને ખુબ ખુબ અભિનંદન.

# ઝાલોદ તાલુકાના ખરસાણા ખાતે વીજ લાઈન સમસ્યા બાબતે ગ્રામજનોએ વીજ વિભાગમા કરી રજૂઆત

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૬ ।

ઝાલોદ તાલુકાના ખરસાણા ગામે મૂનિયા ફળિયામા ઘણા સમયથી વીજ લાઈનની લગતી સમસ્યાના કારણે ગ્રામજનોને પુરતો વીજ-જથ્થો ના મળતો હોવાના કારણે અતિશય હાલાકી ભોગવી રહ્યા હોવાની રાવ.જ્યારે નવી ડીપી પરનુ જોડાણ દુર કરી જુના ડી.પી પર જોડાણ ફરીથી કરવા માંગ કરાઈ હતી.જુના ડિપીની લાઈનથી ગ્રામજનોને વીજ જથ્થામા કોઈ હાલાકી પડતી ના હોવાથી કરાઈ માગ.. હાલ ચોમાસા દરમિયાન ગ્રામજનો અતિશય હાલાકી પડતી હોવાથી વારંવાર રજૂઆત કરાઈ તેમ છતા કામગીરી પુર્ણ ના થતા ફરીથી ઝાલોદ વીજ કંપનીના નાયબ ઈજનેરશ્રીને રુબરુ મોટી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

સંખ્યામા ગ્રામજનો તેમજ આપ પાર્ટી પ્રમુખ અનિલભાઈએ પરોક્ષ રીતે અધિકારી સમક્ષ સમસ્યાઓ બાબતે રજૂઆત કરી ત્વરિત દુર કરવા માંગ કરાઈ હતી, જો આ બાબતે સંજ્ઞાન લેવામા નહી આવે તો ગાંધી માર્ગે આંદોલન કરીશુ તેવી ચિમકી ઉચ્ચારી હતી.

# બિમારીમાં ડોકટર પાસે જવું પડે છે, એમ ભવિષ્યમાં લોકોએ ખેડૂત પાસે જવું પડશે! : ખેડૂત જયેશભાઈ પટેલ

### મરચી, હળદર, તરબૂચ અને અન્ય મિશ્ર પાક દ્વારા રાસાયણિક ખેતીની સરખામણીમાં ૭૦% જેટલી વધુ આવક મેળવતા જયેશભાઈ પટેલ

। (માહિતી) અમદાવાદ, તા.૨૬ ।

“બિમાર પડો ત્યારે ડોકટર પાસે જવું પડે છે અને ડૉકટરની સલાહ અને સારવાર લેવી પડે છે તેમ આવનારા સમયમાં લોકોએ ખેડૂત પાસે જવું પડશે અને ખેડૂતની સલાહ લેવી પડશે!” આ વિચારો છે અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સરઢી ગામના ખેડૂત શ્રી જયેશભાઈ પટેલના. તેમના આ વિચારો આપણને ભવિષ્ય માટે વિચારવા મજબૂર કરે છે અને માનવ સ્વાસ્થ્યને લઈ ચેતવણી પણ આપે છે. સૌને માટે સ્વાસ્થ્યવર્ધક પાકનું ઉત્પાદન કરતા પ્રાકૃતિક ખેતીના હિમાયતી ખેડૂત શ્રી જયેશભાઈ પટેલ પાસે ૪૦ વીઘા જમીન છે. શરૂઆતના વર્ષોમાં તેઓ રાસાયણિક ખેતી કરતા હતા. પરંતુ પાંચ વર્ષ પહેલાં તેમના ખેતર સુધી નર્મદાના નીર પહોંચતા તેમણે કપાસ અને જુવાર સાથે જીરાનો પાક લેવાની શરૂઆત કરી હતી. આ સમય દરમિયાન શ્રી જયેશભાઈ પટેલ ખેતીવાડી વિભાગના આત્મા દ્વારા ચાલતી પ્રાકૃતિક કૃષિ માટેની તાલીમમાં સહભાગી થતા હતા. ધીમે ધીમે તેમને પ્રાકૃતિક કૃષિ વધારે રસપ્રદ અને આરોગ્યલક્ષી લાગતા તેમણે રાસાયણિક ખેતીના બદલે પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી.

આજથી પાંચ વર્ષ પહેલા શ્રી જયેશભાઈએ પાંચ વીઘા જમીનમાં પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી. તુવેરના પાક સાથે તેઓ પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રમાં પ્રવેશ્યા હતા. આજે વિવિધ કૃષિ પાકો પ્રાકૃતિક પદ્ધતિથી પકવે છે.

શ્રી જયેશભાઈ પટેલ પાસે એક દેશી ગાય છે. તેમણે ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરીને જીવામૃત અને ઘન જીવામૃત બનાવવાની પણ શરૂઆત કરી, સમય જતા તેમના ખેતરમાં તેમણે મરચી, હળદર, તરબૂચ અને અન્ય મિશ્ર પાક પણ લેવાની શરૂઆત કરી. પ્રાકૃતિક પેદાશો સાથે પોતાના કુટુંબને પ્રાકૃતિક પેદાશો મળી રહે તે



માટે શાકભાજીના પાક લેવાની શરૂઆત કરી હતી.

શ્રી જયેશભાઈ પટેલ પાકમાં જીવાત નિયંત્રણ માટે ૨૪ કલાક સુધી હિંગ અને અજમાને પાણીમાં પલાળી રાખી તેમાં લીમડાના તેલનું મિશ્રણ કરી બનાવેલા પાણીનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત ખાટી છાશ પણ જીવાત નિયંત્રણ માટે ઉપયોગી બને છે એમ તેમણે જણાવ્યું હતું. આ પ્રકારના પાણીના ઉપયોગથી તેમની જમીનમાં જીવાત અને રોગ નિયંત્રણ સાથે ખેડૂતના મિત્ર અળસિયાનું પ્રમાણ પણ વધવા લાગ્યું છે.

શ્રી જયેશભાઈએ હાલમાં ૧૫ વીઘા જેટલી જમીનમાં પ્રાકૃતિક ખેતીનો પ્રયોગ કર્યો છે. સમયાંતરે તેઓ રાસાયણિક ખાતરની સરખામણીમાં પ્રાકૃતિક કૃષિમાં વધારે ઉત્પાદન કરવા માંગે છે. રાસાયણિક ખેતીની સરખામણીમાં તેઓ ૭૦% જેટલી આવક પ્રાકૃતિક ખેતી દ્વારા મેળવે છે. શ્રી જયેશભાઈએ પ્રાકૃતિક ખેતીના ફાયદા ગણાવતા જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતીથી મારા ખેતરની જમીન ફળદ્રુપ બની રહી છે અને જમીનમાં અળસિયાનું પ્રમાણ પણ વધ્યું છે.

# સમાન ધ્યેય અને પદ્ધતિ અલગ ધરાવતી ઓર્ગેનિક ખેતી અને પ્રાકૃતિક (કુદરતી) ખેતી વચ્ચેનો તફાવત જાણીએ

। (માહિતી) અમદાવાદ, તા.૨૬ ।

ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શનમાં દરેક જિલ્લાના ખેડૂતો ધીરે ધીરે પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યા છે. પરિણામે પ્રાકૃતિક કૃષિને પ્રાધાન્ય આપવા માટે મુહિમ ચલાવવામાં આવી રહી છે.

પ્રાકૃતિક ખેતી નામ પરથી જ ખબર પડે છે કે આ ખેતી પ્રકૃતિ એટલે કે કુદરતની સાથે જોડાયેલી ખેતી છે. જ્યાં કુદરતી રીતે જ પાકને ઉગાડવામાં આવે છે. આપણે સૌને ક્યારેક તો વિચાર આવ્યો જ હોય કે જંગલમાં જે રીતે ઝાડ ઉગે છે ત્યાં તો કોઈ ખાતર-પાણી નાખવામાં નથી આવતું. તો ત્યાં કઈ રીતે યોગ્ય રીતે પાકનો વિકાસ થાય છે. તેનો જવાબ છે કુદરતી રીતે. બસ આ જ રીતને અપનાવવી હવે જરૂરી બની ગઈ છે. જે રીતે હાલના સમયે રાસાયણિક ખાતરોનો ઉપયોગ વધ્યો છે તેના કારણે ધરતી, પ્રકૃતિ સાથે માનવીના સ્વાસ્થ્યને પણ પારાવાર નુકસાન પહોંચી રહ્યું છે. તેથી જ આ નુકસાનને ઘટાડવા માટેના એકમાત્ર વિકલ્પ તરીકે પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતો વળ્યા છે. પરંતુ પ્રાકૃતિક કૃષિની સાથે સાથે એક બીજો શબ્દ છે ઓર્ગેનિક ખેતી. આપણે પ્રાકૃતિક ખેતી અને ઓર્ગેનિક ખેતીમાં મુઝવણ અનુભવતા હોઈએ છીએ. તો આવો આજે જાણીએ આ બંને પદ્ધતિમાં ફરક શું છે. ઓર્ગેનિક ખેતી અને કુદરતી ખેતી એ બે અલગ-અલગ કૃષિ અભિગમો છે. જે ટકાઉ, પર્યાવરણીય સ્વાસ્થ્ય અને આરોગ્યપ્રદ ખોરાકના ઉત્પાદનને પ્રાથમિકતા આપે છે. જ્યારે બંને પદ્ધતિઓ સિન્થેટીક ઈનપુટ્સને ઘટાડવા અને ઈકોસિસ્ટમના સંતુલનને પ્રોત્સાહન આપવાના સામાન્ય ધ્યેયો ધરાવે છે. આ બંને પદ્ધતિઓ ફિલસૂફી અને વ્યવહારમાં અલગ છે. ઓર્ગેનિક ખેતી નિયમિત ધોરણોના સમૂહનું પાલન કરે છે. જે કૃત્રિમ રસાયણો અને આનુવંશિક રીતે સંશોધિત સજીવો (જીએમઓ) ના ઉપયોગને પ્રતિબંધિત કરે છે. તેના બદલે જૈવિક ખાતરો, પાક રોટેશન અને જંતુ વ્યવસ્થાપન તકનીકો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. બીજી બાજુ, પ્રાકૃતિક ખેતી પરંપરાગત પદ્ધતિઓ અને પ્રકૃતિ સાથે સુમેળના સિદ્ધાંતોથી પ્રેરિત, ઓછામાં ઓછા હસ્તક્ષેપ પર ભાર મૂકે છે. અને ખેતી માટે કુદરતી પ્રક્રિયાઓનો જ ઉપયોગ કરે છે. ઓર્ગેનિક અને કુદરતી (પ્રાકૃતિક) ખેતી પદ્ધતિઓનો મુખ્ય ઉદ્દેશ્ય કૃત્રિમ ખાતરો અને રાસાયણિક જંતુનાશકોના ઉપયોગથી દૂર રહીને રાસાયણ મુક્ત ખેતી કરવાનો છે. તેઓ દેશી બિયારણની જાતો અને છોડ તેમજ બિન-રાસાયણિક ઘરેલું જંતુ નિયંત્રણની તકનીકોના ઉપયોગની હિમાયત કરે છે. પ્રાકૃતિક ખેતીને ઘણી વખત “ખેતીની કુદરતી રીત” અથવા “કંઈ ન કરવાની ખેતી” તરીકે વર્ણવવામાં આવે છે. જે ન્યૂનતમ હસ્તક્ષેપ પર ભાર મૂકે છે અને કુદરતને તેનો માર્ગ અપનાવવા દે છે. બીજી તરફ, સજીવ ખેતી(ઓર્ગેનિક ખેતી) એ એક વ્યાપક પ્રણાલી છે જેનો હેતુ સર્વગ્રાહી પ્રથાઓ દ્વારા કૃષિ ઈકોસિસ્ટમ માં છોડ અને પશુધન સહિત વિવિધ સમુદાયોની ઉત્પાદકતાને ઑપ્ટિમાઈઝ કરવાનો છે. ઓર્ગેનિક ખેતી મૂળભૂત પદ્ધતિઓ જેમ કે ખેડાણ, જથ્થાબંધ જૈવિક ખાતરો (જેમ કે ખાતર અને વર્મીકમ્પોસ્ટ), અને નીંદણને સ્થાન આપે છે. તેનાથી વિપરીત, કુદરતી ખેતી ખેડાણ, જમીન ખેડવી, નીંદણ અને જથ્થાબંધ જૈવિક ખાતરોનો ઉપયોગ જેવી પદ્ધતિઓને ટાળીને કુદરતી કૃષિ ઈકોસિસ્ટમને સાચવે છે. જથ્થાબંધ જૈવિક ખાતરો, સંશોધિત એગ્રોઈકોસિસ્ટમ્સ અને અન્ય ઈનપુટ્સની જરૂરિયાતને કારણે જૈવિક ખેતી મૂડી-સઘન એટલે કે ખર્ચાળ હોઈ શકે છે. તેનાથી વિપરીત, કુદરતી ખેતી અત્યંત ઓછી કિંમતની છે.

# અમદાવાદ શહેર પોલીસ દ્વારા નાગરિકોને ૨૦ લાખથી વધુનો મુદ્દામાલ પરત કરાયો

। (માહિતી) અમદાવાદ, તા.૨૬ ।

અમદાવાદ શહેર પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી પૂર્ણ થયે ચોરાયેલી વસ્તુઓ નાગરિકોને પરત કરવા માટે તેરા તુજકો અર્પણ કાર્યક્રમનું સમયાંતરે આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે શહેરના ઝોન-૧ વિસ્તારના સોલા પોલીસ સ્ટેશન હેઠળના અરજદારોને તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજીને તેમનો મુદ્દામાલ પરત કરવામાં આવ્યો હતો. જેમાં સોના-ચાંદીના દાગીના, વાહનો, મોબાઈલ ફોન સહિતની રૂપિયા ૨૦,૫૪,૬૦૦ની ચીજવસ્તુઓ તેમના મૂળ માલિકોને પરત કરવામાં આવી હતી.

શહેરના ઈન્ચાર્જ પોલીસ કમિશ્નરશ્રી અજય ચૌધરી તેમજ સેક્ટર ૧ના અધિક પોલીસ કમિશ્નર શ્રી નિરજ બડગુજરના માર્ગદર્શનમાં સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા સોમપુરા કેળવણી કેન્દ્ર ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જનસંવાદ અંતર્ગત ઝોન-૧ના નાયબ પોલીસ કમિશ્નરશ્રી



હિમાંશુ વર્માએ અરજદારોને તેમની વસ્તુઓ પરત સોંપી હતી. આ ઉપરાંત તેમણે અરજદારોના પ્રશ્નો સાંભળી નિરાકરણ માટે તેમને આશ્વસ્ત કર્યા હતા. તો કેટલાક કિસ્સાઓમાં સ્થળ પર જ નિરાકરણ કરાયું હતું.

આ અવસરે સ્થાનિક કાઉન્સિલર્સ, આગેવાનો, વરિષ્ઠ નાગરિકો તેમજ અરજદારો ઉપસ્થિત રહ્યા હતા. નાગરિકોની સલામતી માટે પોલીસ વિભાગના આ સક્રિય પ્રયાસને તેમણે બિરદાવ્યો હતો.

# માણેકપુર ગામના અંદાજિત ૧૦૦ નાગરિકોને સુરક્ષિત સ્થાને સ્થળાંતરિત કરવામાં આવ્યા



। (માહિતી) સુરત, તા.૨૬ ।

પૂર્ણા નદી તેની ભયજનક સપાટીની ઉપરથી વહી રહી છે. પૂર્ણા નદીમાં પાણીની આવક વધવાના કારણે નવસારી શહેરના ૧૬ શહેરી વિસ્તાર, ગ્રામ્યના ૧૧ અને જલાલપોર તાલુકાના ૧૧ ગામોને અસર થઈ શકે તેવાં ગામો છે. ‘ઝીરો કેઝ્યુલટી’ અભિગમને ધ્યેય બનાવી નવસારી જિલ્લા તંત્ર પ્રોએક્ટિવ કામગીરી કરી રહ્યું છે. જે અન્વયે નાગરિકોને સુરક્ષિત સ્થળે પહોચાડવાની કામગીરી કરવામાં આવી રહી છે. આજરોજ સવારે આઠ વાગ્યાના અરસામાં જલાલપોર તાલુકાના માણેકપોર ગામમાં પાણી ભરાવાની શરૂઆત થતાં તલાટી કમ મંત્રીશ્રી દ્વારા તાલુકા વહીવટી તંત્રને જાણ કરવામાં આવી હતી. એના ભાગરૂપે મામલતદારશ્રી, ટીડીઓશ્રી એ મળીને અંદાજિત સો લોકોને માણેકપુર પ્રાથમિક શાળા ખાતે સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. આ સાથે માણેકપુર ગામના હળપતિ વાસના પાંચ સગર્ભા માતા પૈકી ૨ બહેનો જે ૯ માસ અને ૨ બહેનો જે ૭ મહીનાનો ગર્ભ ધરાવે છે તેઓની સુરક્ષાના ભાગરૂપે આ ૪ બહેનોને નવસારી સીવીલ ખાતે એમ્બ્યુલન્સ મારફત અને મેડીકલ ટીમની નિગરાનીમાં સાવચેતીના ભાગ રૂપે સ્થળાંતર કરવામાં આવ્યા છે. અત્રે નોંધનીય છે કે સ્થળાંતરિત કરેલા નાગરિકો માટે ભોજન પાણી અને મેડીકલ ટીમ સહિત જરૂરી વ્યવસ્થા નવસારી જિલ્લા તંત્ર દ્વારા કરવામાં આવી છે.

# આફતની પરિસ્થિતીમાં નાગરિકોની પળખે નવસારી જિલ્લાતંત્ર

। (માહિતી) નવસારી, તા.૨૬ ।

નવસારી જિલ્લામાં સ્થળાંતરિત આશ્રિતો માટે ભોજન, પીવાના પાણી, દવા સહિતની જીવન જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવતું જિલ્લા તંત્ર - વરસાદી આપત્તિમાં કોઈ પણ નાગરિક અન્ન-જળ જેવી પાયાની જરૂરિયાતોથી વંચિત ન રહે તે માટે નવસારી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી છે. નવસારી જિલ્લામાં હાલ પુર્ણા નદીમાં પાણીની સપાટી વધતા અનેક નાગરિકોના ઘરોમાં પાણી ભરાઈ ગયા છે. આવી આફતની પરિસ્થિતીમાં નાગરિકની પળખે રાખી નવસારી જિલ્લાતંત્ર નાગરિકોની જીવન જરૂરી વસ્તુઓ આપી રહ્યું છે. જેમાં ભોજન, સ્વચ્છ પાણી સુવા માટે ચાદર ગાદલા, શૌચાલય સહિત પોલીસ કોન્ટેબલ પણ તૈનાત કરવામાં આવ્યા છે. નવસારી વિજલપોર નગરપાલીકાની વાત કરીએ તો, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત મિશ્ર શાળા નં.૧૦ ખાતે બાલાપીર દરગાહ, રામજી ખત્રી, રેલ રહાત કોલનીના અંદાજિત ૮૦ જેટલા નાગિરિકોને આશ્રય આપવામાં આવ્યો છે. નોંધનિય છે કે, આજદિને નવસારી નગરમાં કુલ-૧૫૬૦ નાગરિકો વિવિધ આશ્રયસ્થાનોએ રહેવાસ કરી રહ્યા છે. આ ઉપરાંત ૧૧૩ નાગરિકો સગાસબંધિને ત્યા રોકાયા છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારે તબિયતના મોરચે છોડીક દરકારની જરૂર છે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારા પ્રિયપાત્ર સાથે કેટલાક મતભેદોસ થઈ શકે છે-તમારી પરિસ્થિતિથી તમારા સાથીદારને વાકેફ કરાવવામાં તમને ખાસ્સી મુશ્કેલી પડશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. મોજ-મજા માટે તમે કોઈ ટ્રીપ પર જાવ એવી શક્યતા છે, જે તમારામાં શક્તિનો સંચાર કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે સવારે કરવામાં આવેલ ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. આજે એકાએક રૉમેન્ટિક મેળાપની આગાહી છે. અદ્યતન ટેક્નોલૉજી તથા હુન્નર શીખવામાં તમારી મદદ કરે તેવા ટૂંકા-ગાળાના પ્રોગ્રામમાં સહભાગી થાવ.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે કોઈ પણ સંજોગોમાં સંઘર્ષ ટાળો કેમ કે એનાથી તમારી બીમારી ઓર વકરી શકે છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે.

**સિંહ (મ,ટ) :**
આજે સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારામાંની ઉચ્ચ ઊર્જાને સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. મોટી વયની વ્યક્તિની તબિયત ચિંતાનું કારણ બનશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. કામના સ્થળે તમારા પ્રતિસ્પર્ધીઓને આજે તેમના ખરાબ કામનો બદલો મળશે.

**તુલા (ર,ત) :**
આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે કામનું દોડધામભર્યું સમયપત્રક તમને ગુસ્સાવાળા સ્વભાવના કરી શકે છે. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો। તમારા અનિશ્ચિત વર્તન છતાં જીવનસાથી સહકાર આપશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે ભરપૂર કામની વચ્ચે થોડો આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. પારિવારિક જવાબદારીઓ ભૂલશો નહીં. તમારા મિત્ર સાથે બહાર જાવ ત્યારે સારી રીતે વર્તો.

**મકર (ખ,જ) :**
આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમારા માટે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે. આશ્ચર્ય પમાડનારો સંદેશ તમને સારાં સપનાં આપશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમને દરરોજ કરતાં વધારે ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.

### કેનેડાના વડાપ્રધાન અને અન્ય નેતાઓને ઓનલાઈન ધમકી

# ધમકી મળી તો પીએમ ટ્રુડો ગિન્નાયા, કેનેડાના બેવડા વલણની ભારતે ટીકા કરી

### ૬ જૂનના રોજ, એક ૨૩ વર્ષીય વ્યક્તિની ટ્વિટર પર એક ઓનલાઈન પોસ્ટ કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ભારત પ્રત્યે કેનેડા દ્વારા બેવડા ધોરણો અપનાવાતા વિદેશમંત્રાલયે તેની ઝાટકણી કાઢી છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો અને અન્ય નેતાઓને ઓનલાઈન ધમકી આપવા બદલ કેનેડાએ બે લોકો પર આરોપ લગાવતાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે અમે આ અહેવાલો જોયા છે. જ્યારે કોઈ લોકશાહી કાયદાના શાસન અને અભિવ્યક્તિની સ્વતંત્રતાને માપવા માટે વિવિધ માપદંડ અપનાવે છે ત્યારે તે પોતાના જ બેવડા ધોરણોને છતા કરે છે. વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો સામે ઓનલાઈન ધમકીઓ બદલ બે લોકોની તાત્કાલિક ધરપકડ કરવામાં આવ્યા બાદ ભારતે કેનેડા પર તેના બેવડા ધોરણોનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે ભારતીય રાજદ્વારીઓને નિશાન બનાવનાર ખાલિસ્તાની તત્વો સામે કાર્યવાહી કરવામાં કેનેડા ખચકાય છે. કેનેડા દ્વારા વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો અને અન્ય નેતાઓને ઓનલાઈન ધમકી આપવા બદલ બે લોકો પર આરોપ લગાવવાના અહેવાલો પર, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે જ્યારે લોકશાહી કાયદાના શાસન અને અભિવ્યક્તિની સ્વતંત્રતાને માપવા માટે વિવિધ ધોરણો અપનાવે છે, ત્યારે તે તેના બેવડા ધોરણોને જ ઉઘાડા પડી જાય છે. અમે અપેક્ષા રાખીએ કે કેનેડા ભારત વિરોધી તત્વો સામે પગલાં લેશે જેમણે વારંવાર ભારતીય નેતાઓ, સંસ્થાઓ, એરલાઈન્સ અને રાજદ્વારીઓને હિંસાની ધમકી આપવાનો પ્રયાસ કર્યો છે. ટ્રુડો અને અન્ય કેનેડિયન નેતાને ઓનલાઈન ધમકીઓ આપવા બદલ આલ્બર્ટાના બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. ૬ જૂનના રોજ, એક ૨૩ વર્ષીય વ્યક્તિની ટ્વિટર પર એક ઓનલાઈન પોસ્ટ કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી જેમાં તેણે ટ્રુડોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

### યુએસના નાયબ વિદેશ મંત્રીનું નિવેદન

# મોદીને મોસ્કોમાં યુદ્ધ ગુનેગાર પુતિનને ભેટતાં જોઈ દુઃખ થયું

### નાટો સમિટ ટાણે જ મોદીએ લીધેલી રશિયાની મુલાકાત અંગે અમેરિકાએ ફરી બળાપો ઠાલવ્યો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬ ।

અમેરિકાના વિદેશ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ અમેરિકી સાંસદોને જણાવ્યું છે કે અમેરિકાના પ્રેસિડન્ટ જો બાઈડન વોશિંગ્ટનમાં નાટો સમીટની યજમાની કરી રહ્યાં હતાં ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રશિયાની મુલાકાતના પ્રતીકવાદ અને સમયથી યુએસ નિરાશ થયું હતું.

વડાપ્રધાન મોદીએ ૨૨મી ભારત-રશિયા વાર્ષિક સમિટ માટે રશિયાના પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિનના આમંત્રણ પર ૮-૯ જુલાઈના રોજ રશિયાની સત્તાવાર મુલાકાત લીધી હતી. યુક્રેન સંઘર્ષ શરૂ થયા બાદ મોદીનો આ પ્રથમ રશિયા પ્રવાસ હતો. ૨૦૨૨માં યુક્રેન પર રશિયાના આક્રમણની ભારતે હજુ સુધી નિંદા કરી નથી તથા વાતચીત અને મુત્સદ્દીગીરી દ્વારા સંઘર્ષના નિરાકરણની હાકલ કરી છે. મંગળવારે વોશિંગ્ટનમાં સાંસદોને દક્ષિણ અને મધ્ય એશિયા માટેના અમેરિકાના નાયબ વિદેશ પ્રધાન ડોનાલ્ડ



લૂએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદીના મોસ્કો પ્રવાસના પ્રતીકવાદ અને સમય વિશેની આપણી નિરાશા સાથે હું સંપૂર્ણ સહમત છું. અમે અમારા ભારતીય મિત્રો સાથે તે અંગે આકરી વાતચીત કરી રહ્યા છીએ. આ સંદર્ભમાં હું કહેવા માંગુ છું કે વડાપ્રધાન મોદીએ મોસ્કો ગયા તેના બે અઠવાડિયા પહેલા ઈટાલીમાં ૪૭ સમિટ દરમિયાન યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમિર ઝેલેન્સકીને પણ મળ્યાં હતાં. મોદી મોસ્કોમાં હતાં ત્યારે તેમણે શું કર્યુ તે અમેરિકા ખૂબ જ ધ્યાનથી જોયું હતું. કોઈ મોટી સંરક્ષણ ડીલ થઈ ન હતી. કોઈ ટેકનોલોજી સહકારની ચર્ચા થઈ ન હતી. આ ઉપરાંત, લાઈવ ટેલિવિઝન પર પુતિનની સામે મોદીએ કહ્યું હતું કે યુક્રેનમાં યુદ્ધ યુદ્ધના મેદાનમાં જીતી શકાશે નહીં અને યુદ્ધમાં બાળકોના મૃત્યુને જોઈને પીડા થાય છે. લુ આ મુદ્દા પર ઈન્ડિયા કોકસના ભૂતપૂર્વ સહ-અધ્યક્ષ જો વિલ્સનના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતાં. વિલ્સને જણાવ્યું હતું કે "વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું હું ખૂબ આદર કરું છું અને પ્રશંસા કરું છું, પરંતુ તે દિવસે મોસ્કોમાં યુદ્ધ ગુનેગાર પુતિનને ગળે લગાડતા જોઈને હું ચોંકી ગયો હતો અને દુઃખી થયો હતો. તે દિવસે પુતિને યુક્રેનના કિવમાં બાળકોની સૌથી મોટી હોસ્પિટલ પર ઈરાદાપૂર્વક મિસાઈલ છોડી દીધી હતી.

### કેનેડાના હિન્દુ સાંસદને આતંકવાદી પન્નુની ધમકી

# 'ભારત પાછા જાઓ, કેનેડામાં તમારા માટે જગ્યા નથી'

### પન્નુએ એક વીડિયો જાહેર કર્યો છે, જેમાં તે કેનેડાના હિન્દુ સાંસદ ચંદ્ર આર્યને તેના સમર્થકો સાથે ભારત જવા માટે કહી રહ્યો છે

। (એજન્સી) ટોરેન્ટો, તા.૨૬ ।

કેનેડા અને અમેરિકામાં રહીને ભારત વિરુદ્ધ આતંકવાદી ષડયંત્ર રચનાર ગુરપતવંત સિંહ પન્નુની હિંમત હવે એટલી વધી ગઈ છે કે તેણે કેનેડાના ચૂંટાયેલા સાંસદને ખુલ્લેઆમ ધમકીઓ આપવાનું શરૂ કરી દીધું છે. આતંકવાદી પન્નુ ભારતીય મૂળના હિંદુ કેનેડિયન સાંસદને માત્ર ધમકી જ નથી આપી રહ્યો, પરંતુ તેને ભારત પરત આવવા માટે પણ કહી રહ્યો છે.

ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ એક વીડિયો જાહેર કર્યો છે, જેમાં તે કેનેડાના હિન્દુ સાંસદ ચંદ્ર આર્યને તેના સમર્થકો સાથે ભારત જવા માટે કહી રહ્યો છે. ખરેખર, ચંદ્ર આર્ય કેનેડાના એ જ હિન્દુ સાંસદ છે, જે કેનેડામાં સતત ફેલાતા ખાલિસ્તાની આતંકવાદ સામે અવાજ ઉઠાવી રહ્યા છે. કેનેડાની સંસદથી લઈને વિવિધ મંચો પર ચંદ્ર આર્યએ પન્નુની ભારત વિરોધી પ્રવૃત્તિઓનો પર્દાફાશ કર્યો છે. સૌથી મહત્વની વાત એ છે કે ચંદ્ર આર્ય કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોની લિબરલ પાર્ટીના સાંસદ છે. આ વીડિયોમાં પન્નુએ કહ્યું, 'ચંદ્ર આર્ય અને તેના સમર્થકો માટે કેનેડામાં કોઈ જગ્યા નથી. ચંદ્ર આર્ય કેનેડામાં ભારતના એજન્ડાનો પ્રચાર કરી રહ્યા છે. તેણે તેની કેનેડિયન નાગરિકતા છોડી દેવી જોઈએ અને ભારત પરત ફરવું જોઈએ. ચંદ્ર આર્ય અને તેમના સમર્થકો ખાલિસ્તાનીઓ વિરુદ્ધ કામ કરી રહ્યા છે. કેનેડામાં રહેતા ખાલિસ્તાની શીખોએ કેનેડા પ્રત્યે તેમની દેશભક્તિ સાબિત કરી છે. અમે કેનેડાને વફાદાર છીએ.

### ૩૮૦થી વધુ લોકો ઘાયલ

# તાઈવાન-ફિલિપાઈન્સમાં ગેમી વંટોળમાં ૨૫નાં મોત

### ફિલિપાઈન્સમાં ભૂસ્ખલન અને પૂરના કારણે ૨૨થી વધુ લોકોના મોત થયા છે જ્યારે તાઈવાનમાં ત્રણ લોકોના મોત થયા છે

। (એજન્સી) તાઈપેઇ, તા.૨૬ ।

તાઈવાન અને ફિલિપાઈન્સના સમુદ્રમાં આવેલા વિકરાળ વંટોળ ગેમીના કારણે ૨૫થી વધુ લોકોના મોત થયા હતા અને ૩૮૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. ફિલિપાઈન્સમાં ભૂસ્ખલન અને પૂરના કારણે ૨૨થી વધુ લોકોના મોત થયા છે જ્યારે તાઈવાનમાં ત્રણ લોકોના મોત થયા છે. રિપોર્ટ અનુસાર છેલ્લા એક સપ્તાહથી બંને દેશોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. તાઈવાનના ઘણા શહેરોમાં વીજળી પણ ખોરંભાઈ ગઈ છે. ત્યાંની શાળાઓ અને કોલેજો આગામી આદેશ સુધી બંધ કરી દેવાની ફરજ પડી છે.ગેમી વંટોળની અસર ચીનમાં પણ જોવા મળી રહી છે. ફુજિયન પ્રાંતમાં ફ્લાઈટ્સ અને ટ્રેનો આગામી આદેશ સુધી બંધ કરી દેવામાં આવી છે. અત્યાર સુધીમાં ૧.૫ લાખથી વધુ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે.ચીનના હવામાન વિભાગે આગામી ત્રણ દિવસમાં રાજધાની બેઈજિંગ અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. દક્ષિણ ચીન સાગરમાં અનેક જહાજો ડૂબી જવાના અહેવાલો પણ પ્રાપ્ત થયાં છે. ભયાનક વંટોળ ગેમીના કારણે તાઈવાનના દક્ષિણ કિનારે એક જહાજ ડૂબી ગયું છે. તેના પર નવ ક્રૂ મેમ્બર હતા. તાઈવાનના કોસ્ટ ગાર્ડે જણાવ્યું છે કે દરિયાકાંઠે પલટી ગયેલા કાર્ગો જહાજ ફુ શુન પર મ્યાનમારના નવ નાગરિકો સવાર હતા. આ સિવાય ફિલિપાઈન્સમાં ૧.૫ લાખ લિટર ક્રૂડ ઓઈલ લઈ જતું એમટી ટેરા નોવા ટેન્કર જહાજ ગુરુવારે સવારે લિમે શહેર નજીક ડૂબી ગયું હતું.

### બંને નેતાઓના એકબીજા પરના આક્ષેપોને કારણે હોબાળો થતાં ગૃહની કામગીરી મુલતવી

# તમે કોંગ્રેસ છોડી એ દિવસે તમારા દાદાજી મર્યા : ચન્ની

### કોંગ્રેસ સાંસદે મંત્રી બિટ્ટુના દાદા પંજાબના પૂર્વ સીએમને ઉલ્લેખીને બોલતાં સંસદમાં હોબાળો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

સંસદના બજેટ સત્રનો ચોથો દિવસ પણ શોરબકોર અને ધાંધલધમાલનો ભોગ બન્યો હતો. લોકસભાની કામગીરી બે વખત ખોરવાઈ હતી. સત્તારૂઢ અને વિરોધ પક્ષોના સાંસદો વચ્ચે શબ્દ યુદ્ધ ફાટી નીકળ્યું હતું. કોંગ્રેસના સાંસદ ચરણજીત સિંઘ ચન્ની અને ભાજપના રવનીત સિંઘ બિટ્ટુ વચ્ચે ચકમક ઝરી હતી. કેન્દ્રીય બજેટ અંગેની ચર્ચામાં ભાગ લેતાં ચન્નીએ બિટ્ટુના દાદા પંજાબના પૂર્વ મુખ્યમંત્રી બિઅંત સિંઘની હત્યાનો ઉલ્લેખ કર્યો હતો. ચન્નીએ કહ્યું હતું કે બિટ્ટુજી તમારા દાદાજી શહીદ થયા હતા. પરંતુ તેઓ એ દિવસે મર્યા નહતા, તેઓ એ દિવસે મર્યા હતા જ્યારે તમે કોંગ્રેસ છોડી હતી. આને કારણે તાજેતરમાં જ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયેલા બિટ્ટુએ સામે દલીલબાજી કરી હતી. બિટ્ટુએ કહ્યું હતું કે મારા દાદાજીએ દેશ માટે કુરબાની આપી હતી, કોંગ્રેસ માટે નહીં. ચન્ની ગરીબીની વાત કરી રહ્યા છે. આ પંજાબનો સૌથી ધનિક માણસ છે. જો ન હોય તો હુ નામ બદલી દઈશ. રેલવે અને ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝના રાજ્યકક્ષાના મંત્રી બિટ્ટુએ ચન્ની અને ભૂતપૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી વિરુદ્ધ કેટલીક અંગત ટિપ્પણીઓ કરીને તેનો જવાબ આપતાં હોબાળો મચ્યો હતો. શબ્દોની ઉગ્રતા વચ્ચે કોંગ્રેસના સભ્ય અમરિંદર સિંઘ રાજાએ ગૃહના વેલમાં ધસી જવાનો પ્રયાસ કર્યો હતો. જોકે વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ તેમને અટકાવ્યા હતા. ટ્રેઝરી બેન્ચિઝમાંથી બિટ્ટુએ પણ વેલમાં આવવાનો પ્રયાસ કરતાં મામલો વણસ્યો હતો. એ પછી એ વખતે ગૃહનું અધ્યક્ષપદ સંભાળી રહેલા ભાજપના સભ્ય સંધ્યા રાયે કાર્યવાહી ૩૦ મિનિટ માટે મુલ્તવી રાખી હતી. ગૃહની કામગીરી ફરી શરૂ થતાં ચન્નીએ પોતાની સ્પીચ પૂરી કરી હતી. ચન્નીએ ખેડૂતોને આપેલા વચનો પૂર્ણ નહીં કરવાનો સરકાર પર આક્ષેપ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે સત્તારૂઢ પાટીના સભ્યો તેમની સ્પીચને અટકાવે છે.

### ભાજપના દિગ્ગજ નેતા પ્રભાત ઝાનું નિધન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

ભારતીય જનતા પાટીના વરિષ્ઠ નેતા પ્રભાત ઝાનું નિધન થયું છે. તેમના નિધનના સમાચારથી પાટી અને તેના સમર્થકોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. પ્રભાત ઝાએ તેમની રાજકીય કારકિદીમાં દેશની રાજનીતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું અને ભાજપમાં મહત્વપૂર્ણ હોદ્દા પર રહ્યા હતા. તેમના નિધનથી રાજકીય જગતમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. તેઓ લાંબા સમયથી બીમાર હતા. ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા. તેઓ મધ્યપ્રદેશમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ પણ હતા. ભાજપના વરિષ્ઠ નેતા અને મધ્યપ્રદેશના પૂર્વ અધ્યક્ષ પ્રભાત ઝા એક ગતિશીલ નેતા હતા અને પાટીમાં તેમનો સારો પ્રભાવ હતો. તેમનો જન્મ ૪ જૂન ૧૯૫૭ના રોજ બિહારના દરભંગામાં થયો હતો. પરંતુ તેઓ બાળપણમાં જ પરિવાર સાથે ગ્વાલિયર આવ્યા હતા.

### જૈન સમાજે સુપ્રીમ કોર્ટમાં કરી અરજી

# મધ્ય પ્રદેશના ભોજ શાળા વિવાદમાં હિન્દુ-મુસ્લિમ બાદ જૈન સમાજે પણ ઝંપલાવ્યું

। (એજન્સી) ભોપાલ, તા.૨૬ ।

મધ્ય પ્રદેશના ધાર જિલ્લામાં આવેલી ભોજ શાળા વિવાદમાં હિન્દુ અને મુસ્લિમ પક્ષ બાદ જૈન સમાજે પણ ઝંપલાવ્યું છે. જૈન સમાજે ભોજ શાળા પર દાવો કરી સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. આ પહેલા હિન્દુ અને મુસ્લિમ પક્ષે પણ સુપ્રીમ કોર્ટમાં અરજી કરેલી છે. જૈન સમાજનો દાવો છે કે, ભોજ શાળામાં ૧૮૭૫માં ખોદકામ કરાયું, ત્યારે જૈન યક્ષિણી અંબિકાની મૂર્તિ નીકળી હતી. આ મૂર્તિ હાલ બ્રિટિશ મ્યુઝિયમમાં સચવાયેલી છે.

જૈન સમાજે દાવો કર્યો છે કે, જૈન યક્ષિણી અંબિકાની મૂર્તિ સાથેનો શિલાલેખ પણ સચવાયેલો છે, જે અંબિકા દેવીના જૈન ધર્મ સાથે સંબંધ હોવાનો પુરાવો છે. જ્યારે હિન્દુ સમાજ આ મૂર્તિની વાગ્દેવી સરસ્વતીની હોવાનું કરી રહ્યા છે, તે દાવો વાસ્તવિકતામાં સાચો નથી. આ ઉપરાંત ખોદકામ દરમિયાન જૈન તીર્થંકરો, દેવી-દેવતાઓની મૂર્તિઓ, જૈન તીર્થંકરો સંબંધિત લાખણ, કાચબો, વાનર, શંખ, જૈન શિલ્પો અને શિલાલેખો પણ મળી આવ્યા છે. આજ તર્કના કારણે ભોજ શાળા પર જૈન સમાજનો દાવો યોગ્ય છે.

ASIએ ૧૫ જુલાઈના રોજ ભોજ શાળા મામલાનો ૨૦૦૦ પાનાનો રિપોર્ટ રજૂ કર્યો હતો. આ મામલે હાઈકોર્ટે તમામ પક્ષોને કહ્યું છે કે, તેઓ સુપ્રીમ કોર્ટના નિર્દેશની રાહ જુએ. હિન્દુ ફોરમ ફૉર જસ્ટિસ તરફથી અરજી કરનાર આશિષ ગોયલે કહ્યું કે, મધ્ય પ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર બેન્ચના ન્યાયાધીશ ધર્માધિકારી અને ન્યાયાધીશ રમણ કાંતની ખંડપીઠે ભોજશાળા કેસની સુનાવણી કરી છે.

અમે સુપ્રીમ કોર્ટમાં આપેલા વચગાળાના સ્ટેને હટાવવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. આ કેસની સુનાવણી ૩૦ જુલાઈએ થશે. હવે ૩૦ જુલાઈના રોજ સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ જ હાઈકોર્ટ પોતાનો નિર્ણય આપશે.

### સળગતા બાંગ્લાદેશની સ્થિતિ ટૂંકમાં સામાન્ય થશે : ભારત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૬ ।

બાંગ્લાદેશમાં છેલ્લા કેટલાક સમયથી નોકરીમાં અનામતના મુદ્દે વિરોધ પ્રદર્શનને પગલે ભારતના ૬,૭૦૦ વિદ્યાથી બાંગ્લાદેશથી પરત ફર્યા છે. વિદેશ મંત્રાલયે ગુરુવારે જણાવ્યું હતું કે, ભારતને આશા છે કે બાંગ્લાદેશમાં ટૂંક સમયમાં સ્થિતિ સામાન્ય બનશે. બાંગ્લાદેશની સરકાર સામે નોકરીમાં અનામત મુદ્દે સતત દેખાવો થઈ રહ્યા છે. પોલીસ અને યુનિવર્સિટીના વિદ્યાથીઓ વચ્ચે હિંસક અથડામણો ચાલુ છે ત્યારે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, "મને આશા છે કે સ્થિતિ ઝડપથી સામાન્ય બનશે." બાંગ્લાદેશમાં હિંસક અથડામણોને પગલે ૧૨૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. લોકો શેખ હસીનાની સરકાર પાસે વિવાદિત જોબ ક્વોટા સિસ્ટમ રદ કરવાની માંગણી કરી રહ્યા છે. ઢાકાથી મળેલા અહેવાલ મુજબ બુધવારથી સ્થિતિમાં સુધારો નોંધાયો છે.

# દેશનું ગૌરવ : સુરતના ૪૨ વર્ષીય કોન્સ્ટેબલ રેખાબેન વસાવાએ કઝાકિસ્તાનમાં યોજાયેલી 'વર્લ્ડ સ્ટ્રેન્થ લિફ્ટિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૪'માં મેળવ્યો ગોલ્ડ

### ૨૫ એપ્રિલથી વિધાનસભા પેટા ચૂંટણી માટે અને તા.૨૭ એપ્રિલથી લોકસભા સામાન્ય ચૂંટણી માટે EVMના કમિશનિંગની કામગીરી હાથ ધરવામાં આવશે










। (માહિતી) સુરત, તા.૨૬ ।

સુરતના ૪૨ વર્ષીય કોન્સ્ટેબલ રેખાબેન દિલીપભાઈ વસાવાએ ગત ૧૮ જુલાઈએ કઝાકિસ્તાનમાં યોજાયેલી ૧૧મી 'વર્લ્ડ સ્ટ્રેન્થ લિફ્ટિંગ ચેમ્પિયનશિપ-૨૦૨૪'માં ગોલ્ડ મેડલ મેળવી સુરત સહિત આખા દેશનું ગૌરવ વધાર્યું છે. રેખાબેન વસાવાએ માસ્ટર-૧માં ૮૦ કિ.ગ્રા. થી વધુ વજનની કેટેગરીમાં અન્ય દેશોના રમતવીરોને પછાડી સુવર્ણ પદક માટે પોતાની દાવેદારી નિશ્ચિત કરી હતી. 'age is just a number'.. આ વિધાનની પ્રત્યક્ષ પ્રતિતી કરાવતા રેખાબેન મૂળ ઉમરપાડા તાલુકાના બલાલકુવા ગામના વતની છે. રેખાબેન હાલ સુરતના મુખ્ય પોલીસ મથક ખાતે કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. તેઓ કહે છે કે, કંઈક કરી છૂટવા માટે ઉંમરની કોઈ બાધ નથી હોતી. રેખાબેને કહ્યું કે, હું પહેલા ટ્રાફિક બ્રિગેડમાં ફરજ બજાવતી હતી અને પોલીસની પરીક્ષા પાસ કર્યા બાદ છેલ્લા ૯ વર્ષથી કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાઉં છું. જેમાં છેલ્લા ૮ વર્ષથી સુરત ખાતે કાર્યરત છું. પોલીસ ખાતામાં દર વર્ષે રમાતા ડીજી કપમાં કબડ્ડી માટે રમતા બે વર્ષ પહેલા સ્ટ્રેન્થ લિફ્ટિંગના સિલેક્શનમાં ભાગ લઈ હું એમાં ઉત્તીર્ણ થઈ હતી. ત્યારથી જિલ્લા, રાજ્ય, રાષ્ટ્રીય અને વિશ્વ કક્ષાએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહી છું. યોગ્ય સાથ, સહકાર અને સલાહ સાથે કોઈ પણ સ્ત્રી મનગમતા ક્ષેત્રમાં સફળતા હાંસલ કરી શકે છે એમ જણાવતા રેખાબેન તેમની સફળતાનો શ્રેય પરિવાર અને સાથી મિત્રોને આપે છે. તેમણે કહ્યું કે, મારા પતિ અને બાળકોએ મને દરેક તબક્કે પ્રોત્સાહન આપ્યું છે. મારા ઓફિસના સાથી મિત્રો, અધિકારીઓ તેમજ પોલીસ કમિશનરશ્રીએ પણ હંમેશા મને આગળ વધવાની તક આપી છે. જેથી હું વિશ્વ સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરી સુવર્ણ ચંદ્રક મેળવી દેશનું ગૌરવ વધારવામાં સફળ થઈ. અને આગળ પણ કોમન વેલ્થ એશિયન ગેમ્સમાં ભારત માટે પ્રતિનિધિત્વ કરવાનું ધ્યેય રાખું છું. આ રમતમાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરવા માટેના પ્રયત્નો વિષે જણાવતા તેમણે કહ્યું કે, હું સૌથી વિશેષ ધ્યાન મારા ડાયેટ પર આપું છું. ડાયેટ અનુસાર પોષણક્ષમ ખોરાક મારા શ્રેષ્ઠ પ્રદર્શનમાં ઉપકારક નીવડ્યું છે. સાથે જ નિયમિત શારીરિક વ્યાયામ અને સ્ટ્રેન્થ લિફ્ટિંગની ટ્રેનિંગ પણ શરૂ જ હોય છે. રેખાબેન છેલ્લા ૨ વર્ષથી સ્ટ્રેન્થ લિફ્ટિંગ સાથે સંકળાયેલા છે. જેમાં તેમણે જિલ્લા, રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વ કક્ષાએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. રેખાબેનના પતિ ખાનગી શાળામાં પ્યુનની નોકરી કરે છે. અને બંને બાળકો અભ્યાસ કરે છે. આર્થિક રીતે નબળા પરિવારમાંથી આવતા રેખાબેન દરેક સ્ત્રી માટે પ્રેરણારૂપ છે. રેખાબેને સાબિત કર્યુ કે, દ્રઢ નિશ્ચય, સાચી નિષ્ઠા અને અવિરત મહેનત સાથે કરવામાં આવતું કોઈ પણ કામ સફળતાના શિખરો સર કરાવે છે.

# વડોદરા પાસે ફ્લાયઓવર પર ૪૦ મીટર લાંબા બ્રિજનું નિર્માણ કાર્ય પૂર્ણ

## બુલેટ ટ્રેન કોરિડોર ઊંચા પુલના માધ્યમથી વડોદરાના ગોરવા-મધુનગર ફ્લાયઓવર પરથી પસાર થઈ રહ્યો છે

। (એજન્સી) વડોદરા,તા.૨૬ ।

મુંબઈ- અમદાવાદ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેનનો પ્રોજેક્ટ પુરપાટ ગતિએ આગળ વધી રહ્યો છે. સમયાંતરે આ પ્રોજેક્ટના ડેવલોપમેન્ટની નવી વિગતો જાહેર થતી રહે છે. ત્યારે વડોદરા નજીક ફ્લાય ઓવર પર ૪૦ મીટર લાંબા બ્રિજનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું છે. બુલેટ ટ્રેન કોરિડોર ઊંચા પુલના માધ્યમથી વડોદરાના ગોરવા-મધુનગર ફ્લાયઓવર પરથી પસાર થઈ રહ્યો છે.



વડોદરાથી ૪ કિ.મી. દૂર અમદાવાદ તરફ ગોરવા-મહુધાનગર ફ્લાયઓવર પર મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોરના બ્રીજનું નિર્માણ કરવામાં આવ્યું છે. કોરિડોરનું વાયડક્ટ ફ્લાયઓવર પરથી પસાર થાય છે. ફ્લાય ઓવર પરથી પસાર થતાં વાહન ચાલકો અને બ્રીજ નિર્માણમાં જોડાયેલા કર્મીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ૧૦ દિવસના બ્લોકની અંદર આ બ્રીજનું નિર્માણ કરવામાં આવ્યું છે.૨૩ જુલાઈના રોજ ફ્લાયઓવર પર બ્રીજ નિર્માણનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું હતું. ફ્લાયઓવર પર વાયડક્ટ લોન્ચિંગની પ્રક્રિયા વડોદરા શહેર પોલીસની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.

લોન્ચિંગ પ્રક્રિયા દરમિયાન સુરક્ષાના ભાગરૂપે હાર્ડ બેરિકેડિંગ, ટ્રાફિક ડાયવર્ઝન સાઈન, રૂટ ડાયવર્ઝન સૂચના, પૂરતી માત્રા ટ્રાફિક માર્શલ અને રાત્રી દરમિયાન લાઈટિંગ સહિતની વ્યવસ્થા કરાઈ હતી. મુંબઈ- અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ૨૩ જુલાઈ ૨૦૨૪ ના રોજ વડોદરામાં ગોર્વા -માધુનાગર ફ્લાયઓવર પર ૪૦ -મીટર લાંબા પુલની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

બુલેટ ટ્રેન કોરિડોર ઊંચા પુલના માધ્યમથી વડોદરાના ગોરવા-મધુનગર ફ્લાયઓવર પરથી પસાર થઈ રહ્યો છે. આ ફ્લાયઓવર વડોદરા બુલેટ ટ્રેન સ્ટેશનથી અમદાવાદ તરફ આશરે ૪ કિ.મી.ના અંતરે આવેલો છે. ઝીણવટભર્યા આયોજન અને અમલીકરણની સચોટતા સાથે ફ્લાયઓવર પરનું લોકાર્પણ ૧૦ દિવસના નિયત સમયગાળામાં પૂર્ણ થયું હતું. ટ્રાફિક પોલીસ, વડોદરા શહેરની ઉપસ્થિતિમાં લોન્ચિંગ પ્રક્રિયા દરમિયાન હાર્ડ બેરિકેડિંગ, ટ્રાફિક ડાયવર્ઝનના સંકેતો, રૂટ ડાયવર્ઝન માહિતી પ્રકાશન, પૂરતા ટ્રાફિક માર્શલ અને રાત્રિના સમયે લાઈટિંગ વગેરે જેવી સલામતીની તમામ જરૂરી સાવચેતીઓને ધ્યાનમાં લેવામાં આવી હતી.

**મુખ્ય લાક્ષણિકતાઓ**

- ખંડોની સંખ્યા- ૧૭
- સ્પાનની લંબાઈ- ૪૦ મીટર
- થાંભલાની ઊંચાઈ- ૧૮ મીટર
- ફ્લાયઓવરથી ઊંચાઈ- ૮.૭ મીટર
- ફ્લાયઓવરની પહોળાઈ- ૧૬ મીટર
- કુલ સ્પાનનું વજન- ૧૦૭૮ મેટ્રિક ટન

### ગુજરાત સરકારે વધારો કર્યો

# જીવન રક્ષક આવશ્યક દવાઓના એસેન્સીયલ ડ્રગ લીસ્ટમાં વધારો

## સ્પેશિયલ ઉપચાર માટેની 33 દવાઓનો સમાવેશ કરાયો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૬ ।

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે જીવન રક્ષક આરોગ્ય દવાઓના એસેન્સિયલ ડ્રગ લીસ્ટ ૨૦૨૪-૨૫માં નવી ૬૬૫ દવાનો ઉમેરો કર્યો છે.

અગાઉ રાજ્ય સરકારના એસેન્સિયલ ડ્રગ લીસ્ટમાં ૭૧૭ દવાઓ હતી, જે હવે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૧૩૮૨ થઈ છે. રાજ્યના પ્રત્યેક દર્દીને શ્રેષ્ઠતમ સારવાર અને ગુણવત્તાયુક્ત દવાઓ ઉપલબ્ધ કરાવવી, એ જ અમારી સરકારની પ્રાથમિકતા છે. આ દવાઓ રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારના સબ સેન્ટરથી લઈને સિવિલ હોસ્પિટલ સુધીના તમામ આરોગ્ય કેન્દ્રો ખાતે નિઃશુલ્ક ઉપલબ્ધ થશે. રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે દવાઓની ખરીદી માટે એસેન્સિયલ ડ્રગ લીસ્ટને રીવાઈઝ કરવામાં આવે છે.

આ વર્ષે નવી ઉમેરાયેલી દવાઓમાં કેન્સર, એન્ટી કેન્સર, એન્ટી ઈન્ફેક્શન, હ્યદય રોગ, ડાયાબીટીશ, બી.પી. તેમજ કીડનીના રોગ સાથે સંકળાયેલી જીવન રક્ષક દવાઓ ઉમેરાઈ છે. રાજ્ય સરકારના એસેન્સિયલ ડ્રગ લીસ્ટમાં




પ્રાથમિક ઉપચારની ૩૦૮ દવાઓ, સેકન્ડરી ઉપચારની ૪૯૫ દવાઓ અને ટર્સરી ઉપચારની ૧૩૪૯ દવાઓ ઉપરાંત સ્પેશિયલ ઉપચાર માટેની ૩૩ દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ડ્રગ લીસ્ટમાં ૫૪૩ ટેબ્લેટ, ૩૩૧ ઈન્જેક્શન, ૩૦૦ સર્જીકલ અને ૨૦૮ અન્ય દવાઓનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૨-૨૩ના ડ્રગ લીસ્ટમાં કાર્ડીઓ વેસ્ક્યુલરની ૨૪ દવાઓ હતી, જે વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૧૧૭ થઈ છે. તેવી જ રીતે એન્ટી ઈન્ફેક્ટીવની દવાઓ ૧૨૦થી વધીને ૧૯૯, એન્ટી કેન્સરની ૧૩થી વધીને ૪૭, ન્યૂરોલોજીકલ અને સાઈકેટ્રીકની ૫૨થી વધીને ૧૨૩, આમ કુલ ૧૨ જેટલા રોગોની જીવન રક્ષક દવાઓમાં વધારો કરાયો છે.

### સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને આદેશ આપ્યો

# રાજ્યમાં જુના ધાર્મિક સ્થળોની કાયદેસરતા ચકાસવાના આદેશ

## રાજ્યના જાહેર માર્ગોની આસપાસ અને સરકારી જગ્યાઓમાં વધતા ધાર્મિક દબાણને લઈને આદેશ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૬ ।

રાજ્યમાં ધાર્મિક દબાણ એક સંવેદનશીલ અને જટિલ મુદ્દો છે, જે માત્ર ભક્તિ અને આસ્થાનો જ નહીં, પરંતુ રાજકારણનો પણ કેન્દ્ર બિંદુ છે. કોર્ટના આદેશથી, આ અંગેના વિવાદને નવી જ તીવ્રતા મળી છે. રાજ્યના તમામ ધાર્મિક સ્થળોની કાયદેસરતા પુરવાર કરવા માટે સંચાલકોને પુરાવા રજૂ કરવા જરૂરી છે.

સુપ્રીમ કોર્ટ દ્વારા જાહેર માર્ગોની આસપાસ અને સરકારી જગ્યાઓમાં વધતા ધાર્મિક દબાણને લઈને પગલાં લેવા રાજ્ય સરકારને આદેશ આપવામાં આવ્યો છે. આદેશના અનુસંધાને, સરકારી તંત્ર દ્વારા નોટિસ જારી કરીને મસ્જિદ, મંદિર, દરગાહ અને કબ્રસ્તાનના સંચાલકોને બોલાવવામાં આવ્યા છે. અંદાજે ૨૦,૦૦૦થી વધુ ધાર્મિક દબાણના કેસ રાજ્યમાં છે. સુપ્રીમ કોર્ટના આદેશને અનુરૂપ, રાજ્યના તમામ ધાર્મિક દબાણના સંચાલકોને નોટિસ આપી પુરાવા રજૂ કરવા માટે તાકીદ કરવામાં આવી છે. આ નોટિસથી રાજ્યમાં માહોલ ગરમાયો છે અને સંચાલકો વર્ષોથી ચાલતી ધાર્મિક પ્રવૃત્તિના પુરાવા સાથે તંત્ર સમક્ષ હાજર થઈ રહ્યા છે.



ગુજરાતમાં અનધિકૃત ધાર્મિક દબાણોના વિવાદ વર્ષોથી ચાલી રહ્યા છે. અનધિકૃત દબાણ દૂર કરવા માટે સરકાર સતત વહીવટી તંત્રને આદેશ કરતી રહી છે, પરંતુ આ મુદ્દો તંત્ર, ધર્મપ્રેમીઓ અને રાજકારણીઓ વચ્ચે અટવાયો છે. સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના આદેશને અનુરૂપ અને ૨૦૧૦ના ઠરાવ મુજબ, અનધિકૃત ધાર્મિક દબાણો દૂર કરવા આદેશ આપવામાં આવ્યા છે. ૨૨ જુલાઈ સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવાની મુદત છે. ગૃહ વિભાગે એપ્રિલ ૨૦૨૪ની ગાઈડલાઈન મુજબ સાત સભ્યોની કમિટીની રચના કરી છે અને વારંવાર બેઠક બોલાવવામાં આવી રહી છે.

### ભ્રષ્ટ્રાચાર કરનાર અધિકારીઓમાં ગભરાટ

# ભ્રષ્ટ્રાચારને નાથવા ગુજરાત સરકાર હવે કાયદો લાવશે

## વિધાનસભાના ચોમાસુ સત્રમાં વિધાયક આવે તેવી શક્યતા

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૬ ।

હાલ સમગ્ર દેશમાં દિવસેને દિવસે ભષ્ટ્રાચાર વધી રહ્યો છે. ત્યારે સરકાર તેને કાબુમાં લેવા સતત પ્રયત્નશીલ છે. તેના એક ભાગરૂપે ગુજરાત સરકાર પણ ભષ્ટ્રાચાર આચરતા અધિકારીઓ તેમજ કર્મચારીઓ માટે એક કાયદો બનાવી રહી છે. વિધાનસભાના ચોમાસુ સત્રમાં આ અંગેનું વિધેયક લાવવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે ૧૨ વર્ષ પહેલાં નિવૃત્ત થયેલા ભ્રષ્ટ અધિકારીઓની મિલકતો જપ્ત કરવાનો કાયદો બનાવ્યો હતો. રાજકોટના મહા ભ્રષ્ટાચારી પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયાના કિસ્સાથી ચોંકી ઉઠેલી સરકારે આગામી સત્રમાં વિધેયક લાવવાની તૈયારી શરૂ કરી છે. મનસુખ સાગઠિયા સામે અપ્રમાણસરની મિલકતનો કેસ પણ નોંધવામાં આવ્યો છે. સૂચિત કાયદામાં અપ્રમાણસર મિલકતનો કેસ દાખલ થતાં જ સરકાર તમામ સંપત્તિ અને મિલકતો જપ્ત કરી શકશે. ગુજરાતમાં સરકારી કચેરીઓ અને જિલ્લા વહીવટી તંત્રમાં ભ્રષ્ટાચારની ચૂંગાલમાં ફસાયેલા અધિકારી તેમજ કર્મચારીઓની સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે. ભ્રષ્ટ અધિકારીઓ તેમની ઉપરની કમાણીમાંથી કિંમતી જમીનો, ફાર્મ હાઉસ અને અન્ય મિલકતોમાં રોકાણ કરી રહ્યાં છે. આવા અધિકારીઓ સામે આવક કરતાં વધુ સંપત્તિના કેસ દાખલ થયા પછી મિલકતો જપ્ત કરવા કોર્ટ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. જો કે હવે કેસ દાખલ થયા પછી સરકાર અપ્રમાણસરની મિલકતો જપ્ત કરી શકશે. આ ઉપરાંત જામીન માટે પણ આકરા નિયમો ઘડવામાં આવી શકે છે. દેશમાં અગાઉ ૨૦૦૬માં ઓરિસ્સા સરકારે અને ૨૦૦૯માં બિહાર સરકારે આ અંગેના કાયદા પસાર કર્યા હતા. પરંતુ સુપ્રીમ કોર્ટમાં અરજી થતાં અટકાવી દેવાયા છે. સૂચિત કાયદામાં ભ્રષ્ટ અધિકારી જ નહીં પણ તેના પરિવારજનો અને ભળતા નામે ખરીદેલી મિલકતો પણ જપ્ત કરી શકાશે. ગુજરાતમાં એવા પણ કિસ્સા બન્યાં છે ફરજ દરમિયાન ભ્રષ્ટાચાર કર્યો હોય પરંતુ નિવૃત્તિ બાદ જે તે અધિકારી સામે કાર્યવાહી થતી હોય છે. કેન્દ્ર સરકારે ૧૨ વર્ષ પહેલાં બનાવેલો કાયદો નિવૃત્તિ પછી પણ અધિકારીની મિલકતો જપ્ત કરી શકે છે. ગુજરાત વિઝિલન્સ કમિશનના છેલ્લા રિપોર્ટમાં સચિવાલયના ૨૧ વિભાગોમાં ભ્રષ્ટાચારની કુલ ૧૨,૦૪૯ ફરિયાદ એક જ વર્ષમાં નોંધાઈ હતી જે પૈકી સૌથી વધુ ૨૯૯૬ ફરિયાદો શહેરી વિકાસ વિભાગની તેમજ ૧૭૩૫ ફરિયાદ મહેસૂલ વિભાગની હતી.

## વડોદરામાં બંધ મકાનની દિવાલ તૂટી પડતા ફફડાટ

। (એજન્સી) વડોદરા, તા.૨૬ ।

વડોદરા શહેરના કાલુપુરા સુધરાઈ સ્ટોર પાસે લીંબડી ફળિયાના બંધ મકાનની દિવાલ તૂટી પડતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો. જોકે કોઈ વ્યક્તિ હાજર નહિ હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. વડોદરા શહેરમાં મેઘરાજાએ મન મુકીને વરસતા ઠેર-ઠેર નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા છે. બીજી તરફ વરસાદમાં જર્જરિત મકાનો, સ્લેબ, ઝાડ, હોર્ડિંગ્સ તૂટી પડવાના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે રાત્રે ૧૨:૨૫ કલાકની આસપાસ કાળુપુરા સુધરાઈ સ્ટોર પાસે આવેલા લીંબડી ફળિયાના એક બંધ મકાનની દિવાલ તૂટી પડી હતી. દીવાલ તૂટવાના અવાજથી સ્થાનિક લોકો ભયભીત થયા હતા અને ઘરની બહાર દોડી આવ્યા હતા. સદનસીબે કોઈ જાનહાનિ નહિ થતા રાહતનો શ્વાસ લીધો હતો.

# ગુજરાતના ઘરોમાં PNG જોડાણની સંખ્યામાં પોણા બે લાખનો વધારો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ દ્વારા રજૂ કરાયેલા આંકડા અનુસાર ઓગસ્ટ ૨૦૨૩થી ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીમાં ગુજરાતમાં PNG કનેક્શનમાં પોણા બે લાખનો વધારો થયો છે.

વર્ષ ૨૦૭૦ સુધીમાં દેશના કાર્બન ઉત્સર્જનને નેટ ઝીરો કરવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને સાર્થક કરવાની દિશામાં, ગુજરાતની એક સક્રિય ભાગીદારી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં પર્યાવરણને અનુકૂળ નીતિઓ દ્વારા આર્થિક વિકાસ તરફ રાજ્ય અગ્રેસર છે. આ વિઝનને આગળ લઈ જવામાં, નેચરલ ગેસના બહોળા ઉપયોગને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે અને ગુજરાતના ઘરોમાં પાઈપ્ડ નેચરલ ગેસ કનેક્શનની (PNG) સંખ્યા ઝડપથી વધી રહી છે.

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ દ્વારા રજૂ કરાયેલા આંકડા અનુસાર ઓગસ્ટ ૨૦૨૩થી ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીમાં ગુજરાતમાં PNG કનેક્શનમાં પોણા બે લાખનો વધારો થયો છે. જુલાઈ ૩૧, ૨૦૨૩ સુધીમાં, ગુજરાતમાં ડોમેસ્ટિક PNG કનેક્શનની સંખ્યા ૩,૦૭૮,૧૬૨ હતી જે ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪માં ૩૨,૫૩,૧૭૫ સુધી પહોંચી ગઈ છે. આ સાત મહિનામાં ૫.૬%ના વધારા સાથે કુલ ૧૭૫,૦૧૩ કનેક્શનનો વધારો થયો છે, જે ઘરગથ્થુ વપરાશમાં એક નોંધપાત્ર પ્રગતિ છે.

વ્યવસાયિક અને ઔદ્યોગિક PNG કનેક્શનમાં ગુજરાત દેશમાં ટોપ પરઃ વ્યવસાયિક તેમજ ઔદ્યોગિક PNG કનેક્શનની સંખ્યામાં ગુજરાત સમગ્ર દેશમાં ટોપ પર છે. ગુજરાતમાં અત્યારે ૨૩,૪૪૫ વ્યવસાયિક તેમજ ૫૭૮૬ ઔદ્યોગિક PNG કનેક્શન છે. આ સંખ્યા બાકીના રાજ્યો કરતા નોંધપાત્ર રીતે વધારે છે.

આ સિદ્ધિ અંગે ગુજરાતના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, "આપણા દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદીજીએ જ્યારે ગુજરાતનું સુકાન સંભાળ્યું હતું ત્યારે તેમણે ગુજરાતના વિકાસ માટે અનેકવિદ પ્રયાસો શરૂ કર્યા હતા. તેમાં ખાસ કરીને ક્લાયમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ તેમણે સૌપ્રથમ ગુજરાતમાં શરૂ કર્યું અને સાથે ગુજરાતને સોલાર પોલિસીની ભેટ આપી. આ તમામ પ્રયત્નો પર્યાવરણની રક્ષા કરવા માટેના હતા. આજે આપણા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એ પ્રયાસોને આગળ વધારી રહ્યા છે. ખાસ એક વાતની નોંધ આપણે લેવી જોઈએ કે છેલ્લા સાત મહિનામાં ગુજરાતના ઘરોમાં PNG કનેક્શનની સંખ્યામાં પોણા બે લાખનો વધારો થયો છે. વ્યવસાયિક અને ઔદ્યોગિક ગેસ કનેક્શનની સંખ્યામાં પણ ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ નંબરે છે. આ નોંધપાત્ર પ્રગતિ છે અને વડાપ્રધાનશ્રીના વર્ષ ૨૦૭૦ સુધી કાર્બન ઉત્સર્જનને નેટ ઝીરો કરવાના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં ગુજરાત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાનીમાં સુંદર રીતે પ્રગતિ કરી રહ્યું છે."

આજે ગુજરાતના તમામ જિલ્લાઓમાં PNG નેટવર્ક પહોંચાડવામાં સફળતા મળી છે. ગુજરાત સરકારના જાહેર ક્ષેત્રના એકમ ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન (GSPC) હસ્તકની ગુજરાતની અગ્રણી કંપની ગુજરાત ગેસ લિમિટેડના (GGL) પાઈપલાઈન નેટવર્કમાં છેલ્લા દસ વર્ષમાં ૧૫૮ ટકાનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૪ના માર્ચ મહિનામાં GGનું નેટવર્ક ૧૩,૫૧૭ કિલોમીટર હતું જે માર્ચ ૨૦૨૪ સુધી વધીને ૩૪,૮૩૨ કિલોમીટર સુધી પહોંચ્યું છે.

## અમદાવાદ મંડળ પર રેલવે ટિકિટ ભાડાની ચુકવણી માટે ઊઇ કોડની સુવિધા




। અમદાવાદ, તા.૨૬ ।

માનનીય વડાપ્રધાનના ડિજિટલ ઈન્ડિયાના વિઝનને અનુરૂપ તથા રેલવે બોર્ડના નિર્દેશ પર અમદાવાદ મંડળના તમામ કાઉન્ટરો પર ક્યૂઆર કોડ ડિવાઈસ લગાવવાનું કામ પ્રગતિ પર છે. રેલવે યાત્રીઓને ટિકિટ ભાડાની ચુકવણી કરવા માટે ઊઇ કોડ ડિજિટલ માધ્યમની સુવિધા પ્રદાન કરવામાં આવી રહી છે. આ નવી શરૂઆત હેઠળ ઊઇ કોડ-ડિજિટલ માધ્યમને અમદાવાદ મંડળના વિવિધ મુખ્ય સ્ટેશનો જેમાં અમદાવાદ, મણીનગર, અસારવા તથા વટવા સ્ટેશનોના તમામ અનરિઝર્વ્ડ ટિકિટ કાઉન્ટરો પર ક્યૂઆર કોડ મારફતે અનરિઝર્વ્ડ ટિકિટની ચુકવણી સ્વીકાર કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવી દેવામાં આવી છે તથા મંડળના અન્ય તમામ સ્ટેશનો પર પણ અનરિઝર્વ્ડ તથા રિઝર્વ્ડ કાઉન્ટરો પર વહેલી તકે ક્યૂઆર કોડના માધ્યમથી ચુકવણીની સુવિધા ઉપલબ્ધ કરાવી દેવામાં આવશે.

રેલવે યાત્રીઓને હવે ટિકિટ ભાડું ચુકવવા માટે UTS મોબાઈલ એપ, ATVM (ઊઇ કોડની સુવિધા સહિત), POS અને UPI જેવા ડિજિટલ ચુકવણીના વિવિધ વિકલ્પો પહેલાથી ઉપલબ્ધ છે. આ પ્રકારની ડિજિટલ ચુકવણી સિસ્ટમને વધુ ઉપયોગી અને સુગમ બનાવવાના ઉદ્દેશથી અમદાવાદ મંડળે આનો વિસ્તાર કર્યો છે. આ નવી ડિજિટલ ચુકવણી સિસ્ટમ ઊઇ કોડ મારફતે ટિકિટ ભાડાની ચુકવણી કરવા માટે યાત્રીઓને વધારે સુગમતા પ્રદાન કરશે. આની મારફતે કોઈપણ યાત્રી વગર કોઈ મૂશ્કેલી વગર અને સરળતાથી પોતાના ટિકિટ ભાડાની ચુકવણી કરી શકે છે.

આ પ્રયાસ રેલવે યાત્રીઓને વધારે સુવિધાજનક અને સુગમ યાત્રાનો અનુભવ કરાવવા માટે એક પ્રોત્સાહન છે અને આની મારફતે ડિજિટલ ચુકવણી માટે સરળ અને સુરક્ષિત વિકલ્પ ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે. યાત્રીઓને વિનંતી છે કે ડિજિટલ પદ્ધતિથી ભાડાની ચુકવણી કરવા માટે ક્યૂઆર કોડનો ઉપયોગ કરે.

## ધોરાજી-ઉપલેટા તાલુકામાં વરસાદથી જનજીવન ખોરવાયું

। (એજન્સી) ધોરાજી, તા.૨૬ ।

ધોરાજી-ઉપલેટા તાલુકામાં અતિવૃષ્ટિ,મેઘકહેરના કારણે જનજીવન ત્રાહિમામ પોકારી ગયું છે. હવે બધા મેઘરાજાને ખમૈયા કરો એવી વિનવણી કરી રહ્યા છે. કપરી હાલતમાં ઉપલેટા તાલુકામાં કલેકટરે મુલાકાત લીધી છે પણ ધોરાજી તાલુકામાં એક પણ અધિકારી ન ફરકતાં તેમજ ધોરાજીમાં મળેલી બેઠકમાં ગ્રામ્ય આગેવાનો સાથે વિચાર વિનિમય ન કરતા તેમજ મીડિયા કર્મીઓને બેઠકમાં ન બોલાવતા નિંભર અને સંવેદનાહિન તંત્ર સામે ભારે નારાજગી થઈ છે. ધોરાજી તાલુકાના છાડવા વદરમાં ૫૮ ઈંચ અને ચીચોડ ગામે ૫ દિવસમાં ૮૦ ઈંચ વરસાદ વરસી જવા છતાં નથી.

### ગુજરાત હાઈકોર્ટે સરકાર ને કર્યો સવાલ

# પોલીસની ભરતી બાબતે શા માટે બેવડી નીતિ રાખો છો ?

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

ગુજરાત સરકારનો આજે ગુજરાત હાઈકોર્ટે પોલીસની ભરતી મામલે ઉધડો લીધો હતો. હાઈકોર્ટે સરકારને સવાલ કર્યો હતો કે, પોલીસ ભરતી મુદ્દે સરકાર બેવડી નીતિ કેમ રાખે છે ? ૨૫૨ પોલીસ અધિકારીની બઢતી અને અન્ય ભરતી બાકી કેમ છે અને સરકાર પોલીસ કર્મીઓની ભરતી ઝડપી નહીં કરે પરંતુ બઢતી તરત કેમ કરે છે તેવો સવાલ પણ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે છેલ્લા ઘણા સમયથી ગુજરાત સરકારે પોલીસ કર્મચારીઓની ભરતી કરી નથી. તેના પગલે સ્ટાફની પણ હાલ ભારે અછત છે. બઢતી અને ભરતી નિયમ કોને બનાવ્યો તેનો ખુલાસો આપવા કોર્ટે સરકારને આદેશ કર્યો હતો. કોર્ટે જણાવ્યું હતું પોલીસ ભરતી પ્રક્રિયાનો મુદ્દો કોર્ટમાં પેન્ડિંગ છે. જ્યારે અનેક લોકો આશા રાખી બેઠા છે. તો બીજી તરફ બઢતીના આદેશ ઝડપી થાય તેવી બેવડી નીતિ હોવાનું કોર્ટે અવલોકન કર્યું હતું

અરજદારના વકીલ હાર્દિક બ્રહ્મભટ્ટ કહ્યું કે, સરકારે કોર્ટમાં કહ્યું હતું કે, અમે પોલીસ અધિકારીઓને બઢતી આપવા માંગીએ છીએ પરંતુ અમે GPSCની મંજૂરી માંગી છે અને જે પ્રક્રિયા ચાલી રહી છે.

જ્યારે કોર્ટે કહ્યું કે, તમારી પાસે પોતાનો ભરતી બોર્ડ છે તો પછી તમે GPSC પર કેમ આધાર રાખો છો, બઢતી અને ભરતી માટે એક જ બોર્ડ હોવું જોઈએ તેવું પણ કોર્ટ ટાંક્યું હતું તેવી વિગતો હાર્દિક બ્રહ્મભટ્ટે આપી હતી.

### ફાયર સેફ્ટી મુદ્દે હાઈકોર્ટે સરકારની ઝાટકણી કાઢી

# ફાયર સેફ્ટીનાં પગલાં લો પણ વધુ પડતી કાર્યવાહી યોગ્ય નથી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।

રાજકોટની અગ્નિકાંડની ઘટના બાદ ફાયર સેફટી મુદ્દે હાઈકોર્ટે સરકારની ઝાટકણી કાઢી હતી. સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું હતું કે, ફાયર સેફટી નહીં હોવાથી તંત્રએ પ્રી સ્કૂલો બંધ કરાવી દીધી છે અને કોઈ નોટીસ કે સમય આપવામાં આવ્યો નથી. સરકારે પણ ફાયર સેફટીનો અમલ થાય તે માટે કોઈ જાહેરનામું કે સૂચનાઓ જાહેર કરી નથી. તમને સ્કૂલોમાં ફાયર સેફટીની સુવિધાઓની તપાસ કરવા માટેના નિર્દેશ આપ્યા છે. તંત્રએ વધારે પડતા પાવરનો ઉપયોગ કરવો નહીં. કોર્ટે આદેશ કર્યો એટલે તરત વધુ પડતા કડક એક્શનમાં આવ્યાં છો.અમે અમે તમને સ્કૂલોમાં ફાયર સેફટીનો અમલ કરાવવા કહ્યું હતુ સ્કૂલો બંધ કરાવવા નહીં. સુનાવણી દરમિયાન એડવોકેટ જનરલે કોર્ટને કહ્યું કે, રાજ્યમાં કોઈ સ્કૂલ બંધ કરાવવામાં આવી નથી. અમે કોઈ શાળાને બંધ કરવા કહ્યું નથી. ફાયર સેફટી મુદ્દે કોઈ શાળાઓ બંધ કરાશે નહીં. જે શાળાની વાત છે તેની છત ઉપર મોટી ટાંકી રહી ના શકે, જેથી સુરક્ષા માટે નીચે સિન્ટેક્સની ટાંકી મૂકવા કહ્યું હતું. સમજણમાં કોઈ ભૂલ થઈ લાગે છે. અમે ફક્ત શાળાઓમાં ફાયર સેફટી ઝડપથી લાગે તે માટે પ્રયત્ન કરીએ છીએ. કોર્ટે કોર્ટે કહ્યું હતું કે, અધિકારીઓ બેસીને એક ગાઈડલાઈન બનાવે અને તેનો અમલ કરાવે.તમને એક સમયગાળામાં શાળાઓમાં ફાયર સેફટી મુદ્દે તપાસ કરી અહેવાલ સુપરત કરવા જણાવ્યું છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨